દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 155 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 July 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૨ જુલાઈ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦


ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મંડીમાં ચાર જગ્યાએ વાદળ ફાટવાથી ભારે તબાહી










**વાદળ ફાટ્યુંઃ** હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં મંગળવારે વાદળ ફાટતાં બ્યાસ અને સુકેતી નદીઓના સંગમ ખાતે આવેલાં પૂરનાં પાણી પંચવક્ત્ર મહાદેવ મંદિરની આસપાસ ફરી વળ્યાં હતાં. ભારે વરસાદને લીધે મંડી જિલ્લામાં જાનમાલને ભારે હાનિ થઇ હતી અને અનેક સ્થળે ભેખડો ધસી પડવાથી રસ્તા બંધ થઇ ગયા હતા. (પીટીઆઇ)

## ઘર, રોડ અને પુલ વહી ગયા : ચાર જણનાં મોત, રૂ. ૮૦૦ કરોડની સંપત્તિને નુકસાન

મંડી : હિમાચલ પ્રદેશમાં ધોધમાર વરસાદ પડવાથી અને વાદળ ફાટવાથી મોટી તારાજી થઈ છે. મંડીમાં ચાર જગ્યાએ વાદળ ફાટવાથી મોટું નુકસાન થયું છે. મંડીના કરસોગ અને ધર્મપુરમાં વાદળ ફાટવાથી ચાર જણનાં મોત થયા હતા અને ૧૬ જણ ગૂમ થયા હતા. ૧૧૭ જણને બચાવી લેવામાં આવ્યા હતા. રોડ, પુલ અને ઘર વહી ગયા હતા અને આફતનો વરસાદ હજી અટક્યો નથી. ૧૮ ઘર, ૧૨ ગોશાળા અને ૩૦ ઢોર વહી ગયા હતા. ગોહર વિસ્તારમાં ચાર જગ્યાએ વાદળ ફાટ્યા હતા. મેઘરાજાએ મંડી જિલ્લા પર કાળો કેર વરસાવ્યો હતો. આખા રાજ્યમાં પહેલા બે અઠવાડિયામાં ૮૦૦ કરોડ રૂપિયાની સંપત્તિને નુકસાન થયું હતું. જૂનમાં ૩૭ ટકા વધારે વરસાદ પડ્યો છે અને છ જુલાઈ સુધી મુશળધાર વરસાદનો દોર ચાલુ રહેશે એવી આગાહી છે. બે અને ત્રણ જુલાઈમાં મોટા ભાગના વિસ્તારમાં વરસાદ પડવાની આગાહી છે. રાજ્યમાં જિલ્લા મંડી, કાંગડા, બિલાસપુર, ચંબા, સોલન, શિમલામાં સરેરાશ કરતાં વધારે વરસાદ પડ્યો હતો. મંડી જિલ્લામાં પંડોહમાં ૧૨૩, મંડીમાં ૧૨૦, શિમલામાં ૧૧૦ અને પાલમપુરમાં ૮૦ મિલીમીટર વરસાદ પડ્યો હતો.

ઉના, બિલાસપુર, હમીરપુરસ તંબા, રાંગડામાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

પંડોહ ડેમમાથી એક લાખ પચાસ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આને લીધે પંડોહ બજારમાં સોમવારે રાત્રે પાણી ભરવાને લીધે ભાગદોડ જેવી સ્થિતિ બની હતી. મંડીમાં ભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જિલ્લામાં શાળા-કૉલેજ મંગળવારે બંધ રહ્યા હતા. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ જણ મરણ પામ્યા હતા. આ મોસમમાં કુલ ૨૦ જણના મરણ થયા હતા. વરસાદે કાળો કેર થુનાગ, કરસોગ અને કુકલાહમાં ફેલાવ્યો છે, અહીં રોડ અને પુલ વહી ગયા છે. વાદળો ફાટ્યા છે અને નદીનાળોમાં પૂર આવ્યું છે.

હિમાચલ પ્રદેશના સોલનમાં ચંડીગઢ-શિમલા નેશનલ હાઈવ પર ચક્કી ટર્નમાં પહાડથી ભેખડ પડી રહી છે. આને કારણે ટ્રાફિક વારંવાર બંધ થઈ જાય છે.



## વર્ષ ૨૦૪માં પ્રવેશ



ઐતિહાસિક અખબાર ‘મુંબઈ સમાચાર’ના ૨૦૪મા જન્મદિવસ નિમિત્તે મંગળવારે મુંબઈના નહેરુ સેન્ટરમાં આયોજિત કાર્યક્રમમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે વિશેષ અતિથિ તરીકે હાજરી આપી હતી અને ‘મુંબઈ સમાચાર’ને ભવિષ્યની શુભેચ્છા આપી હતી. તેમનું સન્માન ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવે અને ઘાટકોપરના વિધાનસભ્ય પરાગ શાહને હસ્તે કરવામાં આવ્યું હતું. (જયપ્રકાશ કેળકર)

## તેલંગણા ફાર્મા પ્લાન્ટ વિસ્ફોટઃ મરણાંક વધીને ૩૫

તેલંગણાઃ તેલંગણાના પાશામાયલારામસ્થિત સિગાચી ઈન્ડસ્ટ્રીઝના પ્લાન્ટમાં સોમવારે થયેલા વિસ્ફોટનો મરણાંક વધીને ૩૫ થયો હોવાનું પોલીસે મંગળવારે કહ્યું હતું.

તેલંગણા સરકાર અને સિગાચી ઈન્ડસ્ટ્રીઝનું મેનેજમેન્ટ પ્રત્યેક મૃતકના પરિવારજનોને વળતર તરીકે એક કરોડ રૂપિયા આપશે અને ઈજાગ્રસ્તોની સારવારનો તમામ ખર્ચ ઊપાડી લેશે, એમ મુખ્ય પ્રધાન રેવન્થા રેડ્ડીએ કહ્યું હતું. ડીએસપી પારિતોષ પંકજે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે વિસ્ફોટનો મરણાંક વધીને ૩૫ થયો છે. જોકે તેઓ વધુ વિગતો આપી શક્યા નહોતા.

કાટમાળ ખસેડતી વખતે અનેક મૃતદેહ મળી આવ્યા હતા. કાટમાળ હેઠળથી ૩૧ મૃતદેહ શોધી કાઢવામાં આવ્યા હતા તો ત્રણ જણનું સારવાર દરમિયાન હૉસ્પિટલમાં મોત થયું હતું. બચાવ કામગીરીનો છેલ્લો તબક્કો ચાલી રહ્યો છે, એમ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાન એ. રેવન્થા રેડ્ડીએ કેબિનેટના સાથી સભ્યો સાથે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. મિયાપુરસ્થિત પ્રણામ હૉસ્પિટલના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે સોમવારે દાઝી ગયેલા અને માથામાં ઈજા ધરાવતા ૨૧ દરદીને હૉસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

જોકે તેમાંથી બે જણને મૃત જાહેર કરવામાં આવ્યા હતા તો એક જણનું મંગળવારે સવારે મૃત્યુ થયું હતું.

પાતાન્ચેરુસ્થિત ધ્રુવ હૉસ્પિટલના વરિષ્ઠ અધિકારીના જણાવ્યાનુસાર સોમવારે અમારે ત્યાં ૧૧ દરદીને દાખલ કરવામાં આવ્યા હતા જેમાંથી બે દરદીને સુપરસ્પેસિયાલિટી હૉસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

બાકીના નવ દરદીમાંથી પાંચ વેન્ટીલેટર પર છે. સાત દરદી ૪૦થી ૮૦ ટકા તો બે દરદી ૧૦ ટકા જેટલા દાઝી ગયા હોવાનું તેમણે કહ્યું હતું.

મહેસૂલ ખાતાના અધિકારીઓના જણાવ્યાનુસાર મૃતકોમાંથી નવની ઓળખ થઈ ગઈ છે તો બાકીનાની ઓળખ માટે ડીએનએ ટૅસ્ટ કરવો જરૂરી છે.

મૃતકોમાંથી મોટાભાગના અન્ય રાજ્યના છે જેમાં ઓડિશા, પ. બંગાળ અને બિહારના લોકોનો સમાવેશ થાય છે.

રાસાયણિક પ્રક્રિયાને કારણે આ જીવલેણ વિસ્ફોટ થયો હોવાની શંકા સેવાઈ રહી છે. (એજન્સી)

## બે વર્ષમાં ૩.૫ કરોડ નવી નોકરી ઊભી કરાશે

### સ્પોર્ટ્સ વિશ્વમાં દેશને ટોચના પાંચમા સ્થાન અપાવવાની નીતિ જાહેર

### રમતોને શાળાના અભ્યાસક્રમનો ભાગ બનાવાશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે એમ્પ્લોઇસ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (ઇપીએફઓ) દ્વારા ચલાવાતી સોશિયલ સિક્યોરિટી સ્કીમ્સથી આગામી બે વર્ષમાં ૩.૫ કરોડ નવી રોજગારી ઊભી કરવા રૂપિયા ૧.૦૭ લાખ કરોડના ખર્ચની જોગવાઇ ધરાવતી ‘એમ્પ્લોઇમેન્ટ લિંક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ’ને મંગળવારે મંજૂરી આપી હતી.

આ ઉપરાંત, ખાનગી ક્ષેત્રે રોકાણ અને સંશોધનને વધારવા માટે રૂપિયા એક લાખ કરોડના ભંડોળ સાથેની ‘રિસર્ચ, ડેવલપમેન્ટ ઍન્ડ ઇનોવેશન સ્કીમ’ને પણ કેન્દ્રના પ્રધાનમંડળે બહાલી આપી હતી.

ભારતને સ્પોર્ટ્સ વિશ્વમાં ટોચના પાંચમાં સ્થાન અપાવવાની ‘ખેલો ભારત નીતિ’ જાહેર કરાઇ હતી. ભારતને ૨૦૩૬ની ઑલિમ્પિક્સનું યજમાનપદ મળવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને શાળાઓના અભ્યાસક્રમમાં સ્પોર્ટ્સને સમાવી લેવાનું અને તેના માટે ફિઝિકલ એજ્યુકેશન (શારીરિક શિક્ષણ)ના શિક્ષકોને ખાસ તાલીમ આપવાનું નક્કી કરાયું હતું. સ્પોર્ટ્સ પ્રધાન મનસુખ માંડવિયાએ


(જુઓ પાનું ૨) ▸▸


## જીએસટી કલેક્શન છ ટકા વધ્યું

નવી દિલ્હી : જૂનમાં ગ્રોસ જીએસટી કલેક્શન ૬.૨ ટકા વધીને ૧.૮૪ લાખ કરોડ રૂપિયા થયું છે. જોકે અગાઉના બે મહિનાની સરખામણીમાં આ કલેક્શન બે લાખ કરોડ રૂપિયાથી નીચે જતું રહ્યું છે.

સરકારે મંગળવારે આપેલી માહિતી પ્રમાણે એક વર્ષ અગાઉ ગ્રોસ જીએસટી કલેક્શન ૧,૭૩,૮૧૩ કરોડ રૂપિયા હતું. મેમાં ગુડ્સ એન્ડ સર્વિસીસ (જીએસટી) કલેક્શન ૨.૦૧ લાખ કરોડ રૂપિયા હતું. આ વર્ષના એપ્રિલ મહિનામાં કલેક્શન વિક્રમી સ્તરે પહોંચી ગયું હતું. ત્યારે કલેક્શન ૨.૩૭ લાખ કરોડ રૂપિયા હતું.

જૂનમાં ડોમેસ્ટિક ટ્રાન્ઝેકશન ૪.૬ ટકા વધીને ૧.૩૮ લાખ કરોડ રૂપિયા હતું. બીજી બાજુ આયાતની કુલ કમાણી ૧૧.૪ ટકા વધીને રૂપિયા ૪૫,૬૯૦ ક્રોડ થઈ હતી.

જૂનમાં ગ્રોસ સેન્ટ્રલ જીએસટી રેવેન્યુ ૩૪,૫૫૮ કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી રેવેન્યુ ૪૩,૨૬૮ લાખ કરોડ રૂપિયા હતું. ઈન્ટિગ્રેટેડ જીએસટી ૯૩,૨૮૦ લાખ કરોડ હતું. સેસમાંથી ૧૩,૪૯૧ કરોડ રૂપિયાની આવક થઈ હતી.

દરમિયાન આ મહિના દરમિયાન કુલ રીફન્ડ ૨૮.૪ ટકા વધીને ૨૫,૪૯૧ કરોડ રૂપિયા હતું.

નેટ જીએસટી કલેક્શન ૧.૫૯ લાખ કરોડ હતું અને વર્ષવાર


(જુઓ પાનું ૨) ▸▸


## નવી ડિજિટલ ક્રાંતિ માટે સૌની મીટ ભારત પરઃ મોદી

### ‘દેશમાં ફાઈવ-જી ટૅક્નોલૉજી સૌથી ઝડપથી ફેલાઈ રહી છે’

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે દાવો કર્યો હતો કે નવી ડિજિટલ ક્રાંતિ માટે સૌની મીટ ભારત પર છે. ભારતમાં ફાઇવ-જી ટૅક્નોલૉજી વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં સૌથી ઝડપથી ફેલાઇ રહી છે. માત્ર બે વર્ષમાં ૪.૮૧ લાખ ‘બૅસ સ્ટેશન’ શરૂ કરાયાં હતાં. ગલવાન, સિયાચેન અને લદાખ જેવી ઊંચાઇએ આવેલી સરહદની લશ્કરી ચોકીઓ, ગ્રામીણ અંતરિયાળ વિસ્તારો અને નાનાં-મોટાં શહેરોમાં હાઇ-સ્પીડ ઇન્ટરનેટ સેવા ઉપલબ્ધ છે. દેશમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ - એઆઇ (કૃત્રિમ બુદ્ધિમત્તા)નો ઝડપી વિકાસ થઇ રહ્યો છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશમાં ૨૦૧૪માં અંદાજે પચીસ કરોડ ઇન્ટરનેટ જોડાણ હતાં, પરંતુ હાલમાં આ સંખ્યા વધીને ૯૭ કરોડથી વધી ગઇ છે. દેશમાં ઇન્ટરનેટ જોડાણ માટે ૪૨ લાખ કિલોમીટર લાંબા ઑપ્ટિકલ ફાઇબર કેબલ પથરાયેલા છે, જે પૃથ્વી અને ચંદ્ર વચ્ચેના અંતરના ૧૧ ગણું છે.

મોદીએ ‘લિંકડિન’ પરની પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે દેશમાં ડિજિટલ ઇન્ડિયા ઇનિશિએટિવ એક દાયકામાં મોટી ક્રાંતિ લાવ્યું છે. દેશમાં ૨૦૧૪ સુધીમાં બહુ ઓછી સરકારી સેવા ઓનલાઇન ઉપલબ્ધ હતી, પણ હાલમાં મોટા ભાગની સરકારી સેવા ઓનલાઇન


(જુઓ પાનું ૨) ▸▸








એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કૉંગ્રેસને ઘરડા નેતાઓનું વળગણ નથી છૂટતું

**કર્ણાટકમાં** મુખ્ય મંત્રીપદના મામલે પાછો ભડકો થયો છે અને વર્તમાન મુખ્યમંત્રી સિદ્ધરામૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારનાં જૂથ સામસામે આવી ગયાં છે. ડી.કે. શિવકુમારના નજીક મનાતા ધારાસભ્ય ઇકબાલ હુસૈને દાવો કર્યો હતો કે, કૉંગ્રેસના લગભગ ૧૦૦ ધારાસભ્યો મુખ્યમંત્રી બદલવા માગે છે અને શિવકુમારને મુખ્યમંત્રી બનાવવા માગે છે. ઇકબાલ હુસૈને તો એમ પણ કહ્યું કે, નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારને આગામી બે-ત્રણ મહિનામાં રાજ્યના મુખ્યમંત્રી બનવાની તક મળી શકે છે. હુસૈને તો ચેતવણી પણ આપી કે, મુખ્યમંત્રી બદલાશે નહીં તો કૉંગ્રેસ ૨૦૨૮ની ચૂંટણી જીતી શકશે નહીં.

કર્ણાટકમાં થયેલા ભડકાને પગલે કૉંગ્રેસે કર્ણાટકના પ્રભારી રણદીપ સિંહ સૂરજેવાલાને બેંગલુરુ દોડાવવા પડ્યા છે. સૂરજેવાલા કૉંગ્રેસના ધારાસભ્યો સાથે સતત બેઠકો કરી રહ્યા છે અને આ ભવાડાને બંધ કરાવવા માટે મથી રહ્યા છે પણ ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમારના ગ્રૂપના ધારાસભ્યો જે રીતે ભડકેલા છે એ જોતાં મુખ્યમંત્રી બદલવામાં નહીં આવે તો કૉંગ્રેસમાં ભંગાણ પડી શકે છે.

શિવકુમારની નજીકના ધારાસભ્યોનું કહેવું છે કે, શિવકુમારે પાર્ટી માટે દિવસ-રાત મહેનત કરી છે તેથી હવે તેમને મુખ્યમંત્રી બનવાની તક મળવી જોઈએ. શિવકુમારે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસની ભવ્ય જીતમાં સૌથી મહત્ત્વનું યોગદાન આપેલું અને એ વખતે જ શિવકુમાર મુખ્યમંત્રી પદ માટે મજબૂત દાવેદાર હતા પણ પાર્ટી હાઇકમાન્ડના કહેવાથી તેમણે ડેપ્યુટી સીએમ અને પ્રદેશ પ્રમુખની જવાબદારી સ્વીકારી હતી. શિવકુમાર અને તેમના જૂથે એ વખતે હાઈકમાન્ડનું માન રાખેલું તો હવે હાઈકમાન્ડે ધારાસભ્યોની લાગણી સમજવી જોઈએ એવો શિવકુમારના જૂથનો સૂર છે.

બીજી તરફ સિદ્ધરામૈયા પોતાની જ તાનમાં મસ્ત છે અને કૉંગ્રેસ નેતાગીરી પણ ઢાંકપિછોડો કરવામાં લાગી છે. રણદીપ સુરજેવાલા સોમવારે બેંગલુરુ પહોંચ્યા તેનું કારણ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી ગ્રૂપનો ઝઘડો છે એવું ખુદ શિવકુમાર જૂથના ધારાસભ્યો કહે છે ત્યારે સૂરજેવાલાનું કહેવું છે કે, સિદ્ધરામૈયા અને શિવકુમાર વચ્ચે કોઈ મતભેદ નથી અને તેમની મુલાકાત તો સંગઠન સમીક્ષા માટે છે. સૂરજેવાલાએ તો નેતૃત્વ પરિવર્તનની વાતને કાલ્પનિક પણ ગણાવી છે. સિદ્ધારમૈયા પણ કોઈ ડખો હોવાનું સ્વીકારવા તૈયાર નથી. તેમણે પણ એ જ રેકર્ડ વગાડી કે, પોતાની સરકાર પાંચ વર્ષ સુધી પહાડની જેમ ટકવાની છે ને કોઈ તેને હલાવી નહીં શકે.

મજાની વાત પાછી એ છે કે, કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાની માગ ઊઠી રહી છે એ વાતને કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ આડતરું સમર્થન આપ્યું છે. ખડગેના કહેવા પ્રમાણે, આ નિર્ણય લેવાનો અધિકાર હાઇકમાન્ડ પાસે છે અને હાઇકમાન્ડના મનમાં શું ચાલી રહ્યું છે તે કહી શકાય નહીં.

સૂરજેવાલા, સિદ્ધરામૈયા અને ખડગેનાં નિવેદનો એ વાતનો પુરાવો છે કે, કૉંગ્રેસમાં લશ્કર ક્યાં લડે છે તેની કોઈને ખબર જ નથી. સિદ્ધરામૈયા અને સૂરજેવાલા અલગ અલગ વાજાં વગાડી રહ્યા છે અને લોકોને બેવકૂફ બનાવવા મથી રહ્યા છે. સૂરજેવાલા ઉઠાં ભણાવતા હોય એમ પોતાની મુલાકાતને સંગઠન સમીક્ષા ગણાવે છે પણ સવાલ એ છે કે, અત્યાર લગી કૉંગ્રેસે સંગઠનની સમીક્ષા કેમ ના કરી ?

મજાની વાત પાછી એ છે કે, સંગઠનની સમીક્ષા માટે સૂરજેવાલા સંગઠનના હોદ્દેદારોને મળી નથી રહ્યા પણ ધારાસભ્યોને મળી રહ્યા છે. રણદીપ સૂરજેવાલા સોમવારે અને મંગળવાર બંને દિવસે ધારાસભ્યોને મળ્યા. કૉંગ્રેસના ધારાસભ્ય બી.આર. પાટીલને પણ સૂરજેવાલા મળ્યા. સંગઠનની સમીક્ષા કરવાની હોય તો કમ સે કમ બીમાર ધારાસભ્યને તો છોડી દેવાય કે નહીં ?

ખડગેએ તો કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાનો નિર્ણય હાઇકમાન્ડ લેશે એવું કહીને પોતે નામ માત્રના કૉંગ્રેસ પ્રમુખ છે એ સાબિત કરી દીધું. ખડગેએ પોતે ચિઠ્ઠીના ચાકર બનીને પ્રમુખપદે બેઠા છે પણ કૉંગ્રેસના અસલી નિર્ણય બીજું કોઈ લે છે તેનો સ્વીકાર કરવો તેને ખડગેની ખેલદિલી ગણવી કે સ્વમાનહીનતા ગણવી એ કૉંગ્રેસના કાર્યકરો નક્કી કરશે પણ ખડગેની વાતનો મતલબ સ્પષ્ટ છે કે, કર્ણાટકમાં ડખો તો છે જ.

આ ડખો કેમ છે એ કહેવાની જરૂર નથી. કૉંગ્રેસે ૨૦૨૩માં ભાજપને હરાવીને ચૂંટણી જીતી ત્યારે શિવકુમાર જ મુખ્ય મંત્રીપદના સૌથી પ્રબળ દાવેદાર હતા પણ સોનિયા ગાંધીએ શિવકુમારને બેસાડી દઈને જૂના જોગી સિદ્ધરામૈયાને ગાદી પર બેસાડેલા. એ વખતે એવી વાત પણ બહાર આવેલી કે હાઈકમાન્ડે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલા બનાવીને શિવકુમારને મનાવ્યા છે. પહેલા અઢી વર્ષ સિદ્ધરામૈયા ને પછી શિવકુમાર મુખ્યમંત્રી બનશે. હાઈકમાન્ડે પહેલાં મૌન સાધેલું પણ પછી કહેલું કે, આવી કોઈ ફોર્મ્યુલા નક્કી નથી થઈ. જો કે શિવકુમારના સમર્થકો આવી ફોર્મ્યુલા નક્કી થઈ હોવાનું વારંવાર કહ્યા કરે છે.

શિવકુમારના સમર્થક ધારાસભ્ય બસવરાજુ વી. શિવગંગાએ ૨ માર્ચે દાવો કર્યો હતો કે, શિવકુમાર આવતા ડિસેમ્બર મહિનામાં મુખ્યમંત્રી બનશે અને શિવકુમાર ઓછામાં ઓછા આગામી સાડા સાત વર્ષ સુધી મુખ્યમંત્રી રહેશે. કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વીરપ્પા મોઇલીએ પણ ડી.કે. શિવકુમાર રાજ્યના મુખ્યમંત્રી બનશે એવો દાવો કરીને કહેલું કે, શિવકુમારનું મુખ્યમંત્રી બનવાનું પહેલાંથી નક્કી છે. તેમને મુખ્યમંત્રી બનતાં કોઈ રોકી શકશે નહીં. ઇતિહાસ લખાઈ ચૂક્યો છે અને આજે કે કાલે, શિવકુમાર મુખ્યમંત્રી બનશે જ.

બીજી તરફ સિદ્ધરામૈયાના સમર્થક કર્ણાટકના ગૃહમંત્રી જી. પરમેશ્વરનું કહેવું છે કે, સિદ્ધારમૈયાને કૉંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા એટલે કે મુખ્યમંત્રી તરીકે પૂરાં પાંચ વર્ષ માટે ચૂંટવામાં આવ્યા છે તેથી સિદ્ધરામૈયાની અઢી વર્ષ સુધી જ મુખ્યમંત્રીપદે રાખવાનો સવાલ જ પેદા થતો નથી.

આ બંને ગ્રૂપમાંથી સાચું કોણ એ નક્કી કરવું મુશ્કેલ છે પણ સિદ્ધરામૈયા કરતાં શિવકુમાર મુખ્યમંત્રીપદ માટે વધારે લાયક છે તેમાં બેમત નથી. સિદ્ધરામૈયા જૂના જોગી છે પણ શાસક તરીકે નિષ્ફળ છે. કર્ણાટકની રાજધાની બેંગલુરુની પાણીની સમસ્યા હોય કે રોયલ ચેલેન્જર બેંગલોરની વિજયયાત્રામાં લોકોનાં મોતનો મામલો હોય, સિદ્ધરામૈયા કશું કરી શક્યા નથી. સિદ્ધરામૈયાને મુખ્યમંત્રીપદે બેસાડ્યા પછી થયેલી લોકસભાની ચૂંટણીમાં પણ કૉંગ્રેસ ધોવાઈ ગયેલી એ જોતાં સિદ્ધરામૈયાનો જનાધાર પણ નબળો છે પણ કૉંગ્રેસને ઘરડા નેતાઓનું વળગણ છૂટતું નથી તેથી સિદ્ધરામૈયાને ઢસડ્યા કરે છે.

કૉંગ્રેસ ભૂતકાળમાંથી પણ કશું શીખતી નથી. રાજસ્થાનમાં અશોક ગેહલોત ને મધ્ય પ્રદેશમાં કમલનાથની પાલખી ઊંચકવામાં કૉંગ્રેસ બંને રાજ્યોમાં સાવ ધોવાઈ ગઈ ને હવે કર્ણાટકમાં પણ એ જ રસ્તે જઈ રહી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌરવર્ષાઋતુ પ્રારંભ, બુધવાર, તા. ૨-૭-૨૦૨૫, ભદ્રા
- ભારતીય દિનાંક ૧૧, માહે અષાઢ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સવારે ક. ૧૧-૦૬ સુધી, હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સાંજે ક. ૧૬-૫૦, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૯ (તા. ૩)
- ઓટઃ સવારે ક. ૧૦-૧૩, રાત્રે ક. ૨૩-૪૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, અષાઢ શુક્લ - સપ્તમી. ભદ્રા સવારે ક. ૧૧-૫૮ થી મધ્યરાત્રે ક. ૨૫-૦૦, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રા, વાહન ઉંદર
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સૂર્ય-બુધ ગ્રહદેવતાનું પૂજન, મહાલક્ષ્મી પૂજન, શિવપૂજા, પીપળાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, સ્થિર કાર્યો, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, નવા વસ્ત્રો, આભૂષણ, દુકાન-વેપાર, નોકરી, મિત્રતા કરવી, દસ્તાવેજ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા, કળશ-પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, વિનાયક પૂજા, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સ્વતંત્ર સ્વભાવ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ નિષ્ફળતાનો ભય, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભી, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કાર્યક્ષેત્રે પુરુષાર્થી,
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ (તા. ૩)
- ગ્રહગોચરઃ સૂર્ય- મિથુન, મંગળ-સિંહ, બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આયુષ યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કર્યું

## પરંપરાગત જીવનશૈલી, સારવાર પદ્ધતિ અને યોગાભ્યાસને સમર્થન આપ્યું

ગોરખપુરઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં મહાયોગી ગુરુ ગોરખનાથ આયૂષ યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કર્યું હતું અને દેશની પ્રગતિમાં પરંપરાગત જીવનશૈલી, સારવાર પદ્ધતિ અને યોગની ભૂમિકાને સમર્થન આપ્યું હતું.

તેમણે કહ્યું હતું કે જો લોકો તંદુરસ્ત રહેશે તો વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું સપનું સાકાર થઈ શકશે.

આજે સમગ્ર વિશ્વ ભારતની નોંધ લે છે અને વાત સાંભળે છે, પરંતુ એ જળવાઈ રહે તે માટે પ્રત્યેક નાગરિકે યોગદાન આપવાનું રહેશે.

આપણે કહીએ છીએ કે આરોગ્ય એ જ સંપત્તિ છે. જો આપણે તંદુરસ્ત રહીશું તો વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર અને વિશ્વગુરુ બનાવવાનું સપનું સાકાર થશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ પ્રવાસમાં આયૂષ યુનિવર્સિટી ચાવીરૂપ માધ્યમ હશે.

પરંપરાગત જીવનશૈલી, સારવાર પદ્ધતિ અને યોગની ભૂમિકાને સમર્થન આપતાં તેમણે કહ્યું હતું કે તમામ દેશવાસીઓએ આધુનિક સારવાર પદ્ધતિ તેમ જ દવાઓની સાથે સાથે કુદરતી જીવનશૈલી અને પરંપરાગત આયુર્વેદિક સારવાર પદ્ધતિ અપનાવવી જોઈએ.

આરોગ્યપ્રદ જીવન જીવવા માટે પરંપરાગત સારવાર પદ્ધતિ અને જીવનશૈલી અપનાવવી મહત્ત્વની છે, એમ તેમણે કહ્યું હતું.

ગોરખપુર જિલ્લાના ભાતાથના પિપરી ખાતે રૂ. ૨૬૮ કરોડને ખર્ચે તૈયાર કરવામાં આવેલી આયૂષ યુનિવર્સિટીની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી માળખાકીય સુવિધાની તેમણે પ્રશંસા કરી હતી.

આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી ૧૦૦ આયૂષ કૉલેજને તેનો લાભ મળશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અહીં વિદ્યાર્થીઓને અત્યાધુનિક ટૅક્નોલૉજીની મદદથી સંશોધન કરવા સહિત આંતરરાષ્ટ્રીય ધોરણનું શિક્ષણ મળશે. આયૂષ પદ્ધતિને વૈશ્વિક સ્તરે સ્વીકૃતિ અને વિશ્વસનીયતા મળે તે માટે સંશોધન પર ભાર મૂકવામાં આવશે એમ જણાવી તેમણે રાજ્યમાં આવી પ્રથમ યુનિવર્સિટીની સ્થાપના કરવા બદલ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની પ્રશંસા કરી હતી.

આધુનિક જીવનમાં યોગને પ્રોત્સાહન અને તેના અમલને સમર્થન અપાવવામાં ભજવેલી ભૂમિકા બદલ મુર્મૂએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી.

માનસિક અને શારીરિક સશક્તીકરણ માટે આપણે યોગાભ્યાસને અપનાવવો જોઈએ એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દરરોજ નિયમિત રીતે યોગાભ્યાસ કરવામાં આવે તો તેને કારણે આઠ કલાકની ઊંઘની જરૂરિયાત ઘટીને ત્રણ કલાકની થઈ શકે છે.

સખત પરિશ્રમ કરતા લોકો માટે યોગાભ્યાસ કરવો જરૂરી ન હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે દરરોજ ઓછી શારીરિક પ્રવૃત્તિ કરતાં ઓફિસે જતાં કર્મચારીઓ માટે યોગાભ્યાસ જરૂરી છે.

ગવર્નર આનંદીબહેન પટેલ, મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, આયૂષ ઍન્ડ ફૂડ સેફ્ટી (સ્વતંત્ર હવાલો)ના રાજ્ય કક્ષાના પ્રધાન દયાશંકર મિશ્રા દયાળુ, સ્થાનિક સાંસદ રવિ કિસન શુકલા સહિતના મહાનુભવોએ આ ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપી હતી.

આદિત્યનાથે આ પ્રસંગને રાજ્યમાં આરોગ્ય અને સંસ્કૃતિના નવા યુગનો આરંભ લેખાવ્યો હતો.

યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય અંગે વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ આ યુનિવર્સિટી તબીબી શિક્ષણના કેન્દ્રની સાથેસાથે ભારતના પરંપરાગત જ્ઞાન, યોગાભ્યાસ, આયુર્વેદ અને તંદુરસ્ત આરોગ્યનું પ્રતીક બની જશે. ગોરક્ષા પીઠના પીઠાધિશ્વર આદિત્યનાથે ભારતના આધ્યાત્મિક અને સેવાલક્ષી ધર્મના વારસા પર પણ પ્રકાશ પાડ્યો હતો. ગોરખપુર હવે આરોગ્યધામ-જ્ઞાનધામ તરીકે વિકસિત ભારત-વિકસિત ઉત્તર પ્રદેશની દિશામાં આગળ વધી રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ઉત્તર પ્રદેશના છ વિભાગમાં આયુષ કૉલેજ સ્થાપવામાં આવશેઃ આદિત્યનાથ

ગોરખપુરઃ ઉત્તર પ્રદેશના છ વિભાગ (પ્રત્યેક)માં એક આયૂષ કૉલેજ સ્થાપવામાં આવશે, એમ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મંગળવારે કહ્યું હતું. હાલને તબક્કે આ વિભાગમાં આવી એકપણ કૉલેજ ન હોવાનું તેમણે કહ્યું હતું. મહાયોગી ગુરુ ગોરખનાથ આયૂષ યુનિવર્સિટીના ઉદ્ઘાટન સમારોહને સંબોધન કરતાં આદિત્યનાથે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંગળવારે જેનું ઉદ્ઘાટન કર્યું તે રાજ્યની પ્રથમ આયૂષ યુનિવર્સિટી છે.

રૂ. ૨૬૮ કરોડના ખર્ચે આ યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

રાષ્ટ્રપતિને આવકારતાં આદિત્યનાથે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશના છ વિભાગમાં એકપણ આયૂષ કૉલેજ નથી. આ પ્રત્યેક વિભાગમાં એક આયૂષ કૉલેજ સ્થાપવાનો ઉત્તર પ્રદેશ સરકારે નિર્ણય લીધો છે, એમ તેમણે કહ્યું હતું.

પરંપરાગત સારવાર પદ્ધતિને પ્રોત્સાહન આપવા રાજ્યના પ્રત્યેક જિલ્લામાં ઓછામાં ઓછા ૧૦૦ બૅડ ધરાવતા હૅલ્થ ઍન્ડ વેલ્ફેર સેન્ટર ખોલવામાં આવશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૪ સુધી ભારતની પ્રાચીન સારવાર પદ્ધતિને વૈશ્વિક સ્તરે સ્વીકૃતિ નહોતી મળી.

આયુર્વેદ, યુનાની, હોમિયોપથી, નેચરોપથી અને યોગ પદ્ધતિને રાષ્ટ્રીય મંચ પૂરો પાડવા બદલ તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. (એજન્સી)

# ઓડિશામાં પૂરની સ્થિતિ ગંભીરઃ ૧૦૦ ગામ પ્રભાવિત

બાલાસોર (ઓડિશા): અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઓડિશાના બાલાસોરમાં પૂરની સ્થિતિ મંગળવારે પણ ગંભીર રહી હતી, અને જિલ્લાના ઉત્તરીય ભાગોમાં આવેલા લગભગ ૧૦૦ ગામના લોકો રસ્તાઓ અને ખેતરોમાં પાણી ભરાઈ જવાથી મુશ્કેલીમાં મુકાયા હતા.

ભારે વરસાદ અને ઝારખંડ દ્વારા પાણી છોડવાને કારણે સુબર્ણરિખા નદીમાં તાજેતરમાં આવેલા પૂરને કારણે ચાર બ્લોક - ભોગરાઈ, બાલિયાપાલ, જલેશ્વર અને બસ્તામાં ગામડાઓ પ્રભાવિત થયાં છે.

તેમણે જણાવ્યું હતું કે, જલકા નદીમાં આવેલા પૂરથી બસ્તા હેઠળનાં કેટલાંક ગામો અને બાલાસોર સદર બ્લોકના કેટલાક ભાગો પ્રભાવિત થયા છે.

સુબર્ણરિખા અને જલકા નદીમાં પાણીનું સ્તર ધીમે ધીમે ઘટી રહ્યું હોવા છતાં, તે હજુ પણ ત્રણ દિવસથી અનુક્રમે રાજઘાટ અને મથાની ખાતે ભયના નિશાનથી ઉપર ચાલી રહ્યું છે અથવા તેનાથી થોડું નીચે છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે કે બાલાસોરના કલેક્ટરે વરિષ્ઠ અધિકારીઓ સાથે બસ્તા, જલેશ્વર, બાલિયાપાલ અને ભોગરાઈમાં હાલની પૂરની પરિસ્થિતિની મુલાકાત લીધી હતી અને તેનું નિરીક્ષણ કર્યું હતું.

અત્યાર સુધીમાં સાત બ્લોકમાં કુલ ૪૬ ગ્રામ પંચાયતો/વોર્ડ પ્રભાવિત થયા છે, જેમાં ઉમેર્યું હતું કે, સોમવાર સાંજ સુધીમાં ૨૯૧૬ લોકોને સ્થળાંતર કરીને ૧૭ આશ્રયસ્થાનમાં રાખવામાં આવ્યા છે.

જાજપુરના જિલ્લા કલેક્ટર પી. અન્વેષા રેડ્ડીએ જણાવ્યું હતું કે, ''અમે સતર્ક છીએ અને ક્ષેત્રીય અધિકારીઓ દશરથપુર, જાજપુર, બિંઝરપુર અને કોરેઈ બ્લોકના પૂરગ્રસ્ત વિસ્તારોમાં પગલાં લઈ રહ્યા છે.'' ■

# થાઈલૅન્ડનાં વડાં પ્રધાનને સસ્પેન્ડ કરતી કોર્ટ

બેંગકોકઃ થાઇલૅન્ડની બંધારણીય અદાલતે દેશનાં સૌથી યુવાન વડાં પ્રધાન પાએટોંગટાર્ન શિનાવાત્રાને કમ્બોડિયાના એક ભૂતપૂર્વ નેતા સાથેના ફોન કૉલ લીક થવાને મુદ્દે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કર્યાં હતાં. ન્યાયાધીશોની બૅન્ચના સભ્યોએ દેશનાં વડાં પ્રધાનને સસ્પેન્ડ કરવા માટે મંગળવારે સાત મત તરફેણમાં અને બે મત વિરુદ્ધમાં આપ્યા હતા. ૩૭ વર્ષીય વડાં પ્રધાન પાએટોંગટાર્ન શિનાવાત્રા પર નૈતિક મૂલ્યનો ભંગ કરવાનો આરોપ મુકાયો છે.

પાએટોંગટાર્ન શિનાવાત્રા કમ્બોડિયા સાથેનો સીમા-વિવાદ યોગ્ય રીતે હાથ ધરતા નહિ હોવાનો આક્ષેપ છે. કમ્બોડિયા સાથે સરહદે ૨૮ મેએ થયેલી અથડામણમાં કમ્બોડિયાનો એક સૈનિક માર્યો ગયો હતો.

લીક થયેલા ફોન કૉલને મુદ્દે વિરોધ વ્યક્ત કરીને અનેક રાજકીય પક્ષ યુતિ સરકારમાંથી નીકળી ગયા હતા. રાજા મહા વજીરાલોંગકોર્ને પ્રધાનમંડળમાંના ફેરફારને પણ બહાલી આપી હતી. ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન એનુટીન ચારવિકરાકુલે પણ હોદ્દો છોડવો પડ્યો હતો.

થાઇલૅન્ડના ભ્રષ્ટાચાર-વિરોધી પંચે પણ વડાં પ્રધાન પાએટોંગટાર્ન શિનાવાત્રાને હોદ્દા પરથી દૂર કરવા મત આપ્યો હતો. વડાં પ્રધાન પાએટોંગટાર્ન શિનાવાત્રાને કમ્બોડિયાના નેતા સાથેના ફોન કૉલમાં લશ્કરના એક કમાંડર અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હોવાનું કહેવાય છે.

પાએટોંગટાર્ન શિનાવાત્રાના વિરોધમાં ગયા શનિવારે મધ્ય બેંગકોકમાં મોટા પાયે દેખાવ થયા હતા. (એજન્સી) ■

# તમિળનાડુના શિવાકાશીમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટઃ આઠનાં મોત

## મૃતકના પરિવારજનોને ચાર લાખ રૂપિયાની સહાયની મુખ્ય પ્રધાનની જાહેરાત

તમિળનાડુઃ તમિળનાડુના વિરુધુનગર જિલ્લાના શિવાકાશીમાં ફટાકડાનું ઉત્પાદન કરતી ફેક્ટરીમાં મંગળવારે થયેલા વિસ્ફોટમાં વધુ ત્રણ જણનાં મોત થતાં કુલ મરણાંક વધીને આઠ પર પહોંચ્યો હોવાનું મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને કહ્યું હતું.

સ્ટાલિને મૃતકોના પરિવારજનો પરત્વે સહાનુભુતિ વ્યક્ત કરી હતી અને તમામ સહાય પૂરી પાડવાની બાંયધરી આપી હતી.

પ્રત્યેક મૃતકના પરિવારજનોને રૂ. ૪ લાખ, ગંભીર રીતે ઘાયલ થયેલ વ્યક્તિના પરિવારજનોને એક લાખ રૂપિયા તેમ જ નજીવી ઈજા થઈ હોય તેવી વ્યક્તિને રૂ. ૫૦,૦૦૦ની સહાયની તેમણે જાહેરાત કરી હતી.

આ વિસ્ફોટમાં અનેક જણ ઘાયલ થયા હોવાનું જણાવતાં પોલીસે કહ્યું હતું કે વિસ્ફોટમાં ફટાકડાનું ઉત્પાદન કરતી ફેક્ટરી સંપૂર્ણપણે નાશ પામી હતી. વિસ્ફોટને કારણે આગ લાગ્યા બાદ ફેક્ટરીમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા.

ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ, અગ્નિશમન દળ અને રાહત ટુકડીએ ઈજાગ્રસ્તોને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા.

આગને કાબૂમાં લઈ લેવામાં આવી હતી અને ઘટનાને મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

મૃતકોને આર. મહાલિંગમ, સી. ચેલાપાન્ડિયન, કે. લક્ષ્મી, આર. રામમૂર્તિ, આર. પુણ્યમૂર્તિ, કે. રામજયમ, એમ. નાગાપાન્ડિ અને જી. વૈરામણિ તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### બે વર્ષમાં ૩.૫ કરોડ

જણાવ્યું હતું કે હું ઑલિમ્પિક સ્પોર્ટ્સને લગતી તાલીમના સંદર્ભે હાલમાં ૪૦થી વધુ કંપની સાથે વાટાઘાટ કરી રહ્યો છું. અમે દેશને વિશ્વના સ્પોર્ટ્સ ક્ષેત્રે ટોચના પાંચમાં સ્થાન અપાવવા સતત પ્રયાસ કરી રહ્યા છીએ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી કેન્દ્રના પ્રધાનમંડળની બેઠકમાં આ બધા નિર્ણય લેવાયા હતા. માહિતી અને પ્રસારણ વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને ખાસ ધ્યાનમાં રાખીને બધા ક્ષેત્રને આવરી લેતી સોશિયલ સિક્યોરિટી સ્કીમ્સ દ્વારા નવી રોજગારી ઊભી કરાશે.

એમ્પ્લોઇમેન્ટ લિંક્ડ સ્કીમ હેઠળ પ્રથમ વખત નોકરી મેળવનારને એક મહિનાના રૂપિયા ૧૫,૦૦૦ સુધીની રકમ અપાશે. વધારાની રોજગારી ઊભી કરવા માટે બે વર્ષ સુધી કંપનીને ખાસ પ્રોત્સાહન અપાશે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર માટે આ લાભ વધુ બે વર્ષ લંબાવાશે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ખાનગી ક્ષેત્રે રોકાણ અને સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ઓછા વ્યાજદરે અથવા વ્યાજ વિનાનું લાંબા-ગાળાનું કરજ પૂરું પાડવામાં આવશે. અનુસંધાન નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનનું ગવર્નિંગ બોર્ડ આ કિસ્સામાં માર્ગદર્શન પૂરું પાડશે.

તેમણે જણાવ્યું હતું કે આઇપીએલ અને ફૂટબૉલની મૅચ જોવા મોટી સંખ્યામાં લોકો પ્રવાસ કરે છે અને તેને લીધે પર્યટન ક્ષેત્રને વેગ મળે છે અને આર્થિક પ્રગતિમાં સહાય મળે છે. (પીટીઆઇ) ■

### નવી ડિજિટલ ક્રાંતિ

મળે છે. તેમણે જણાવ્યું હતું કે દેશના શહેરી વિસ્તારો ઉપરાંત ગ્રામીણ ક્ષેત્રે પણ ડિજિટલ ક્ષેત્રે ક્રાંતિ આવી છે. યુપીઆઇ જેવા ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા દર વર્ષે અબજો ટ્રાન્ઝેક્શન કરાય છે. સરકારી સેવાનો લાભ હવે વચેટિયાને રાખ્યા વિના સામાન્ય નાગરિકો અને તેના ખરા લાભાર્થીઓને સીધો જ પહોંચાડાય છે. લઘુ ઉદ્યોગો માટે પણ ડિજિટલ અર્થતંત્ર મહત્ત્વનું સાબિત થયું છે.

મોદીએ ડિજિટલ ક્રાંતિનો દાખલો આપતા જણાવ્યું હતું કે લોકો 'મુદ્રા લૉન' માટે ઓનલાઇન અરજી કરી શકે છે. અરજદારની લૉન માટેની યોગ્યતા પણ ઓનલાઇન તપાસવામાં આવે છે. વણાટકામ કરતા બનારસના કારીગરોથી લઇને વાંસની ચીજો બનાવતા નાગાલૅન્ડના કારીગરો હવે પોતાના ઉત્પાદનોનું વેચાણ ઇ-કૉમર્સ દ્વારા ઓનલાઇન કરી શકે છે. (એજન્સી) ■

### જીએસટી કલેકશન

પ્રમાણે ૩.૩ ટકા વધ્યું હતું. આ વર્ષે જૂનમાં નેટ જીએસટી કલેકશન મહિનાવાર જોવા જઈએ તો આમાં ૮.૪૮ ટકા ઘટાડો જોવા મળ્યો હતો. ઘરેલુ બજાર અને આયાતમાં કલેકશન ઓછું થતાં આ ઘટાડો જોવા મળ્યો હતો. મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, રાજસ્થાન અને તમિળનાડુમાં ચારથી આઠ ટકા કલેકશન વધ્યું છે. બીજાં રાજ્યો ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાતમાં જીએસટી કલેકશન એકથી ચાર ટકા ઘટ્યું છે. (એજન્સી) ■

# જીએસટી દેશની આર્થિક પ્રગતિનું શક્તિશાળી એન્જિન બની ગયો છેઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સ (માલ અને સેવા કર - જીએસટી)ના અમલના પ્રારંભના આઠમા વાર્ષિક દિને જણાવ્યું હતું કે અપ્રત્યક્ષ વેરાના ભાગરૂપી જીએસટીએ દેશના અર્થતંત્રમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. જીએસટી દેશની આર્થિક પ્રગતિનું શક્તિશાળી એન્જિન બની ગયો છે.

તેમણે સોશિયલ મીડિયા 'એક્સ' પર દાવો કર્યો હતો કે જીએસટીથી વેપારીઓ અને ગ્રાહકો પરનો આર્થિક બોજો ઘટ્યો છે અને વેપાર કરવામાં તેમ જ કરવેરા ભરવામાં સરળતા આવી છે.

ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સનો અમલ ૨૦૧૭ની પહેલી જુલાઇથી શરૂ કરાયો હતો. તેમાં ૧૭ કરવેરા અને ૧૩ સેસને એકત્ર કરાયા હતા કે જેથી કરદાતાઓને કરવેરો ભરવામાં સરળતા પડે.

ગુડ્સ ઍન્ડ સર્વિસીસ ટૅક્સના અમલના પ્રથમ વર્ષના પહેલાં નવ મહિનામાં રૂપિયા ૭.૪૦ લાખ કરોડ મળ્યા હતા અને બાદમાં દર વર્ષે તેમાં ધીરે ધીરે વધારો થતો રહે છે. (એજન્સી) ■

# સાવધાનઃ મલેરિયા, ડેન્ગ્યૂ, ગૅસ્ટ્રોના દર્દી વધી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચોમાસામાં મચ્છરો કરડવાથી થતા મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસને નિયંત્રણમાં રાખવા માટે મે અને જૂન મહિનામાં કન્સ્ટ્રક્શન સાઈટ પર વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી છતાં મલેરિયા અને ડેન્ગ્યુના કેસમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મોટો વધારો નોંધાયો છે.

આ વર્ષે ચોમાસાનું આગમન વહેલું એટલે મે મહિનામાં જ થઈ જતા વર્ષના શરૂઆતના છ મહિનામાં જ પાણીજન્ય કહેવાતી બીમારીઓ ગૅસ્ટ્રો, હેપેટાઈટિસ, મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને લેપ્ટોના કેસમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે વધુ કેસ નોંધાયો હોવાનો પાલિકાના આરોગ્ય ખાતાએ દાવા કર્યો છે.

મુંબઈમાં ગયા વર્ષે પહેલી જાન્યુઆરીથી ૩૦ જૂન, ૨૦૨૪ સુધીના છ મહિનામાં મલેરિયાના ૨,૦૫૫ કેસ સામે આ વર્ષે આ જ સમયગાળામાં મલેરિયાના ૨,૮૫૭ કેસ તો ડેન્ગ્યુના ૪૩૧ કેસ સામે આ વર્ષે છ મહિનામાં ૪૫૨ કેસ નોંધાયા છે. ચિકનગુનિયાના ગયા વર્ષે છ મહિનામાં ૨૧ સામે આ વર્ષે ૧૩૬ કેસ નોંધાયા હતા. આ વર્ષે જો કે અત્યાર સુધી લેપ્ટોસ્પાયરોસિસના કેસમાં થોડો ઘટાડો જણાયો છે. ગયા વર્ષે છ મહિનામાં લૅપ્ટોના ૧૪૦ કેસ સામે આ વર્ષે ૧૦૧, ગૅસ્ટ્રોના ૪,૨૦૦ કેસ સામે આ વર્ષે ૪,૫૧૩ કેસ, હેપેટાઈટીસના ગયા વર્ષે છ મહિનામાં ૩૪૭ કેસ સામે આ વર્ષે ૪૩૭ અને કોવિડના ૧,૩૯૨ કેસ સામે આ વર્ષે આટલા સમયગાળામાં ૯૯૨ કેસ નોંધાયા છે.

ચોમાસામાં મચ્છરો કરડવાથી થતા મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસને નિયંત્રણમાં રાખવા માટે મે અને જૂન મહિનામાં કન્સ્ટ્રક્શન સાઈટ પર વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. એ દરમ્યાન મે અને જૂન મહિનામાં ૩,૦૩૩ કન્સ્ટ્રક્શન સાઈટ પર ઈન્સ્પેકશન કરીને ૫૦,૦૮૫ લોહીના નમૂના એકત્ર કરવામાં આવ્યા હતા. તેમાંથી ૩૦ કેસ મલેરિયાના પોઝિટિવ આવ્યા હતા. ■

# ઉત્તરાખંડમાં ફસાયેલા મહારાષ્ટ્રના યાત્રાળુઓને સલામત સ્થળે ખસેડવા પ્રયાસ ચાલુઃ એકનાથ શિંદે

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રવાસીઓનું એક જૂથ ઉત્તરાખંડના મુખ્ય ચારધામ સ્થળ યમુનોત્રીમાં ફસાયેલું છે અને સ્થાનિક અધિકારીઓ દ્વારા તેમને બચાવવા અને સુરક્ષિત સ્થળે ખસેડવાના પ્રયાસો ચાલુ છે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મહારાષ્ટ્ર સરકાર ઉત્તરાખંડ સરકારના સંપર્કમાં છે. જોકે, શિંદેએ કેટલા પ્રવાસીઓ ફસાયેલા છે એ જાહેર કર્યું નથી.

"મહારાષ્ટ્રના કેટલાક લોકો યમુનોત્રી ધામમાં ફસાયેલા છે. અમે ઉત્તરાખંડ સરકારના સંપર્કમાં છીએ, અને તેમણે અમને જણાવ્યું છે કે બચાવ કામગીરી ચાલી રહી છે. એકવાર બચાવી લેવામાં આવ્યા પછી, ફસાયેલા યાત્રાળુઓને ઋષિકેશમાં સુરક્ષિત સ્થાન પર લઈ જવામાં આવશે," એમ તેમણે કહ્યું હતું.

રવિવારે વાદળ ફાટવાના કારણે થયેલા મોટા ભૂસ્ખલનને કારણે યમુનોત્રી ધામમાં શ્રદ્ધાળુઓ ફસાયા હતા. હિમાલય મંદિર તરફ જતો હાઇવે અનેક સ્થળોએ તૂટી પડતાં સોમવારે યમુનોત્રી યાત્રા ખોરવાઈ ગઈ હતી. (પીટીઆઇ)■

# ટ્રેનમાં વિદ્યાર્થિનીના હાથમાં આ મહિલાએ બાળક પકડાવેલું...

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી પનવેલ જતી હાર્બર લાઈનની લોકલ ટ્રેનમાં કૉલેજની વિદ્યાર્થિનીઓને પંદર દિવસનો બાળક સોંપી રફુચક્કર થઈ ગયેલી મહિલા સીસીટીવી કૅમેરામાં ઝડપાઈ હતી. પોલીસે એ મહિલાની તસવીર જાહેર કરી તેની શોધ હાથ ધરી હતી.

વાશી રેલવે પોલીસના સિનિયર ઈન્સ્પેક્ટર કિરણ ઉન્દ્રેએ જણાવ્યું હતું કે કૉલેજની વિદ્યાર્થિનીઓ દિવ્યા નાયડુ અને ભૂમિકા માને જુઈનગર સ્ટેશને ઊતરવાની હતી. તે સમયે ટ્રેનના દરવાજા પાસે બાળક સાથે બેસેલી મહિલાએ તેને સીવૂડ સ્ટેશને ઊતરવાનું હોવાનું કહ્યું હતું. પોતાની પાસે વધારે સામાન હોવાથી બાળક સાથે સ્ટેશને ઊતરવામાં તકલીફ પડશે કહીને મહિલાએ વિદ્યાર્થિનીઓને મદદ કરવાનું કહ્યું હતું.

મહિલાને મદદ કરવા માટે બન્ને વિદ્યાર્થિનીએ જુઈનગર સ્ટેશનને બદલે સીવૂડ સ્ટેશને ઊતરવાનું નક્કી કર્યું હતું. સીવૂડ સ્ટેશન નજીક ટ્રેન પહોંચી ત્યારે મહિલાએ વિદ્યાર્થિનીને તેનો બાળક સોંપ્યો હતો અને પ્લૅટફૉર્મ પર ઉતારી આપવાની વિનંતી કરી હતી. જોકે સીવૂડ સ્ટેશને બન્ને વિદ્યાર્થિની બાળક સાથે ઊતરી ત્યારે મહિલા એ સ્ટેશને ઊતરી જ નહીં અને ટ્રેન ચાલુ થઈ ગઈ હતી.

ડરી ગયેલી બન્ને વિદ્યાર્થિનીએ પોલીસની મદદ લીધી હતી. પોલીસે અજાણી મહિલા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. મહિલા સાનપાડા સ્ટેશનેથી ટ્રેનમાં ચઢી હતી. પોલીસે સાનપાડા સ્ટેશનના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજમાં મહિલા નજરે પડી હતી. તસવીરને આધારે પોલીસ હવે મહિલાની શોધ ચલાવી રહી છે. ■

# થાણેમાં વાહન સાથે કેમિકલ ભરેલું ટૅન્કર ટકરાયું

## કેબિનમાં ફસાયેલા ડ્રાઈવરને બચાવી લેવાયો

થાણેઃ થાણેમાં સોમવારે મોડી રાતે કેમિકલ ભરેલું ટૅન્કર અજાણ્યા વાહન સાથે ભટકાયું હતું, જેને કારણે માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જૅમ સર્જાયો હતો. અકસ્માતમાં કોઇ જાનહાનિ થઇ નહોતી, પણ ટૅન્કનો ડ્રાઇવર કેબિનમાં ફસાઇ ગયો હતો અને અગ્નિશમન દળના જવાનોએ બાદમાં તેને ઉગારી લીધો હતો.

શિળ વિસ્તારમાં કલ્યાણ ફાટા ખાતે ટ્રાફિક પોલીસ પોસ્ટ નજીક સોમવારે મોડી રાતે ૧.૪૨ વાગ્યે આ અકસ્માત થયો હતો.

ગુજરાતથી ડોમ્બિવલી તરફ જઇ રહેલા ટૅન્કરમાં ૨૪ ટન જેટલું એનિલિન કેમિકલ ભરેલું હતું, જેનો ઉપયોગ પેઇન્ટ, પોલિમર્સ અને ફાર્માસ્યુટિકલ્સના ઉત્પાદનમાં થાય છે.

ટૅન્કરના ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને તે કલ્યાણ ફાટા તરફ જઇ રહેલા અજાણ્યા વાહન સાથે અથડાયું હતું. અકસ્માતને કારણે ટૅન્કરની કેબિનને નુકસાન થયું હતું અને ડ્રાઇવર ઓમપ્રકાશ યાદવ તેમાં ફસાઇ ગયો હતો. અકસ્માતની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને પંદર મિનિટમાં ડ્રાઇવરને બહાર કઢાયો હતો.

દરમિયાન અડધો કલાકના પ્રયાસ બાદ હાઇડ્રા મશીનની મદદથી ટૅન્કરને માર્ગ પરથી હટાવવામાં આવ્યું હતું. અકસ્માતને કારણે થાણેથી કલ્યાણ ફાટા તરફ જતા વાહનો અડધો કલાક સુધી ધીમે ધીમે આગળ વધી રહ્યાં હતાં. બાદમાં વાહનવ્યવહાર પૂર્વવત્ થઇ ગયો હતો. ■

# બાળ ઠાકરેનું મેયરના બંગલામાં સ્મારકઃ હસ્તક્ષેપનો કોર્ટનો ઈનકાર

મુંબઈઃ મુંબઈ હાઈકોર્ટે મંગળવારે મહારાષ્ટ્ર સરકારના મેયરના બંગલાને સ્વર્ગસ્થ શિવસેનાના સ્થાપક બાળ ઠાકરેના સ્મારકમાં રૂપાંતરિત કરવાના નિર્ણયમાં દખલ કરવાનો ઈનકાર કર્યો હતો, અને નોંધ્યું હતું કે તેને નીતિગત નિર્ણય સામે પડકારવાનું કોઈ માન્ય કારણ મળતું નથી.

મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ સંદીપ માર્નેની બેન્ચે અનેક અરજીઓને ફગાવી દેતા કહ્યું કે, આયોજન નિષ્ણાતો દ્વારા લેવામાં આવેલા નિર્ણય પર અપીલ અધિકારી તરીકે તે બેસી શકે નહીં, સિવાય કે જ્યાં આયોજન ધોરણોમાં "ઘોર ઉલ્લંઘન" હોય.

આખરે 'મેયરના બંગલા' થી બદલીને 'બાળાસાહેબ ઠાકરે રાષ્ટ્રીય સ્મારક' કરવાનું છે, એમ કોર્ટે કહ્યું હતું. બેન્ચે વધુ કહ્યું હતું કે સ્મારક સ્થાપવાનો નિર્ણય એક નીતિગત નિર્ણય હતો અને તેમાં દખલગીરી કરવી ધિક્કારપાત્ર રહેશે.

કોર્ટે નોંધ્યું હતું કે સ્મારક સ્થાપવાનું કામ હવે લગભગ પૂર્ણ થઈ ગયું છે અને મેયરના બંગલાની ભવ્ય રચનાને માત્ર અકબંધ રાખવામાં આવી નથી પરંતુ તેને પુનઃસ્થાપિત કરવામાં આવી છે અને તેના વારસાના મહત્ત્વને ખલેલ પહોંચાડવામાં આવી નથી. અરજીઓ ફગાવી દેતી વખતે બેન્ચે કહ્યું કે રાજ્ય સરકારના નિર્ણયને પડકારવાનું કોઈ માન્ય કારણ તેમને મળતું નથી. ■

# હાઉસિંગ સોસાયટીઓના નવા નિયમોને પખવાડિયામાં નોટિફાય કરાય એવી શક્યતા

પુણેઃ સહકારી હાઉસિંગ સોસાયટીઓ માટે રાજ્ય સરકાર બે અઠવાડિયામાં ડ્રાફ્ટ નિયમોને નોટિફાય કરવાની યોજના ધરાવે છે. આ વાતને સહકાર વિભાગના અધિકારીઓએ પુષ્ટિ આપી. પ્રસ્તાવિત ફેરફારોનો હેતુ કોઓપરેટિવ સોસાયટીઓમાં સંઘર્ષ ઘટાડવા, રીડેવલપમેન્ટને સરળ બનાવવા અને રાજ્યભરમાં સોસાયટી કામગીરીમાં વધુ પારદર્શિતા લાવવાનો છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ડ્રાફ્ટની એક મુખ્ય વિશેષતા એ છે કે મેઇન્ટેનન્સની બાકી રકમ પર વ્યાજ ૨૧ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરવામાં આવ્યું છે, જે રહેવાસીઓ કહે છે કે લાંબા સમયથી બાકી છે. આ નિયમો હાઇબ્રિડ એજીએમ અને રીડેવલમેન્ટની મીટિંગોનું ફરજિયાત વીડિયો રેકોર્ડિંગ માટે પણ માર્ગ મોકળો કરે છે, તેમજ સોસાયટીઓને જમીનના મૂલ્યાંકન મૂલ્ય સુધી પુનર્વિકાસ લોન એકત્ર કરવાની મંજૂરી આપે છે, જેનાથી સેલ્ફ રીડેવલપમેન્ટમાં વધુ સ્વાયત્તતા મળે છે. ■

# પુણે ઍરપોર્ટ અને વિમાનમાં બ્લાસ્ટના મેઈલથી તંત્ર સાબદું

પુણેઃ પુણે ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ અને વિમાનમાં શક્તિશાળી વિસ્ફોટકો પ્લાન્ટ કરવામાં આવ્યા હોઈ ધડાકા થવા સંદર્ભેનો ઈ-મેઈલ ઍરલાઈન્સની ઑફિસમાં આવતાં તંત્ર સાબદું થઈ ગયું હતું. સઘન તપાસ બાદ પણ કોઈ વિસ્ફોટકો હાથ લાગ્યા નહોતા, પણ પોલીસે સુરક્ષાવ્યવસ્થા કડક કરી નાખી હતી.

વિમાનતળ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઍરપોર્ટ ખાતેની ખાનગી ઍરલાઈન્સની ઑફિસને મધરાતે ૧.૨૫ વાગ્યે એક મેઈલ આવ્યો હતો. મેઈલમાં જણાવાયું હતું કે વિમાનો અને ઍરપોર્ટ ફરતે શક્તિશાળી વિસ્ફોટકો બૅગમાં સંતાડીને ગોઠવવામાં આવ્યા છે. તમે તાત્કાલિક બિલ્ડિંગ ખાલી કરાવો... લોકો મરી જશે.

માહિતી મળતાં જ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (સીઆઈએસએફ), બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) અને સ્થાનિક પોલીસ ઍરપોર્ટ પહોંચી હતી. ઍરપોર્ટની અંદર અને બહારના પરિસરમાં તપાસ કરવામાં આવી હતી. સઘન તપાસ બાદ પણ કોઈ શંકાસ્પદ વસ્તુ કે વ્યક્તિ મળી આવી નહોતી. (પીટીઆઈ)■

# કોચિંગ ક્લાસમાં જાતીય સતામણીઃ તપાસ માટે એસઆઈટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે બીડના કોચિંગ ક્લાસમાં એક સગીર છોકરી સાથે કથિત જાતીય સતામણીના કેસની તપાસ માટે એક વરિષ્ઠ મહિલા અધિકારીના નેતૃત્ત્વમાં એક ખાસ તપાસ ટીમ (એસઆઈટી) નિયુક્ત કરવાની જાહેરાત કરી હતી.

એનસીપીના વિધાનસભ્ય ચેતન તુપેએ રાજ્ય વિધાનસભામાં પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશનના માધ્યમથી આ મુદ્દો ઉઠાવ્યો હતો.

તુપેએ કહ્યું હતું કે બે લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

તેમણે કહ્યું હતું કે, આરોપીનું રક્ષણ કરનાર વ્યક્તિઓનો પર્દાફાશ કરવો જરૂરી છે.

'આરોપીને કોણ રક્ષણ આપી રહ્યું છે?' એમ તેમણે પૂછ્યું હતું.

તુપેના સવાલોનો જવાબ આપતા ફડણવીસે કહ્યું હતું કે આરોપીઓને બચાવવાનો પ્રયાસ કરનારાઓને બક્ષવામાં આવશે નહીં.

'એસઆઈટી નિર્ધારિત સમયમર્યાદામાં કેસની તપાસ કરશે અને દોષિતોને સજા કરવામાં આવશે,' એમ જણાવતાં મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું કે, એક મહિલા અધિકારી તપાસ ટીમનું નેતૃત્ત્વ કરશે.

૩૦ જુલાઈ, ૨૦૨૪થી પચીસ મે, ૨૦૨૫ દરમિયાન એક કોચિંગ સેન્ટરના બે પુરુષ શિક્ષકો દ્વારા ૧૭ વર્ષની એક વિદ્યાર્થિની સાથે છેડતી અને જાતીય સતામણી કરવામાં આવી રહી હતી તે સંબંધે બીડના શિવાજીનગર પોલીસે ગુનો નોંધ્યો હતો.

કિશોરીની ફરિયાદ મુજબ, બંને શિક્ષકો તેને કોચિંગ સેન્ટરની ઓફિસમાં બોલાવતા હતા, તેને કપડાં ઉતારવા માટે દબાણ કરતા હતા અને તેની સાથે અશ્લીલ હરકતો કરતા હતા.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને એનસીપીના વિધાનસભ્ય ધનંજય મુંડેએ સોમવારે એવો આરોપ લગાવ્યો કે આ કેસમાં ધરપકડ કરાયેલા બે વ્યક્તિઓમાંથી એક એનસીપી (એસપી)ના વિધાનસભ્ય સંદીપ ક્ષીરસાગર સાથે સંકળાયેલો છે. બાદમાં તેમણે આરોપોને નકારી કાઢ્યા હતા.

મંગળવારે મીડિયાને સંબોધતા, મુંડેએ કહ્યું કે તેમણે અગાઉ કેસોમાં મીડિયા ટ્રાયલનો સામનો કરવો પડ્યો હતો, જોકે તેઓ તેમાં સામેલ નહોતા.

'હું પચીસ વર્ષથી જાહેર જીવનમાં છું અને ક્યારેય ખોટો આરોપ લગાવ્યો નથી. સત્ય યોગ્ય સમયે બહાર આવશે. લોકોએ ફક્ત રાહ જોવાની જરૂર છે,' એમ તેમણે ઉમેર્યું હતું. ■

# કાંદિવલીથી પકડાઇ જામતાડા ગૅન્ગ

મુંબઈઃ ઑનલાઇન છેતરપિંડીના ગુનાઓ આચરનારી જામતાડાની ગૅન્ગના સભ્યોને કાંદિવલીથી પકડી પાડવામાં પોલીસને સફળતા મળી હતી. આરોપીઓ પાસેથી વિવિધ બૅંકના ૫૬ ડેબિટ કાર્ડ, આઠ મોબાઇલ તથા અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી.

છત્તીસગઢના બોધઘાટ પોલીસ સ્ટેશનમાં દાખલ ઑનલાઇન છેતરપિંડીના ગુનાની સાયબર સેલ દ્વારા તપાસ કરવામાં આવી રહી હોવાથી સાયબર સેલના અધિકારીઓએ ૨૭ જૂન, ૨૦૨૫ના રોજ કાંદિવલી પોલીસને ઇ-મેઇલ પાઠવ્યો હતો.

ઓનલાઇન છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ જામતાડાની ગૅન્ગના સભ્યો હોઇ તેઓ બે દિવસ અગાઉ ઝારખંડથી મુંબઈમાં આવ્યા છે અને છેતરપિંડી આચરીને મેળવેલા રૂપિયા અલગ અલગ વિસ્તારમાંના એટીએમમાંથી તેઓ કાઢી રહ્યા છે. આ ગૅન્ગના સભ્યો કાંદિવલી પશ્ચિમમાં ૯૦ ફૂટ રોડ પરની એક હૉટેલમાં રોકાયા હોવાનું ઉપરોક્ત ઇ-મેઇલમાં જણાવાયું હતું.

આ માહિતી મળ્યા બાદ પોલીસે કાંદિવલીની એ હૉટેલ પર સતત નજર રાખી હતી અને ત્યાર બાદ આરોપીઓને તાબામાં લીધા હતા. આરોપીઓની પૂછપરછમાં તેમણે સાથીદારો સાથે મળીને અનેક રાજ્યોમાં ઑનલાઇન છેતરપિંડીના ગુના આચર્યા હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓને બાદમાં છત્તીસગઢ પોલીસને હવાલે કરવામાં આવ્યા હતા. ■

# થાણેમાં ૩૧ લાખ રૂપિયાના ચરસ સાથે બિહારના યુવકની ધરપકડ

થાણેઃ થાણેના કોપરી વિસ્તારમાં ક્રાઇમ બ્રાન્ચે ૩૧ લાખ રૂપિયાનું ચરસ પકડી પાડીને બિહારના યુવકની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ મોહંમદ આફતાબ આલમ મોહંમદ સલીમ અખ્તર તરીકે થઇ હોઇ કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

થાણે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-પાંચના અધિકારીઓને માહિતી મળી હતી કે થાણે નજીક કોપરી પૂર્વમાં સ્ટેશન નજીક એક વ્યક્તિ નશીલો પદાર્થ વેચવા માટે આવવાની છે. આથી પોલીસ ટીમે સોમવારે છટકું ગોઠવ્યું હતું અને યુવકને તાબામાં લીધો હતો. યુવકની તલાશી લેવામાં આવતાં તેની પાસેથી ૩૧ લાખ રૂપિયાનું ચરસ મળી આવ્યું હતું.

દરમિયાન નવી મુંબઈના પનવેલમાં પોલીસે પંજાબના બે રહેવાસીને પકડી પાડીને ૧.૦૫ લાખનું હેરોઇન જપ્ત કર્યું હતું.

પનવેલ શહેર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર નીતિન ઠાકરેએ કહ્યું હતું કે આરોપીઓની ઓળખ સતનામસિંહ સુખદેવસિંહ (૩૧) અને સુખવિંદરસિંહ મુકનરસિંહ તરીકે થઇ હતી. તેમની વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. ■

# સપના બુક હાઉસ

સપના ભારતમાં એક અગ્રણી પ્રકાશક છે, જેની પાસે કન્નડ, અંગ્રેજી અને અન્ય પ્રાદેશિક ભાષાઓમાં પ્રતિષ્ઠિત લેખકો દ્વારા ૭૫૦૦થી વધુ શીર્ષકો અને ૯૫૦થી વધુ પાઠ્ય અને સંદર્ભ પુસ્તકો છે. તેણે પ્રકાશનના ક્ષેત્રમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે અને સીમાચિહ્નો સ્થાપિત કર્યા છે. સપનાને શ્રેષ્ઠ પ્રકાશક તરીકે "કર્ણાટક રાજ્યોત્સવ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો છે અને ફેડરેશન ઓફ પબ્લિશર્સ એન્ડ બુકસેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા અને ફેડરેશન ઓફ એજ્યુકેશનલ પબ્લિશર્સ ઇન ઈન્ડિયા બંને તરફથી બેસ્ટ બુક સેલર એવોર્ડ પણ મળ્યો છે. વધુમાં, તેને ૯૩.૫ રેડ એફએમ તરફથી 'ધ બેસ્ટ બુક શોપ' અને દેશના શ્રેષ્ઠ પ્રાદેશિક પ્રકાશન ગૃહ માટે પ્રતિષ્ઠિત 'ચાણક્ય એવોર્ડ' સહિત અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા છે.

ધ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા 'ભારતના સૌથી મોટા પુસ્તક શોરૂમ' તરીકે માન્યતા આપવામાં આવી છે. કંપની ૩,૫૦૦થી વધુ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, કોર્પોરેટ ઓફિસો અને જાહેર પુસ્તકાલયોમાં પણ સેવા આપે છે. બધા સ્ટોર્સ એકબીજા સાથે જોડાયેલા છે, જે દરેક ગ્રાહકની જરૂરિયાતોને સંતોષવા માટે સમગ્ર ઇન્વેન્ટરીની ઝડપી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. સપનાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી નીતિન શાહ જણાવે છે કે, સપનામાં આવનાર ગ્રાહક ચોક્કસપણે નિરાશ થશે નહીં; અમારા સ્ટોકમાં વિવિધ પ્રકારના ઉત્પાદનો છે, જ્યાં અમારી પાસે દરેક માટે કંઈક છે.

પુસ્તકોનો ઉલ્લેખ આવતા જ તમને સપનાની યાદ આવી જશે. સપના ભારતનો સૌથી મોટો બુક મોલ છે, જે દરેક શક્ય પુસ્તક અને બિન-પુસ્તક ખરીદદારોને સેવા આપે છે. સપના (જેનો અર્થ 'સ્વપ્ન' થાય છે)નો પાયો ૧૯૬૭માં જન્મથી ગુજરાતી જૈન શ્રી સુરેશ શાહ દ્વારા ૪૦ ચોરસ ફૂટના નાના છૂટક વિસ્તારમાં નાખવામાં આવ્યો હતો. આજે, તે ૫,૫૦,૦૦૦ ચોરસ ફૂટથી વધુના પ્રદર્શન ક્ષેત્રમાં વિસ્તર્યું છે, જે દસ લાખથી વધુ ટાઇટલ ઓફર કરે છે, ૧ કરોડ ઉત્સાહિત ગ્રાહકોનું સ્વાગત કરે છે, ૧૦૦૦+ સમર્પિત સ્ટાફના પરિવારનું પાલન-પોષણ કરે છે. તે સ્ટેશનરી, ભેટો, રમકડાં, રમતગમત અને રમતો, કલા અને હસ્તકલા, ગેજેટ્સ અને એસેસરીઝ, ઓફિસ પુરવઠો, બેક-ટુ-સ્કૂલ ઉત્પાદનો, ચોકલેટ, ખોરાક, સામયિકો અને પ્રાદેશિક ભાષાના પુસ્તકોની વિશાળ શ્રેણીનો પણ સ્ટોક કરે છે. ■

# પુણેમાં ભરબપોરે જ્વેલરીની દુકાનમાં લૂંટ

પુણેઃ બાઈક પર આવેલા ત્રણ લૂંટારાએ ભરબપોરે પિસ્તોલની ધાકે જ્વેલરીની દુકાનની માલકણની કથિત મારપીટ કરી સોનાના દાગીનાની લૂંટ ચલાવી હોવાની ઘટના પુણેમાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ લૂંટની ઘટન મંગળવારની બપોરે દોઢ વાગ્યાની આસપાસ પુણેના વડગાંવ બુદ્રુક વિસ્તારમાં બની હતી. બાઈક પર ત્રણ લૂંટારા જ્વેલરીની દુકાન બહાર આવ્યા હતા. બે લૂંટારા દુકાનમાં પ્રવેશ્યા હતા, જ્યારે એક દુકાન બહાર બાઈક પર બેઠો હતો. પોલીસ ફરિયાદ અનુસાર દુકાનમાં ઘૂસેલા બન્ને શખસે પિસ્તોલ સહિતનાં શસ્ત્રોની ધાક બતાવી હતી. બાદમાં શોકેસનો કાચ તોડી અંદાજે ૬૦ ગ્રામ સોનાના દાગીના લૂંટ્યા હતા. દુકાનની માલકણ મંગલ ઘાડગે (પંચાવન)એ લૂંટારાઓને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પણ લૂંટારાઓએ મહિલાની મારપીટ કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

બનાવની જાણ થતાં પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. લૂંટારાઓની ઓળખ મેળવવા માટે પોલીસ સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઈ)■














વ્યાવસાયિક શિક્ષા વિદ્યાર્થી માટે સ્કૉલરશિપ
ઍંજિનિયરીંગ ડીગ્રી, ડીપ્લોમા, મેડિકલ, ફાર્મસી, માસ મિડીયા, નર્સિંગ, ટુરીઝમ હોટેલ મેનેજમેંટ
ધોરણ ૧૦ અને ૧૨ પછી વ્યાવસાયિક શિક્ષણ ના વિદ્યાર્થી માટે આ યોજના લાગુ છે
આ શિષ્યવૃતી લોન સ્વરુપે આપવામાં આવશે. ૧૦ અને ૧૨ માં ધોરણ પછી નોકરી મળ્યા પછી લોન ના હપ્તા માસિક દરે પાછા આપવામાં રહેશે. આના ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ લેવામાં આવશે નહિં.
Introducing New Feature
Ask any Question on VLS WA Chatbot
99877 80151
અહીં અનલાઇન અરજી કરો : sites.google.com/site/mulundrotaryvls/
અરજી સ્વિકારવાની અંતીમ તારીખ : ૩૧ ઓગસ્ટ ૨૦૨૫
આયોજક Rotary Club Of Mulund
facebook.com/MulundRotaryVls/
022 - 4972 4760, 4004 4898
97690 79853, 83560 12866

FOR SALE SPECIAL OFFER
Prime Property for Sale – Vile Parle West
(Under Redevelopment)
- 1300 Sq. Ft. RERA Carpet
- Luxury Complex by a Reputed Developer
- 30 Seconds from a Renowned School
- 10 Minutes from the Airport
- 100% Payment by Chq / DD or NEFT / RTGS Only
- Exclusive Referral & Brokerage Incentives
- Super Attractive Price – Owners Relocating Abroad!

With 3 bedrooms, 4 bathrooms, beautiful view perfect for your family.
This is a rare investment opportunity in one of Mumbai's most sought-after locations!
CONTACT : 84339 55646 / 74001 57299 LOCATION : Vile Parle West, Mumbai.

# ભરતી પરીક્ષામાં છેતરપિંડી બદલ નાશિક કરન્સી પ્રેસના સાત કર્મચારી વિરુદ્ધ ગુનો

મુંબઈ: મુંબઈમાં ૨૦૨૨માં યોજાયેલી ભરતી પરીક્ષા દરમિયાન ડમી ઉમેદવારોનો ઉપયોગ કરવા બદલ નાશિકના કરન્સી નોટ પ્રેસ (સીએનજી)ના સાત કર્મચારી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

નાશિકના ઉપનગર પોલીસ સ્ટેશનમાં ગયા મહિને કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને સોમવારે પવઇ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાયો હતો, કારણ કે દેશભરમાં ૧૪૯ વિવિધ હોદ્દાઓ માટેની પરીક્ષા આ વિસ્તારના એક કેન્દ્રમાં ચાલી રહી હતી.

આરોપીઓની ઓળખ રવિરંજન કુમાર, સંદીપ કુમાર, શિશુપાલ કુમાર, આયૂષ રાજ, રજીબસિંહ, સંદીપ કુમાર અને આશુતોષ કુમાર તરીકે થઇ હોઇ તેઓ બિહારના નાલંદા જિલ્લાના વતની છે.

ચકાસણી દરમિયાન તેમના શિક્ષણના પ્રમાણપત્રો નકલી હોવાનું જાણવા મળતાં આ ગેરરીતિ પ્રકાશમાં આવી હતી.

વિજિલન્સ ડિપાર્ટમેન્ટની વધુ તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે આરોપીઓએ ૨૦૨૨માં ભરતી પરીક્ષા આપવા માટે ડમી ઉમેદવારોનો ઉપયોગ કર્યો હતો. (પીટીઆઇ)

# નાલાસોપારામાં પોલીસના ત્રાસથી કંટાળી બિલ્ડરની આત્મહત્યા

મુંબઈ: બે પોલીસ કોન્સ્ટેબલોના કથિત ત્રાસથી કંટાળી બિલ્ડરે આત્મહત્યા કરી હોવાની ઘટના નાલાસોપારામાં બની હતી. આત્મહત્યા પૂર્વે બિલ્ડરે ચિઠ્ઠી લખી હતી, જેમાં બન્ને કોન્સ્ટેબલો આત્મહત્યા માટે જવાબદાર હોવાનું નોંધ્યું હતું. નાલાસોપારામાં કથિત આપઘાત કરનારા બિલ્ડરની ઓળખ જયપ્રકાશ ચૌહાણ તરીકે થઈ હતી. ચૌહાણે નાલાસોપારા પૂર્વના સંયુક્ત નગર ખાતેની ઓમ શ્રી દર્શન બિલ્ડિંગના પુનર્વિકાસનું કામ હાથ ધર્યું હતું. બાંધકામ માટે પોલીસ કોન્સ્ટેબલ શ્યામ શિંદેએ સગાંસંબંધીઓ પાસેથી મેળવીને ૫૦ લાખ રૂપિયાનું ફાઈનાન્સ કર્યું હતું. એક વર્ષમાં જ આ રકમ ડબલ કરી આપવાના આશ્વાસન પર કોન્સ્ટેબલે નાણાં આપ્યાં હતાં અને જામીન તરીકે ચાર ફ્લૅટનો તાબો લખાવી લીધી હતો, એવું સૂત્રોએ જણાવ્યું હતું. ઈમારતના બાંધકામને વર્ષ વીત્યું હોવાથી શિંદેએ તેનાં નાણાં પાછાં માગ્યાં હતાં. શિંદે વતી તેના મિત્ર કોન્સ્ટેબલ રાજેશ મહાજન અને મધ્યસ્થી કરનારા લાલા લજપતે વારંવાર ચૌહાણ પાસે રૂપિયાની માગણી કરી હતી. કહેવાય છે કે ચૌહાણે ૩૨ લાખ રૂપિયા ચૂકવ્યા પણ હતા, પરંતુ બાકીની રકમ માટે બિલ્ડરને કથિત ત્રાસ અપાતો હતો. આ બિલ્ડિંગ અમારી છે... તું બિલ્ડિંગ નહીં છોડે તો ખોટા કેસમાં સંડોવવાની ધમકી શિંદેએ આપી હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો હતો. પોલીસના ત્રાસથી કંટાળીને જ ચૌહાણે પુત્રના ઘરે સીલિંગ ફૅન સાથે ગળાફાંસો ખાધો હતો. આ બાબતનો ઉલ્લેખ ચૌહાણે સુસાઈડ નોટમાં કર્યો હતો.

# અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અલગ કમિશન બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) સમુદાયો માટે અલગ અલગ કમિશન સ્થાપવા માટે મંગળવારે મહારાષ્ટ્રના સામાજિક ન્યાય પ્રધાન સંજય શિરસાટે વિધાન પરિષદમાં બે બિલ રજૂ કર્યા હતા. કેન્દ્ર સરકારના ધોરણને અનુસરીને મહારાષ્ટ્ર કેબિનેટે ગયા મહિને બંને સમુદાયો માટે અલગ કમિશનની સ્થાપના કરવા માટે મંજૂરી આપી હતી. ગયા મહિને મુખ્ય પ્રધાનની ઓફિસ દ્વારા એક નિવેદન બહાર પાડી જણાવવામાં આવ્યું હતુ કે કેન્દ્રમાં એસસી અને એસટી સમુદાય માટે બે અલગ કમિશન છે. બંને કમિશન જુદા જુદા મુદ્દાઓ પર કામ કરે છે તે મુજબ રાજ્યમાં બંને કમિશન સ્વતંત્ર રીતે કામ કરે તે આવશ્યક છે. ૫૧મી ટ્રાઈબલ એડવાઈઝરી કમિટીએ રાજ્યમાં આદિવાસી સમુદાયઓ માટે એક અલગ અને સ્વતંત્ર કમિશનની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. શેડ્યુલ ટ્રાઈબ માટે મહારાષ્ટ્ર રાજ્ય કમિશનની સ્થાપના માટેના ડ્રાફ્ટ બિલમાં જણાવાયું છે કમિશનના અધ્યક્ષ એસટી સમુદાયના જ રહેશે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ‘આઈ લવ યુ’ કહેવાથી

અથવા વિનયભંગ ઈરાદાથી કરવામાં આવેલી ટિપ્પણીનો સમાવેશ થાય છે. ફરિયાદ મુજબ, તે વ્યક્તિએ નાગપુરમાં ૧૭ વર્ષીય પીડિતાનો હાથ પકડીને ’આઈ લવ યુ’ કહ્યું હતું. નાગપુરની એક સેશન્સ કોર્ટે ૨૦૧૭ માં તેને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. હાઈકોર્ટે તે વ્યક્તિની સજા રદ કરી, નોંધ્યું કે એવી કોઈ પરિસ્થિતિ નથી કે જે દર્શાવે કે તેનો વાસ્તવિક હેતુ પીડિતા સાથે જાતીય સંપર્ક સ્થાપિત કરવાનો હતો. હાઈ કોર્ટે કહ્યું કે આ કેસ છેડતી કે જાતીય સતામણીના દાયરામાં આવતો નથી. હાલના કેસમાં, એવો કોઈ પુરાવો નથી કે જે દર્શાવે છે કે આરોપીએ જાતીય ઇરાદાથી ‘આઈ લવ યુ’ કહ્યું હતું.

### શું થવા બેઠું છે આ જનરેશનનું...

હતું. વળી, સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ અને સાક્ષીઓનાં નિવેદનને આધારે પોલીસને છોકરાની સંડોવણીની ખાતરી થઈ હતી. પરિણામે ભાંડુપ પોલીસે સોમવારની રાતે છોકરા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો.

તપાસમાં જણાયું હતું કે છોકરીએ સોસાયટીમાં પ્રવેશતી વખતે રજિસ્ટરમાં પોતાનું ખોટું નામ નોંધ્યું હતું અને સાથે મોબાઈલ નંબર છોકરાનો નોંધ્યો હતો. બાદમાં બન્ને જણ છોકરાના ઘરે જવાને બદલે ડી વિંગના ૩૨મા માળે ગયાં હતાં. નીચે ઊતરતી વખતે છોકરો ૩૨મા માળને બદલે ૩૦મા માળથી લિફ્ટમાં પ્રવેશ્યો હતો. છોકરીનો મોબાઈલ ઘટનાસ્થળેથી ખાસ્સે દૂર ઈ વિંગ પાસેથી મળી આવ્યો હતો. છોકરાએ ઘટનાની સાંજે સોસાયટીના જિમમાં રાખવામાં આવેલા રજિસ્ટરમાં તેના નામ પર છેકછાક કરી હતી. એ સિવાય બન્ને વચ્ચે થયેલા ઝઘડાનો અવાજ ૩૦મા માળે રહેતી મહિલાએ સાંભળ્યો હતો, પરંતુ મહિલા ફ્લૅટની બહાર નીકળી ત્યારે છોકરો એકલો લિફ્ટ પાસે ઊભો હતો. આવી અનેક બાબતોની સ્પષ્ટતા તપાસમાં થઈ હતી. આખરે છોકરાએ કબૂલ્યું હતું કે છોકરીએ ઈન્સ્ટાગ્રામ પર તેને પ્રપોઝ કર્યું હતું. તેણે માત્ર ફ્રેન્ડશિપ રાખવાનું કહ્યું હતું, પણ છોકરી ડેટિંગ માટે દબાણ કરતી હતી. ઘટનાની સાંજે તે વાતચીત કરવા છોકરીને અગાશી પરની પાણીની ટાંકી પર લઈ ગયો હતો. ત્યાં ડેટિંગને મુદ્દે વિવાદ થતાં છોકરીએ છોકરાને ધક્કો માર્યો હતો. આ વાતનો ગુસ્સો આવતાં છોકરાએ જોરથી ધક્કો મારતાં છોકરી બિલ્ડિંગ પરથી નીચે પડી ગઈ હતી.

### ડોમ્બિવલીના રવીન્દ્ર

૨૦૧૯ સુધી ફડણવીસની આગેવાની હેઠળની સરકારમાં રાજ્યકક્ષાના પ્રધાન હતા અને બાદમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારમાં જાહેર બાંધકામ ખાતાના પ્રધાન હતા. અગાઉના કેબિનેટ અનુભવ હોવા છતાં, ગયા વર્ષે ડિસેમ્બરમાં મહાયુતિ ગઠબંધન દ્વારા સરકાર રચાઈ ત્યારે તેમને પ્રધાન મંડળમાં સામેલ કરવામાં આવ્યા ન હતા.

રિજિજુએ નામની જાહેરાત કરતા કહ્યું, ‘હું રવીન્દ્ર ચવાણને નવા રાજ્ય ભાજપ પ્રમુખ તરીકે ચૂંટવાની ઘોષણા કરું છું. તેઓ સર્વાનુમતે ચૂંટાયા છે. તેઓ પહેલેથી જ વિવિધ સંગઠનાત્મક ભૂમિકાઓમાં પાર્ટીની સેવા કરી ચૂક્યા છે.’ ચવાણની પદોન્નતિ એવા નિર્ણાયક સમયે થઈ છે, કારણ કે પાર્ટી આ વર્ષના અંતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટેની તૈયારી કરી રહી છે. તેમને એક સક્ષમ રાજકીય સંગઠક તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે અને છેલ્લા દાયકામાં મુંબઈ મહાનગર પ્રદેશ અને કોંકણમાં ભાજપની હાજરીને વિસ્તૃત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે કર્જત, બદલાપુર અને માથેરાન જેવા અર્ધ-શહેરી વિસ્તારોમાં ભાજપના વિસ્તરણ દરમિયાન મુખ્ય સંગઠનાત્મક ભૂમિકા ભજવી હતી.

મહારાષ્ટ્રમાં સંગઠનાત્મક ચૂંટણીઓનું પક્ષના કેન્દ્રીય નિરીક્ષક તરીકે દેખરેખ રાખતા રિજિજુ દ્વારા ચૂંટણી પ્રક્રિયાની ઘોષણા બાદ ચવાણે સોમવારે ભાજપ રાજ્ય એકમના પ્રમુખપદ માટે પોતાનું નામાંકન દાખલ કર્યું હતું. ચવાણને નવી ભૂમિકા સોંપવામાં આવે તે પહેલાં બોલતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નોંધ્યું હતું કે પ્રદેશ પ્રમુખની ચૂંટણી એક માળખાગત પ્રક્રિયાને અનુસરીને કરવામાં આવી હતી, જેની શરૂઆત જિલ્લા અને મંડળ પ્રમુખોની પસંદગીથી થઈ હતી. તેમણે કહ્યું કે, મુંબઈ ભાજપ એકમના નવા પ્રમુખની પસંદગી પણ રાજ્ય નેતૃત્વ સાથે પરામર્શ કરીને ટૂંક સમયમાં કરવામાં આવશે. પાર્ટીના શહેર એકમનું નેતૃત્વ હાલમાં આશિષ શેલાર કરી રહ્યા છે, જેઓ સાંસ્કૃતિક બાબતોના પ્રધાન તરીકે પણ સેવા આપે છે.

### શનિવારે વીસ વર્ષે

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરે રેલીમાં હાજરી આપશે.

લગભગ બે દાયકામાં પ્રથમ વખત બંને પિતરાઈ રાજકીય કાર્યક્રમમાં એકસાથે જોવા મળશે.

મહારાષ્ટ્રની શાળાઓમાં પહેલા ધોરણથી પાંચમા સુધી હિન્દી ભાષા દાખલ કરવાના વધતા વિરોધનો સામનો કરી રહેલા રાજ્ય કેબિનેટે રવિવારે ત્રણ ભાષાની નીતિના અમલ અંગેના બે જીઆર (સરકારી આદેશો) પાછા ખેંચવાનો નિર્ણય લીધો હતો.

આ જાહેરાત પછી તરત જ, રાજ ઠાકરેની આગેવાની હેઠળની મનસે અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી)એ કહ્યું કે જીઆર વિરુદ્ધ પાંચમી જુલાઈએ આયોજિત વિરોધ કૂચ રદ કરવામાં આવી છે.

જોકે, ઉદ્ધવ ઠાકરેએ પછી કહ્યું હતું કે, પાંચમી જુલાઈએ ‘મરાઠી માણસોની એકતાનો વિજય’ ઉજવવા માટે એક કાર્યક્રમ યોજાશે.

સંયુક્ત આમંત્રણ ‘મરાઠી બહેનો અને ભાઈઓ’ને સંબોધવામાં આવ્યું છે અને રેલીને મરાઠી ગૌરવ અને એકતાની ઉજવણી તરીકે વર્ણવવામાં આવી છે.

‘શું અમે સરકારને નમવા મજબૂર કરી? હા! આ ઉજવણી તમારી રહેશે અને અમે ફક્ત તમારા વતી લડી રહ્યા હતા,’ એમ આમંત્રણના સંદેશામાં કહેવામાં આવ્યું છે.

રેલી પાંચમી જુલાઈએ સવારે ૧૦ વાગ્યે વરલીના એનએસસીઆઈ ડોમ ખાતેથી શરૂ થશે, એમ તેમાં જણાવાયું છે.

રાજ્યમાં આગામી પાલિકા ચૂંટણીઓ પહેલા તેમના પક્ષો હાથ મિલાવશે તેવી અટકળો વચ્ચે, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેનું સ્ટેજ શેરિંગ એક મહત્ત્વપૂર્ણ ઘટના બની રહેશે અને તે બંને પિતરાઈ ભાઈઓ દ્વારા શક્તિ અને પ્રાદેશિક ગૌરવનું પ્રદર્શન બની રહેવાની અપેક્ષા છે.

આ કાર્યક્રમની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, જેમાં બંને પક્ષોના વરિષ્ઠ નેતાઓ આયોજનમાં સામેલ છે.

શિવસેના (યુબીટી) તરફથી સંજય રાઉત, અનિલ પરબ અને વરુણ સરદેસાઈને કાર્યક્રમનું આયોજન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, જ્યારે મનસેએ તેના નેતાઓ બાલા નાંદગાંવકર, અભિજીત પાનસે, સંદીપ દેશપાંડે અને નીતિન સરદેસાઈને જવાબદારી સોંપી છે.

### વર્સોવા-ભાયંદર

બોમ્બે હાઈ કોર્ટમાં પાસેથી અંતિમ મંજૂરી માગશે. હાઈ કોર્ટની મંજૂરી મળ્યા બાદ જ પ્રત્યક્ષરૂપમાં કામ ચાલુ થઈ શકશે. આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ વર્સોવાથી ભાયંદરનું અંતર ૯૦- ૧૨૦ મિનિટ પરથી ફક્ત ૧૫થી ૨૦ મિનિટનું થઈ જશે. બળતણમાં બચતની સાથે જ કાર્બન ઉત્સર્જનમાં પંચાવન ટકાનો ઘટાડો થશે. જોકે આ રોડને કારણે ૮.૨૪ હેકટર મેનગ્રોવ્ઝ જંગલને કાયમી ધોરણે અસર થવાની છે. જેનાથી લગભગ ૯,૦૦૦ મેનગ્રોવ્ઝ વૃક્ષો પ્રભાવિત થશે.

મુંબઈ કોસ્ટલ રોડ (સાઉથ) નરીમન પોઈન્ટથી બાન્દ્રાનો ખુલ્લો મુકાઈ ગયો છે. મુંબઈના ઉત્તર પટ્ટામાં બાન્દ્રાથી વર્સોવા વચ્ચે કોસ્ટલ રોડનું કામ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન મારફત કરવામાં આવી રહ્યું છે. તો વર્સોવાથી ભાયંદર કોસ્ટલ રોડ પ્રોજેક્ટનું કામ પાલિકા કરી રહી છે. આ કોસ્ટલ રોડનું કામ પૂરું થયા બાદ નરિમન પોઈન્ટથી ભાયંદર સિગ્નલ રહિત ટ્રાફિકમાં અટવાયા વગર ઝડપથી પહોંચી શકાશે. એ સાથે જ પશ્ચિમ ઉપનગરનો અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરનો ટ્રાફિકમાં મોટો ઘટાટો થશે.

પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ૧૬,૬૨૧ કરોડ રૂપિયાના ખર્ચે બનનારા ૨૦ કિલોમીટર લાંબા વર્સોવા-દહિસર કોસ્ટલ રોડને કારણે ટ્રાફિકમાં ઘટાડો થશે. દહિસરથી ભાયંદરને જોડતો ૫.૬ કિલોમીટરનો એલિવેટેડ રોડ (૪૫ મીટર પહોળો) ૩,૩૦૪ કરોડ રૂપિયાના ખર્ચે બનશે. મરીન ડ્રાઈવરથી ભાયંદર સુધીના ૬૦ કિ.મી.ના મેગા પ્રોજેક્ટમાં ઈન્ટરચેન્જ, એલિવેટેડ રોડ, પુલ અને બે ટનલ હશે, જે અત્યાધુનિક બાંધકામ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બનાવવામાં આવશે. બીજા તબકકામાં આ રૂટ વર્સોવા, મલાડ, માલવણી, કાંદિવલી, બોરીવલી અને દહિસરમાંથી પસાર થશે અને મીરા રોડ થઈને ભાયંદરમાં પૂરો થશે. આ પ્રોજેક્ટનું કામ ઑગસ્ટ ૨૦૨૫માં શરૂ થશે અને ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં કામ પૂરું કરવાનો લક્ષ્યાંક છે.

આ પ્રોજેક્ટ જમીન અને ખાડી બંને વિસ્તારોને આવરી લેવાનો છે, જેનો મોટાભાગનો ભાગ કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) હેઠળ આવે છે. પાલિકાએ ગયા વર્ષે તમામ જરૂરી પર્યાવરણીય મંજૂરીઓ મેળવી હતી. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે ૧૯ જૂનના રોજ પાલિકાને મેનગ્રોવ્ઝ ફોરેસ્ટ કન્વર્ઝન પ્રસ્તાવને મંજૂરી આપી હતી. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટ ૮.૨૪ હેકટર મેનગ્રોવ્ઝ ફોરેસ્ટને કાયમી ધોરણે અસર કરશે, જેનાથી લગભગ ૯,૦૦૦ મેનગ્રોવ્ઝ વૃક્ષો પ્રભાવિત થશે, જેમાં મુખ્ય રોડ અને એક્સેસ રોડની બાજુમાં, હાઈ-વોલ્ટેજ પાવર લાઈન હેઠળ અને ટનલના કામને કારણે મેનગ્રોવ્ઝને અસર થશે. વધુમાં ૬૮.૫૫ હેક્ટર મેન્ગ્રોવ્ઝ વિસ્તારને અસ્થાયી રૂપે અન્ય સ્થળે ડાઈવર્ટ કરવામાં આશે. જે બાંધકામ દરમ્યાન લગભગ ૩૬,૦૦૦ વૃક્ષોને તાત્પૂરતા સમય માટે અસર કરશે. બાંધકામ પૂરું થયા બાદ આ વિસ્તારને પુનઃસ્થાપિત કરવામાં આવશે. નુકસાનીની ભરપાઈ કરવા માટે મુંબઈ મેનગ્રોવ્ઝ સેલ દ્વારા એક મેનગ્રોવ્ઝ રિસ્ટોરેશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે, જેની દેખરેખ હેઠળ આ કામ કરવામાં આવશે. મેન્ગ્રોવ્ઝને નુકસાન થશે તેની સરભાઈ કરવા માટે ભાયંદર ગાંવમાં ૩૧ હેકટર પર લગભગ ૧,૩૭,૦૨૫ છોડ દ્વારા પાલિકા વાવવામાં આવવાની છે.

### નાના પટોલેની વિધાનસભામાં

વિધાનસભા મતવિસ્તાર પરતુરમાં ખેડૂતોના એક મેળાવડામાં જણાવ્યું હતું કે, ‘જે લોકો તેમના પક્ષ અને સરકારની ટીકા કરે છે તેઓને ખબર હોવી જોઈએ કે તેઓને કપડાં, જૂતા, મોબાઇલ, યોજનાઓના નાણાકીય લાભો અને વાવણી માટે પૈસા અમારા કારણે મળી રહ્યા છે.’

જ્યારે કોકાટેએ એવો દાવો કર્યો હતો કે ખેડૂતોએ લોન માફીના પૈસા લગ્નમાં ખર્ચ્યા છે. એક રૂપિયો એવી વસ્તુ છે જેને ભિખારીઓ પણ સ્વીકારતા નથી, પરંતુ સરકાર એટલી રકમમાં પાક વીમો આપી રહી છે, જેનો કેટલાક લોકો દ્વારા દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે, એમ કૃષિ પ્રધાને કહ્યું હતું.

મંગળવારે પ્રશ્નકાળ પછી તરત જ, પટોલેએ ખેડૂતોનું ‘અપમાન’ કરવા બદલ લોણીકર અને કોકાટે સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

તેઓ પોડિયમ પર ધસી આવ્યા હતા અને સ્પીકર રાહુલ નાર્વેકર સાથે દલીલ કરતા જોવા મળ્યા હતા.

આ બધી ધમાલને કારણે ગૃહની કાર્યવાહી પાંચ મિનિટ માટે મુલતવી રાખવામાં આવી હતી.

જ્યારે ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ, ત્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પટોલેની ટીકા કરતા કહ્યું કે કોંગ્રેસના નેતા સ્પીકર તરફ આક્રમક રીતે આગળ વધ્યા હતા, જે યોગ્ય નથી અને તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવતી નથી. તેમણે કહ્યું કે પટોલે માફી માગવી જોઈએ.

જોકે, પટોલે ફરીથી સ્પીકરના પોડિયમ પર ચઢી ગયા અને લોણીકર અને કોકાટે સામે કાર્યવાહીની માગણી કરી હતી.

ત્યારબાદ સ્પીકરે જાહેરાત કરી કે તેઓ પટોલેને આખા દિવસ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરી રહ્યા છે.

પહેલી જુલાઈને ખેડૂત દિવસ તરીકે ઉજવતા પટોલેએ પાછળથી ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકાર પર પ્રહારો કર્યા અને ખેડૂતોની અવગણના અને અનાદર કરવાનો આરોપ લગાવ્યો.

‘હું દરરોજ ગૃહમાં ખેડૂતોના મુદ્દાઓ ઉઠાવતો રહીશ, ભલે મને દરરોજ સસ્પેન્ડ કરવામાં આવે,’ એમ ભૂતપૂર્વ પ્રદેશ કોંગ્રેસના વડાએ વિધાનસભા પરિસરમાં ગૃહની બહાર પત્રકારોને જણાવ્યું હતું.

કમોસમી વરસાદ, લોન માફી, પાક વીમો અને ખેડૂતોને બોનસ વાસ્તવિક ચિંતાઓ છે. સરકારે આ બધા વચનો આપ્યા હતા, પરંતુ પૂરા કર્યા નથી, એવો દાવો તેમણે કર્યો હતો.

‘જ્યાં સુધી ભાજપના વિધાનસભ્ય બબનરાવ લોણીકર અને કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે સામે ખેડૂતો વિશેની તેમની કથિત અપમાનજનક ટિપ્પણી બદલ કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે અને જ્યાં સુધી મુખ્ય પ્રધાન ફડણવીસ ખેડૂતોની માફી નહીં માગે, ત્યાં સુધી અમે શાંતિથી બેસીશું નહીં,’ એમ પટોલેએ ભારપૂર્વક જણાવ્યું હતું.

ભાજપ સરકારે ખેડૂતો માટે બોનસની જાહેરાત કરી હતી, પરંતુ ક્યારેય તે ચૂકવ્યું નથી. તેમણે પાક વીમા યોજના પણ બંધ કરી દીધી છે. ખેડૂતોને ટેકો આપવાને બદલે, શાસક પક્ષના નેતાઓ તેમનું અપમાન કરી રહ્યા છે, એવો આરોપ પટોલેએ લગાવ્યો હતો.

‘લોણીકરે કહ્યું કે ‘ખેડૂતો આપણા પૈસા પર જીવે છે’, શું આ એ લોકોનું અપમાન નથી જે આપણને ખવડાવે છે?’ એવો સવાલ તેમણે કર્યો હતો.

‘મેં આ વિધાનસભાના સ્પીકર તરીકે સેવા આપી છે... હું નિયમો અને પ્રક્રિયાઓ સમજું છું. મને દેવેન્દ્ર ફડણવીસના પ્રમાણપત્રની જરૂર નથી કે હું અધ્યક્ષનો આદર કરું છું કે નહીં,’ એમ પટોલેએ કહ્યું હતું.

કોંગ્રેસ અને મહા વિકાસ આઘાડી (એમવીએ)ના અન્ય ઘટકોના સભ્યોએ વિધાનસભામાંથી વોકઆઉટ કર્યું, અને આખા દિવસ માટે કાર્યવાહીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી.

તેમણે આરોપ લગાવ્યો કે શાસક પક્ષ વિપક્ષને ખેડૂતોના મુદ્દાઓ પર બોલવા દેતો નથી અને જે લોકો આમ કરવાનો પ્રયાસ કરે છે તેમને સજા કરે છે.

એનસીપી (એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે પટોલેનો બચાવ કરતા એવો દાવો કર્યો કે કોંગ્રેસના નેતા સ્પીકરની ખુરશીની નજીક પણ નહોતા.

‘જેઓ હવે સત્તામાં છે તેઓ જ્યારે વિપક્ષમાં હતા ત્યારે ગૃહના મધ્યભાગે તોફાન કરતા હતા. મેં તેમને વિવિધ મુદ્દાઓ પર સ્પીકરને ઘેરી લેતા જોયા છે. આજે જ્યારે અમે સાચા મુદ્દાઓ ઉઠાવીએ છીએ, ત્યારે અમને સસ્પેન્ડ કરવામાં આવે છે,’ એમ તેમણે કહ્યું હતું.

કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે બાર જિલ્લાઓમાં પ્રસ્તાવિત નાગપુર-ગોવા શક્તિપીઠ એક્સપ્રેસવે સામે ચાલી રહેલા ખેડૂતોના વિરોધ તરફ ધ્યાન દોર્યું.

‘જ્યારે ખેડૂતો રસ્તા પર વિરોધ કરી રહ્યા છે, ત્યારે રાજ્યના કૃષિ પ્રધાન તેમના વિરુદ્ધ ટિપ્પણીઓ કરે છે અને ભાજપના વિધાનસભ્ય લોણીકર તેમનું અપમાન કરતી ભાષા વાપરે છે. સરકારનું મૌન આ નિવેદનોને સમર્થન આપે છે,’ એવો દાવો તેમણે કર્યો હતો.

‘ખેડૂતો માટે સંઘર્ષ ચાલુ રહેશે. ભલે તેઓ અમને જેલમાં મોકલે, અમે ખેડૂતો માટે લડવા તૈયાર છીએ,’ એમ વડેટ્ટીવારે ઉમેર્યું હતું.

## હિન્દુ મરણ

સ્વ.ગીરીશભાઇ જમનાદાસભાઇ સેજપાલ (ઉં.વ.૫૯) તે સ્વ.જમનાદાસ કરશનજીભાઇ સેજપાલ તથા સ્વ. સરસ્વતીબેન જમનાદાસ સેજપાલના પુત્ર. પુનીતાબેનના પતિ. પ્રિયંકા અને મંથનના પિતાશ્રી. જયેશભાઇ, રાજનભાઈ તથા દક્ષાબેન જીતેન્દ્રકુમાર કુંડલીયાના ભાઇ. ધ્વનિલકુમાર અતુલભાઇ રૂપારેલીયાના સસરા. સ્વ.કાનજીભાઇ ખોડીદાસભાઈ પુજારાના ભાણેજ, તે સ્વ.અમૃતલાલ દેવચંદભાઈ ભોજાણી (મોરબીવાળા)ના જમાઇ. તા.૨૮-૬-૨૫, શનિવારના રોજ અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તથા પિયરપક્ષની સાદડી તા.૩-૭-૨૫, ગુરુવાર, સાંજે ૫ થી ૬, પારસ કોમ્યુનીટી હોલ, નિર્મલા સ્કુલની સામેની શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

**કોળી પટેલ**

ગામ અમલસાડ, હાલ બોરીવલીના રહેવાસી સ્વ. શાંતિલાલ મોરારજી પટેલના પુત્ર સ્વ. નરેન્દ્ર શાંતિલાલ પટેલ (ઉં.વ. ૬૧) તા. ૨૩-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ. નયનાબેનના પતિ. તે હેમાંગ અને હર્ષિતાના પપ્પા. તે જીતેન્દ્રભાઈ અને હરેન્દ્રના મોટાભાઈ. તે પારુલબેન અને ભારતીબેનના જેઠ. તે રૂત્વિક અને પ્રિયાંશના નાના. પુષ્પાણી ગુરુવાર, તા. ૩-૭-૨૫ના ૩.૦૦થી ૫.૦૦ નિવાસસ્થાને રાખેલ છે. સરનામું: રૂમ નં. ૧૩૧, શિવશક્તિ મંડળ, રાજેન્દ્ર નગર, દત્તાપડા રોડ, હોન્ડા સર્વિસના સામે, બોરીવલી (પૂર્વ).

**કચ્છી લોહાણા**

સ્વ. જશોદાબેન મેઘજી મુલજી કેસરિયા ગામ નરેડો હાલ મુલુંડના વચેટપુત્ર મુરલીધર (ઉં. વ. ૮૧) તે સ્વ. ભગવતીબેનના પતિ. માલતી જગદીશ, ભારતી જયેશના સસરા. તે સ્વ. ગંગાબેન દયારામ વિસનજી કતીરા ગામ મુધાનવાળાના મોટા જમાઇ.તે સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. ત્રિવેણીબેન કતીરા, સ્વ. દલસુખભાઇ, ગં. સ્વ. મંજુલાબેન મહેન્દ્ર કોટકના ભાઇ. તા. ૩૦-૬-૨૫ સોમવારના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૭-૨૫ બુધવારે ગોપુરમ હોલ, ડો. આર. પી. માર્ગ,જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, સાંજે ૫.૩૦થી ૭. મુલુંડ (પ.)

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મોરચંદ નિવાસી સ્વ. જશવંતરાય મથુરાદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. ઇલાબેન જશવંતરાય મહેતા (ઉં. વ. ૮૪) તા. ૩૦-૬-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે કલ્પેશ, રાહુલ તથા હીનાના માતુશ્રી. તથા માલા, શિતલ તથા ધર્મેશભાઇ, ભગતના સાસુ, તે સ્વ. ગુલાબબેન ઠાકોરદાસ મોદીના દીકરી. તે ગં. સ્વ. જ્યોત્સનાબેન હસમુખરાય મહેતા તથા સૌ. રશ્મિબેન રમેશભાઇ શાહનાં મોટાબેન. તે ધ્વનિ, ઋતુ, માનવનાં દાદીમા. તથા નિરાલી, હેત્વીના નાની. પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૫ને ગુરુવારે સાંજે ૫થી ૬.૩૦. ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**કોડીનાર મોઢવણિક**

જીતેન્દ્ર (ઉં. વ. ૭૯) સ્વ. જયાકુંવર દયાળજી ગાંધીના પુત્ર. સ્વ. હર્ષાબેનના પતિ. સોનલ, હિતેન, પરાગના પિતા. ધ્રુતિ, પ્રિતીના સસરા. સ્વ. ઈચ્છાબેન રતિલાલ દેસાઈના જમાઈ. સ્વ. નલીની મધુસુદન શાહ, સ્વ. ઈન્દ્રવદન, પ્રમોદ તથા અરૂણા પ્રદિપ ગાંધીના ભાઈ. પ્રાર્થનાસભાઃ મંગળવાર, તા. ૧-૭-૨૫, સાંજે ૫ થી ૭. જલારામ હોલ, ૬ઠ્ઠો રસ્તો, જુહુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

ગામ ભુજ હાલે બોરિવલી, ગં.સ્વ. જવેરબેન કાંતિલાલ હરિશંકર બાવા (ઉં. વ. ૮૨). કલ્પના કિરીટ મણાણી, જયશ્રી અરવિંદ જોષી, બિપીનના માતુશ્રી. સ્વ. લક્ષ્મીબેન મોતા ગામ બાગની સુપુત્રી. રીમા સમીર પાટીલના દાદીમા. તા. ૨૯-૬-૨૫, રવિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થના તા. ૧-૭-૨૫, મંગળવાર સમય ૫ થી ૭, ઠે. શ્રી લુહાર સુતારની વાડી, બોરિવલી (પૂર્વ).

**કંઠી ભાટિયા**

સુશીલાબેન લલિતભાઈ ગોંડલીયા પીપળી નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. લલિતભાઈ શ્યામજી ગોંડલીયાના ધર્મપત્ની (ઉં. વ. ૮૭) તા. ૩૦-૬-૨૫, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે નિમેશભાઈ તેમજ યોગેનભાઈના માતુશ્રી. સ્વપ્નિલના દાદી. પ્રવિણાબેન નિમેષભાઈના સાસુ. સ્વ. ભગવાનદાસ અને સ્વ. વ્રજકુંવરબેન વેદના પુત્રી. સ્વ. કસ્તુરબેન, જશુબેન, ધીરુભાઈ, સરોજબેન, ચંદુબેન અને દિનેશભાઈના બહેન. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટિયા**

ડો. વિજય વેદ (ઉં. વ. ૮૩) તે સ્વ. દમયંતિબેનના પતિ. ધર્મેન્દ્ર તથા પંકજના પિતા. મોરબીવાલા સ્વ. શાંતાબેન તથા પુરસોતમદાસના પુત્ર. છિંદવાળાવાલા સ્વ. જીવીબેન તથા સ્વ. ખીમજીભાઇના જમાઇ. સ્વ. જમનાબેન, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. ચંદાબેન, સ્વ. નરેન્દ્રભાઇ. અ.સૌ. ભારતીબેન તથા સ્વ. મહેન્દ્રભાઇના ભાઇ. તે રવિવાર, તા. ૨૯-૬-૨૫ના રોજ પૂના મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

**દશા મોઢ માંડલિયા**

સરસીયા હાલ મુંબઇ કિશોર વ્રજલાલ મૂછાળાના પત્ની હંસા કિશોર મૂછાળા (ઉં. વ. ૭૯) તા. ૩૦-૬-૨૫ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતાબેન તથા પરષોતમ વિઠ્ઠલદાસ શાહના પુત્રી. હસમુખભાઇ, રવિન્દ્રભાઇ, સ્વ. ભામિની, ગીતા, દક્ષાના બેન. સુહાસિની અને ઉષાના નણંદ. કૃતિ પરીખના માતુશ્રી. દીપેશ, પરીખના સાસુ. તથા હેમ અને અલાનાના નાની. પ્રાર્થનાસભા તથા સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ પોરબંદરવાળા હાલ કાંદિવલી સ્વ. શારદાબેન તથા સ્વ. સુરેશચંદ્ર નારણદાસ મદલાણીના પુત્ર પરેશભાઈ (ઉં. વ. ૫૬) તે ૩૦/૬/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. જયેશભાઇ તથા પિંકી જનકકુમાર ઠક્કરના ભાઈ, હર્ષિલ તથા ચાર્મી તેજસ શાહના કાકા, સાસરાપક્ષે પોરબંદરવાળા સ્વ. ગોરધનદાસ કક્કડના જમાઈ. પ્રાર્થનાસભા ૩/૭/૨૫ ના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨ કલાકે લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

બેપ્સી મીનોચેર અડાજન્યા તે મરહુમ મીનોચેર હોરમઝજી અડાજન્યાના વિધવા. તે મરહુમો બાનુબઇ આદરજી એલાવ્યાના દીકરી. તે જીમી, પરવીન ફીરોઝ રયોમંદના મમા. તે કેશમીરા જીમી, ફીરોઝ ને કેશમીરા રયોમંદના સાસુજી. તે મરહુમો દોસાભાઇ, સોહરાબ, આબુ નેબેહરામના બહેન. તે પરસી, વીસપી, શેખશાનના બપઇજી. (ઉં. વ. ૯૬) રે. ઠે. બી-૮, શીવ કૃપા, કુલુપવાડી રોડ, બોરીવલી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં.૨. ડુંગરવાડી.

સાયરસ જાલ સીગનપોરીયા તે ઝરીનના ધની. તે મરહુમો જર જાલ સીગનપોરીયાના દીકરા. તે પરવેઝના પપા. તે ઝીનોબીયાના સસરા. તે પરસીસ કેકી એન્જિનિયરના બહેન. તે રોકસેન પરવેઝ સીગનપોરીયાના બપાવાજી. તે મરહુમો બાનુબઇ રુસ્તમ ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૭૮) રે. ઠે. આર. બ્લોકસ, રૂમ. નં. ૨૫, નવરોઝ બાગ, એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૭-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ઓલબ્લેસ બંગલીમાં છેજી.

ઓસ્તી હોમજી સોરાબજી દુબાશ તે મરહુમ ઓસતા સોરાબના ધનીયાની. તે મરહુમો જરબાનુ હોરમઝજી બજીનાના દીકરી. તે મરહુમો જમશેદ, નોશીર, રુસી, બરજોર ને સુના સાવક દારૂવાલાના બહેન. તે મરહુમો ઓસ્તી તેહમીના નસરવાનજી દુબાશના વહુ. તે મરહુમ ગઇમાયના ભત્રીજી. તે મરહુમો માનેક, જમશેદ, રુસી ને મેરી દોસ ભરુચાના ભાભી. (ઉં. વ. ૯૪) રે. ઠે. કે-૧૬, ખુશરુ બાગ,એસ. ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૭-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં.૧માં ડુંગરવાડી.

કેરસી દારા ગાંધી (ઉં. વ. ૭૧) તા. ૨૯ જૂને ગુજરી ગયા છે. તે ફરીદાના હસબન્ડ. દારા અને શેરુના દીકરા. ખુરશેદ, રુઝવેહ, એશસ્તાદના ફાધર. અનાહિતા, લાગના, સાવિઓલાના સસરા. ટેક્વિલા, અયાન, ફ્રોદોના ગ્રેન્ડ ફાધર.

## જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

બાબરા નિવાસી હાલ વિલે પાર્લે, સ્વ. ન્યાલચંદ ગીરધરલાલ શાહના સુપુત્ર પ્રતાપભાઈ (ઉં. વ. ૮૧) તા. ૩૦-૬-૨૫, સોમવારના સ્વર્ગવાસ થયેલ છે. તે રસીલાબેનના પતિ. પરાગ, ધૃતિના પિતાશ્રી. નિમેશભાઈ તથા અ.સૌ. ડિમ્પલના સસરા. સ્વ. નવીનભાઈ, સ્વ. શરદભાઈ, મહેશભાઈ, વિલાસ રણજીતકુમાર શાહ, કોકિલા કૌશિકકુમાર દોશીના ભાઈ. જીરાવલા વ્રજલાલ હરજીવન દોશીના જમાઈ. સાદડી, પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

નરેડીના ચિ. પ્રીત રાજેશ નાગડા (ઉં. વ. ૧૯) તા. ૩૦-૬-૨૫ના અવસાન પામેલ છે. કવિતાના સુપુત્ર. કસ્તુરબેન લક્ષ્મીચંદના પૌત્ર. માતુશ્રી જયવંતીબેન વસંતલાલ છેડાના દોહીત્ર. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦.

મંજલ રેલડીયાના જેઠાલાલ રતનશી ગડા (ઉં. વ. ૬૪) તા ૩૦-૦૬-૨૫ના અવસાન પામેલ છે. રાજબાઈ રતનશીના પુત્ર. નયનાના પતિ. કિંજલ, અખિલના પિતા. ચંચલ, મણીલાલ, લક્ષ્મીચંદ, પ્રેમીલા, દીપકના ભાઇ. ગુણવંતી શામજીના જમાઈ. પ્રા.વ. સ્થા જૈન શ્રા. સ. કરસન લધુ નિસર હોલ. ટા. ૪ થી ૫.૩૦.

નવીનારના લીલાવંતીબેન કલ્યાણજી વોરા (ઉં. વ. ૭૮) તા. ૨૯-૬-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી નેણબાઈ વીરજી મોણશીના પુત્રવધૂ. કલ્યાણજીના પત્ની. ચેતનના માતુશ્રી. ડેપાના લક્ષ્મીબેન લખમશી ગોસરના પુત્રી. ખીમજી, હસમુખ, રાયણના વંદના વીરચંદ, પત્રીના જસવંતી પ્રવિણ, રંજન જયંતિલાલ, બિદડાના વનિતા પ્રવિણના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચેતન વોરા : ૮૦૨, ગાર્ડિના, જાકુ ક્લબ, પ્રભાત કોલોની, સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ-૫૫.

ગઢશીશાના માતોશ્રી ધનબાઇ આસુ દેઢિયા (ઉં. વ. ૯૯) તા. ૩૦.૬.૨૫ ના અવસાન પામેલ છે. દેવલમા વાલજીના પુત્રવધૂ. આસુભાઇના ધર્મપત્ની. પુષ્પા, નવલ, શાંતિલાલ, ઝવેરચંદ, મહેન્દ્ર, રંજન, પ્રેમીલા, બીનાના માતુશ્રી. શેરડી માનબાઇ કુંવરજીના પુત્રી. દામજી, વિસનજી, લીલાધર, ગઢસીસા પાનબાઇ દામજીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઝવેરચંદ દેઢીયા, સી/૨૦૩, એકમેં બોલવર્ડ, સર્વોદય નગર, જોગેશ્વરી (ઇ.) ૬૦.

બાડા/હાલે અમદાવાદના ગુલાબ દામજી સાવલા (ઉં. વ. ૬૯) ૩૦.૬ ના અવસાન પામ્યા છે. દેમીબાઈ દામજી હીરજીના સુપુત્ર. રંજનબેનના પતિ. ભાવેન, ગૌરવના પિતાશ્રી. વસનજી, દિનેશ, લાયજા હેમલતા નાનજી વીરજી, દેઢીઆ જવેરબેન હરખચંદ ધારસી, બાડા વર્ષા અનીલ રામજીના ભાઈ. મેરાઉ પુષ્પાબેન રામજી જીવરાજના જમાઈ. પ્રાર્થના : તા. ૪.૭.૨૦૨૫ (ટા. ૪ થી ૫.૩૦) ઠે. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુ નિસર હોલ (દાદર).

રાયણના તલકશી દેવજી ગાલા (ઉં. વ. ૮૮) તા.૨૯-૬-૨૫ના મોક્ષધામી બન્યા છે. લાધીબાઈ દેવજી કુરપારના પુત્ર. પ્રભાબેનના પતિ. હેમંત, પિયુષ, રશ્મિના પિતા. રાયણ પાનબાઈ મોહનલાલ, બિદડા વેલબાઈ કુંવરજી, રાયણ રતનબેન કલ્યાણજીના ભાઈ. રતનબેન મીઠુભાઈ ગડાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈન્ટરવલ



કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## ટ્રેડને તલવાર બનાવી ઘા કરવા ડ્રેગનનો કારસો!

**ભારત સંબંધોમાં સુમેળ સાધવા રાજદ્વારી પ્રયત્નો આદરી રહ્યું છે ત્યારે શત્રુ દેશ ચાઈના દુશ્મનાવટ નિભાવવા, રેર અર્થ મેગ્નેટ અને ફર્ટિલાઈઝર જેવી મુખ્ય જણસોની નિકાસને અટકાવીને ભારત સામે વ્યૂહાત્મક કારસો ઘડી રહ્યો છે. આવી હરકતો ભારતના ઉત્પાદન અને કૃષિને નકારાત્મક અસર કરી શકે છે. અલબત્ત, ભૂતકાળની સરહદી અથડામણ બાદ ભારતે ચીની આર્થિક જોડાણો પર લાદેલા કેટલાક પ્રતિબંધનો આ પ્રત્યાઘાત પણ હોઈ શકે છે, પરંતુ ચીની ડ્રેગનથી સતત ચેતીને રહેવા માટે આ લાલ બત્તી છે.!**

એક તરફ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંઘની મુલાકાત અને એસસીઓ સમિટ માટે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવલની તાજેતરની મુલાકાત સહિત ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી ચર્ચા ચાલી રહી છે, ત્યારે બીજી તરફ ચીન ઉશ્કેરણીજનક પગલાં લઈ રહ્યું છે.

ડ્રેગને મુંબઇ-અમદાબાદ હાઇ-સ્પીડ રેલ કોરિડોર માટે નિર્ધારિત રેર અર્થ મેગ્નેટ, સ્પેશિયાલિટી ફર્ટિલાઇઝર્સ અને ટનલ બોરિંગ મશીનો (ટીબીએમએસ) સહિતની ભારત માટે અત્યંત મહત્ત્વની જણસોની નિકાસ થંભાવી દીધી છે અથવા ખૂબ જ વધુ પડતી વિલંબિત કરી છે.

આ પગલા ચાઇનાની દાનત અથવા તો સ્પષ્ટ ભાષામાં બદ્નિયત વિશે તાત્કાલિક સવાલો ઊભા કરે છે! ચીનની તાજેતરની હરકતો પ્રતિબિંબિત કરે છે કે તે ભારત સાથેના તેના વેપાર સંબંધને વ્યૂહાત્મક લાભના સાધન તરીકે તે કઇ રીતે ઉપયોગમાં લેવા માગે છે. ડ્રેગન ભારતનું નાક દબાવવા માગે છે.

**કી સપ્લાય ચેઇન પર ચીનનૌ જબરો સંકજો**

ચાઇના રેર અર્થ મેગ્નેટ, ફર્ટિલાઇઝર ઇન્પુટ્સ અને ઔદ્યોગિક મશીનરીના વિશ્વના અગ્રણી ઉત્પાદક તરીકે સુસ્થાપિત છે. ઇરાદાપૂર્વક ભારતને આ વસ્તુઓની નિકાસ વિલંબિત કરીને અથવા અટકાવીને, બેઇજિંગ ઉપરોક્ત વર્ચસ્વને હળવાશ સાથે પરંતુ નિશ્ચિતપણે જબરદસ્ત ભારપૂર્વક વર્તાવી રહ્યું છે.

અદ્યતન ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રિક વાહનો, વિન્ડ ટર્બાઇનો વગેરેમાં રેર અર્થ મેગ્નેટ અત્યંત આવશ્યક ઘટક છે, ભારતીય કંપનીઓ માટે આ ઘટકની નિકાસને નકારી કાઢીને, ચીન ભારતની હાઇટેક મેન્યુફેક્ચરિંગમાં ધીમું પાડી રહ્યું છે, જે ભારતની 'મેક ઇન ઇન્ડિયા' અને પ્રોડક્શન-લિંક્ડ પ્રોત્સાહન (પીએલઆઈ)ની પહેલનો મુખ્ય આધારસ્તંભ છે.

એ જ રીતે, ચાઇનીઝ બંદરો પર રાખવામાં આવેલા સ્પેશિયલાઇઝ્ડ ફર્ટિલાઇઝર્સ ભારતના કૃષિ ક્ષેત્રને એવા સમયે અસર કરી રહ્યાં છે જ્યારે તેની ખરી મોસમ છે અને બીજી તરફ વૈશ્વિક ખાદ્ય સુરક્ષાની ચિંતા વધારી રહ્યા છે.

જાપાન સાથે કો-ફંડિંગ વ્યવસ્થા ધરાવતા ફ્લેગશિપ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે નિર્ણાયક ટનલ બોરિંગ મશીનોની નાકાબંધી, આર્થિક વિલંબ અને રાજદ્વારી ત્રાસવાદ બંનેનો પરિચય આપે છે.

**વાજબી કારણો કે પછી ભૌગોલિક રાજકીય રમત?**

ચીને આમાંના કેટલાક નિકાસ વિલંબ માટે ટેક્નિકલ કારણો આપ્યાં છે, ખાસ કરીને ફર્ટિલાઇઝર્સ માટે આવાં બહાનાં આપ્યાં છે. ચાઇનીઝ કસ્ટમ સત્તાવાળાઓએ સ્થાનિક ખેતીવાડીની જરૂરિયાતોને સુરક્ષિત રાખવા અને ફુગાવાને નિયંત્રિત કરવા માટે, એન્ટ્રી એક્ઝિટ ઇન્સ્પેક્શન અને ક્વોરેન્ટાઇન (સીઆઈક્યુ) પ્રોટોકોલ્સને નામે આડખીલીઓ ઊભી કરી છે.

આ નિકાસ અટકાવવાની પ્રવૃત્તિ ઇરાદાપૂર્વકની આયોજનપૂર્વકની કવાયતનો હિસ્સો જણાય છે. હેતુપૂર્વક ખાસ કરીને જ્યારે સંવેદનશીલ ક્ષેત્રો અને પ્રોજેક્ટ્સ લક્ષ્યાંકિત કરવામાં આવ્યા છે, ત્યારે વધુ ગણતરી કરેલી ભૌગોલિક રાજકીય વ્યૂહરચના તરફ નિર્દેશ કરે છે.

ચીન આ રીતે, સત્તાવાર રીતે કોઈ વેપાર પ્રતિબંધ જાહેર કર્યા વિના દબાણ લાવવા માટે અમલદારશાહી સાધનોનો ઉપયોગ કરી રહ્યું છે. ચાઇના ભારત માટેના શિપમેન્ટનું નિરીક્ષણ કરી રહ્યું નથી, એક્સપ્રેસ પ્રતિબંધ લાદ્યા વિના નિકાસને અવરોધિત કરવા માટે વિવિધ કાર્યવાહીનો ઉપયોગ કરી રહ્યા છે. આ પેટર્ન સૂચવે છે કે તે આમાં સ્થાનિક જરૂરિયાત ઓછી અને વ્યૂહાત્મક ચાલબાજી વધુ છે.

**ટીકટોક સહિત ૨૦૦થી વધુ ચીની એપ પર પ્રતિબંધ**

ખાતર ઉદ્યોગનાં સાધનો જણાવે છે કે, ચાઇના પાછલાં પાંચેક વર્ષથી ભારતમાં સ્પેશિયાલિટી ફર્ટિલાઇઝર્સના સપ્લાયર્સને પ્રતિબંધિત કરી રહ્યું છે. જો કે, આ વખતે નિકાસ સંપૂર્ણ અટકાવી છે.

રાજકીય નિરીક્ષકો માને છે કે, ચીનના વેપારના અવરોધો પાછળનું મુખ્ય કારણ ચીની આર્થિક જોડાણ પર ભારતના ગાલવાન પછીના પ્રતિબંધો માટે બદલો હોઈ શકે છે. લદ્દાખમાં ૨૦૨૦માં આકાર પામેલી ઘાતક સરહદી અથડામણ થઈ ત્યારથી, ભારતે તેની અર્થવ્યવસ્થામાં ચીની પ્રભાવને મર્યાદિત કરવા માટે ઘણાં પગલાં લીધાં છે.

જેમ કે, નવા ફેરફાર અંતર્ગત ચાઇના તરફથી રોકાણ માટે હવે અપડેટ કરેલા એફડીઆઈ ધોરણો (પ્રેસ નોંધ ૩) હેઠળ સરકારની મંજૂરી આવશ્યક છે. ટીકટોક સહિત ૨૦૦થી વધુ ચાઇનીઝ મોબાઇલ એપ્લિકેશનો પર રાષ્ટ્રીય સુરક્ષા આધારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ભારત અને ચીન વચ્ચેની સીધી ફ્લાઇટ્સ પ્રતિબંધિત રહી છે. ચીનના દ્રષ્ટિકોણથી આ પ્રતિબંધોએ ભારતના વિશાળ ગ્રાહક બજાર અને રોકાણની જગ્યામાં તેની પહોંચને કાબૂમાં કરી છે. ચીન આ રીતે વ્યાપારી પ્રતિબંધો મૂકીને પોતાની નારાજગી જાહેર કરી રહ્યું છે અને ભારતને આર્થિક રેસમાં આગળ વધતા અટકાવવા માટે પ્રયાસો કરી રહ્યું છે.

**ભારત પાસે કેવા વિકલ્પો છે?**


ચીન ચોક્કસ મેગ્નેટ અથવા વિશેષ ગ્રેટના ખાતર જેવી સરળતાથી જેની અવેજી ઉપલબ્ધ ના હોય તેવી વસ્તુઓના પુરવઠાને પસંદગીયુક્ત રીતે વિક્ષેપિત કરીને, નિકાસ નાકાબંધી મારફત દબાણ લાવીને ભારતની સ્થિતિસ્થાપકતાનું પરીક્ષણ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ચીન નિરીક્ષણ કરી રહ્યું છે કે ભારત વિકલ્પોને કેટલી ઝડપથી ધરી શકે છે.

જોકે ભારતે પહેલેથી જ આ બાબતની આશંકા ધ્યાનમાં રાખીને તૈયારી શરૂ કરી દીધી છે. રશિયા ચીનને પાછળ છોડીને ભારતનાં ખાતરોના સૌથી મોટા સપ્લાયર તરીકે ઊભરી આવ્યું છે. રેર અર્થ મેગ્નેટ માટે, ભારત ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને જાપાન સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવી રહ્યું છે.

સ્થાનિક ધોરણે આવી મહત્ત્વની જણસોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પીએલએ યોજનાઓ અમલી બનાવી છે. ચીન જાણે છે કે ભારત રસ્તો શોધી લેશે, પરંતુ ત્યાં સુધીના ગાળામાં તે નુકસાન પહોંચાડવા માગે છે. ચીન માને છે કે અન્ય સ્રોતો ભારતને મોંઘા પડશે અને ભારતને ચીન તરફ પાછાં ફરવું પડશે. ભારતે હવે મિશન બનાવીને વૈકલ્પિક સપ્લાયર શોધવા સાથે સ્થાનિક ઉત્પાદન પર ભાર મૂકવો અનિવાર્ય છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## સાબદા રેજો, ત્રીજા વિશ્વયુદ્ધની સ્ક્રિપ્ટ લખાઈ રહી છે...



આખું વિશ્વ દારૂગોળા પર બેઠેલું લાગે છે અને દરેક શાસક ત્રીજા વિશ્વયુદ્ધની પટકથા લખી રહ્યો હોવાનું પ્રતીત થાય છે. એક બાજુ યુક્રેન- રશિયાનું ત્રણથી વધારે વર્ષથી ચાલતું યુદ્ધ વધારે ભીષણ અને જીવલેણ થતું જાય છે. રશિયાના વ્લાદિમીર પુતિનના હાથ તો ત્રીજા વિશ્વયુદ્ધનું ટ્રિગર દબાવવા થનગની રહ્યા છે. યુક્રેન સામેના જંગમાં રશિયાનો હાથ ઉપર છે અને યુક્રેનના ૩૦ ટકા પ્રદેશ પર રશિયાએ કબજો જમાવી દીધો છે. આ સાથે રશિયા યુરોપના દેશોને અણુબોમ્બથી ડરાવી રહ્યું છે. રશિયાએ તેની મિસાઈલ, સબમરીન અને લડાયક વિમાનો વોર મોડમાં રાખી છે. યુરોપના દેશો રશિયાથી ભયભીત થઈ રહ્યા છે. ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીએ યુદ્ધમાં અમેરિકા અને ઇઝરાયલની સંયુક્ત તાકાતને નમાવી દીધા છે. ઈરાને યુદ્ધ પછી પણ તેના અણ કાર્યક્રમ ચાલુ રાખવાનો અડગ નિશ્ચય જાહેર કર્યો છે.

બીજી તરફ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ધમકી આપી છે કે જો ઈરાન અણુ કાર્યક્રમ ચાલુ રાખશે તો તેના પર ફરી બોમ્બમારો થશે,. ચીન તાઈવાનને છીનવી લેવા માટે બધી તૈયારી કરીને બેઠું છે. ગમે ત્યારે આ નવો મોરચો શરૂ થઈ શકે. ખાવાના પૈસા ન ધરાવતા ભૂખડી બારશ પાકિસ્તાન હવે અમેરિકા સુધી પહોંચી શકે એવી ઇન્ટર કોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ બનાવી રહ્યું છે. ..અહો,આશ્ચર્યમ!

હવે સમજીએ કે જેમ જેમ સમય વીતે છે એમ વિશ્વયુદ્ધનો ખતરો કેમ વધતો જાય છે...

પહલગામના આંતકવાદી હુમલાને પગલે ભારતે પાકિસ્તાનને પાઠ શીખવાડવા તેના આતંકવાદી છાવણી પર હુમલો કર્યો હતો. પાકિસ્તાને આના જવાબમાં ભારતીય લશ્કરી મથકો પર હુમલા કરતાં ભારતે બ્રહ્મોસ મિસાઈલ વડે પાકિસ્તાનના અનેક શહેરની એર ડિફેન્સ સિસ્ટમ તોડી નાખી હતી. ભારતે લડાઈમાં પ્રભુત્વ જમાવીને યુદ્ધવિરામ જાહેર કર્યો હતો. ચીને આપેલી એર ડિફેન્સ સિસ્ટમ તકલાદી નીકળતા પાકિસ્તાન હવે જર્મની અને બીજા દેશ પાસે એરડિફેન્સ સિસ્ટમ માગી રહી છે. પાકિસ્તાને ચીન પાસે બ્રહ્મોસ જેવા હાઈફર સોનિક મિસાઈલ માગ્યા, પરંતુ ચીને તે આપવાની ના પાડી. હાલમાં રશિયા, ચીન, અમેરિકા અને ઈરાન પાસે હાઈપર સોનિક મિસાઈલ છે. આ મિસાઈલ ન મળતાં હવે પાકિસ્તાન એક ખંડથી બીજા ખંડમાં મોકલી શકાય એવી મિસાઈલ પર કામ કરી હોવાનો અહેવાલ છે. આ અહેવાલ મળતાં અમેરિકા અને યુરોપના દેશો ચોંકી ગયા છે, કારણ કે પાકિસ્તાનને અમેરિકા અને યુરોપ સુધી પહોંચે એવી મિસાઈલ સિસ્ટમની જરાય જરૂર જ નથી.. પાકિસ્તાને ઉત્તર કોરિયા અને ચીની મદદથી એટમ બોમ્બ અને મિસાઈલ સિસ્ટમ વિકસાવી છે. તેની પાસે પોતાનું કંઈ નથી. પાકિસ્તાન ૧૯૫૦માં વિશ્વબેંકનું સભ્ય બન્યું ત્યારથી વિશ્વબેન્કે પાકિસ્તાનને ૪૮.૩ અબજ ડૉલરની મદદ લોન, ગ્રાન્ટ કે ટેકનિકલ સપોર્ટના નામે દીધી છે. જાન્યુઆરીમાં આ બેન્કે પાકિસ્તાનને ૨૦ અબજ ડોલરનું પેકેજ આપ્યું હતું. ઇન્ટરનેશનલ મોનેટરી ફંડે પાકિસ્તાનને ૪૪.૫૭ અબજ ડૉલરની મદદ કરી છે. એશિયન ડેવલપમેન્ટ બેન્કે ડિસેમ્બર ૨૦૨૪થી ૪૩.૪ અબજ ડૉલરની મદદ લોન, ગ્રાન્ટ કે ટેકનિકલ મદદના રૂપમાં આપી છે. એશિયન ડેવલપમેન્ટ બેન્કે પાકિસ્તાન સાથે ૨૫ લોન કરાર કરાર કર્યા છે, જેમાં ૪૪.૫૭ અબજ ડૉલર આપવાની ખાતરી છે. આમાં મે ૨૦૩૫ સુધી ૨૮.૨ અબજ ડૉલરની લોન આપવામાં આવી છે. આમ પાકિસ્તાન વિશ્વ બેન્કનું પાંચમું મોટું દેવાદાર છે.

આ ઉધારી ઉપરાંત, પાકિસ્તાનને ચીને ૨૦૦૦થી ૨૦૨૧ સુધી ૧૧૨.૮૮ અબજ ડૉલરની મદદ આપી છે. ચીને પાકિસ્તાનને ૨૮ અબજ ડૉલરની લોન આપ હોવાનો પણ એક અહેવાલ છે... પાકિસ્તાન પર ૧૩૦ અબજ ડૉલરનું ઋણ છે.

હવે તમે વિચારો કે જે દેશના લોકો ગરીબી અને ભૂખમરામાં મરી રહ્યા છે અને જે દેશ કટોરો લઈને ઠેર ઠેર ભીખ માંગતા હોય છે ને પછી હથિયારો પાછળ કરોડોનો ખર્ચ કરે છે. આવા દેશ હવે અમેરિકા સુધી પહોંચે એવી મિસાઈલ બનાવી રહ્યો છે.!

ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં પાકિસ્તાને જાહેર કર્યું હતુ કે તે ઈરાનને તેના અણુ બોમ્બ આપવા તૈયાર છે. હવે આ દેશ ઇન્ટર કોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ બનાવે તો આખા જગતનું આવી બને. આ દેશ અણુ હથિયારો અને મિસાઈલને તારણ તરીકે નહીં પરંતુ મારણ તરીકે ઉપયોગ કરવા માગે છે. આથી ઈરાન કરતાં પાકિસ્તાન પાસે અણુબોમ્બ કે ઇન્ટર કોન્ટિનેન્ટલ મિસાઈલ હોવી વધારે ખતરનાક છે. આ દેશ ચીન પાસેથી પાંચમી પેઢીના ફાઈટર જેટ વિમાન લેવાનું છે. મળેલ લોનનો ઉપયોગ દેશની ગરીબી ઓછી કરવામાં નહીં,પરંતુ હથિયાર ખરીદવામાં પાકિસ્તાન કરી રહ્યું છે. પાકિસ્તાનના તાબા હેઠળનું કાશ્મીર જો ભારતે પાછું મેળવવું હશે તો ફાઈટર બોમ્બ, સારા ડ્રોન અને એર ડિફેન્સ સિસ્ટમ હોવી જરૂરી છે ભારતે અચ્છા સ્ટીલ્થ ફાઈટર પ્લેન ખરીદવા પડશે... ભારતે કહી દીધું છે કે જો હવે પહલગામ જેવો આતંકવાદી હુમલો થશે તો અમે પાકિસ્તાનને જવાબદાર ગણીને તેને સજા આપીશું. ભારતે જે આતંકવાદી ઠેકાણા ઉડાવી દીધા હતા એ ઠેકાણાને પાકિસ્તાન ફરી બેઠા કરી રહ્યું છે. ભારતે કહ્યું જ છે કે તેનું 'ઓપરેશન સિંદૂર' હજી ચાલુ જ છે. આથી એક આતંકવાદી હુમલો ભારત અને પાકિસ્તાન યુદ્ધ ભડકાવી શકે.

મિડલ ઈસ્ટમાં સ્થપાયેલ સીઝફાયર ગમે ત્યારે તૂટે એવા સંકેતો મળે છે. ઈઝરાયલ અને અમેરિકા ઈરાન પર હુમલો કરવાની ફરી તૈયારી કરી રહ્યા છે. ઈરાને અમેરિકાની દાદાગીરી સામે ન ઝુકીને તેની તાકાત બતાવી છે.

'નાટો'ના દેશ પણ રશિયાથી ભયભીત થઈને તેમનું સંરક્ષણ બજેટ વધારી રહ્યા છે. યુરોપિયન યુનિયન પોતાનું લશ્કર ઊભું કરવા માગે છે. ટ્રમ્પે પહેલાં તો યુરોપને તેમના ભરોસે છોડી દીધું હતું, પરંતુ હવે યુરોપ અમેરિકા પાસેથી હથિયાર ખરીદવાનું હોવાથી ટ્રમ્પ 'નાટો'ના ડેડી બનીને યુરોપને બધી મદદ કરવા તૈયાર થયા છે.

ચીન તાઈવાનને પોતાનામાં સામેલ કરવા ગમે ત્યારે હુમલો કરશે. ચીન જાપાન સામે પણ બાય ચડાવી રહ્યું છે. જાપાનને પણ આટલા વર્ષો પછી પોતાની સુરક્ષાની ચિંતા સતાવી રહી છે.

આમ આખા વિશ્વ માટે સમય ખરાબ છે. કોઈ પણ બે દેશ વચ્ચેનું યુદ્ધ ધીમે ધીમે વિશ્વયુદ્ધમાં ફેરવાઈ જાય એવો ભય છે. આખું જગત બે ભાગમાં વહેંચાઈ ગયું છે. એક બાજુ રશિયા, ચીન અને ઈરાન જેવા મુસ્લિમ દેશો અને બીજી બાજુ યુરોપ અને અમેરિકા હશે. ■

## આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## મુંદડાએ LICને મોંઘોદાટ ચૂનો ચોપડ્યો...

૧૯૫૭ની ૧૬મી ડિસેમ્બરે દેશભરને હચમચાવી નાખનારા કૌભાંડનું મુખ્ય પાત્ર એટલે હરિદાસ મુંદડા. એક વેપારી કુટુંબમાં જન્મેલા હરિદાસે લાઈટ બલ્બના સેલ્સમેનમાંથી શૅરબજારમાં મોટી મૂડી ઊભી કરી, પોતાની ચાલાકીથી. નાની કંપનીના શૅર ખરીદીને સર્ક્યુલર ટ્રેડિંગથી એવા ભાવ વધારવા, ફાસ્ટ ડિલ્સ અને જગલિંગ જેવા નુસખાને પ્રતાપે એનું સામ્રાજય ચાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. પરંતુ છઠ્ઠા દાયકાના મધ્યમાં સામ્રાજ્યને લૂણો લાગવા માંડ્યો અને એની રીતિ-નીતિ પર સવાલ થવા માંડયા. ૧૯૫૬માં બૉમ્બે સ્ટોક એક્સચેન્જે બનાવટી શૅર વેચવા માટે મુંદડાને કસૂરવાર ઠેરવ્યો હતો.

આ સંજોગોમાં કોઈપણ પાછા ઊભા થવા અને આર્થિક રીતે પગભર થવા માટે મહેનત કરે, હવાતિયાં મારે પણ હરિદાસ મુંદડાના મનમાં કંઈક અલગ જ રંધાઈ રહ્યું હતું.

૧૯૫૭ની કલકત્તાની ચેમ્બર ઑફ કોમર્સમાં સંબોધન માટે કેન્દ્રીય નાણાં પ્રધાન તિરુવેલ્લોર થટ્ટાઈ કૃષ્ણમ્માચારી (૧૮૯૯ - ૧૯૭૪) આવ્યા હતા. એમને સાંભળવા માટે આવેલી મેદનીમાં હરિદાસ મુંદડા પણ હતા. નાણાં પ્રધાન સાથે નાણાં સચિવ એચ. એમ. પટેલ પણ આવ્યા હતા. ૧૯૫૭ની ૨૧મી જૂને મુંદડાએ નાણાં સચિવને મળવા માટેનો સમય માગ્યો.

મુંદડાને સમય ફાળવાયો અને મુલાકાતમાં તેમણે પોતાની રજૂઆત કરી. મુંદડાએ આંકડા સાથે પદ્ધતિસરની વાત કરી કે જેથી ગળે ઉતારવામાં તકલીફ ન પડે. મુંદડાએ જણાવ્યું, 'મારી મિલકત એક કરોડ અને પંચાવન લાખની છે. આની સામે મારે બૅંકો અને શૅર દલાલોને રૂા. ૫.૨૪ કરોડ ચુકવવાના છે. જો હું મારા બધા શૅર એકસાથે વેચી નાખું તો શૅરબજાર કડડભૂસ થઈ જશે. એટલે જો એલ.આઈ.સી. મારા શૅર સીધા શૅરબજારમાંથી ખરીદી લે તો બજાર પર જરાય માઠી અસર નહિ પડે અને મને ય રાહત થશે.



હરિદાસ મુંદડા

આ ઉપરાંત મુંદડાએ વધુ એક પ્રસ્તાવ મૂક્યો કે જો એલ.આઈ.સી. મને એક કરોડની લોન આપે છે તો હું તેને બિઝનેસ અપાવીને મને મળનાર કમિશન થકી એ પાછી ચુકવી આપીશ.

હરિદાસ મુંદડાએ જે કંપનીઓના શૅર વેચવાની વાત કરી હતી એ ઓસલર લેમ્પ, રિચાર્ડસન ઍન્ડ ક્રુઝો, એંજેલો બ્રધર્સ, સ્મિથ સ્ટેન સ્ટ્રીટ ઍન્ડ કંપની, બ્રિટિશ ઈન્ડિયા કોર્પોરેશન અને જેસપ ઍન્ડ કંપની વગેરે.

કેન્દ્રીય નાણા સચિવે એચ. એમ. પટેલ તુરંત કોઈ જવાબ આપવાને બદલે પોતાના પ્રસ્તાવ લેખિતમાં સુપરત કરવા જણાવ્યું હતું. પછી પટેલે આ બાબતની ચર્ચા એલ.આઈ.સી.ના અધ્યક્ષ જી. આર. કૉમથ સામે કરી હતી. પછી કેટલીક સામસામી પત્રબાજીને અંતે હરિદાસ મુંદડાએ એલ.આઈ.સી.ને રૂા. ૧ કરોડ, ૧૯ લાખ, ૪૯ હજાર અને પાંચસોના જુદી - જુદી કંપનીઓના શૅર સોંપી દીધા. આની સામે બજાર ભાવ મુજબ મુંદડાને એક કરોડ, ૨૬ લાખ, ૮૫ હજાર અને ૭૫૦ રૂપિયા પણ એલ.આઈ.સી. દ્વારા ચુકવી દેવાયા હતા.

કદાચ ઘણાંને આમાં પહેલી નજરે કંઈ ખોટું થયું હોય એવું ન લાગે. રસપ્રદ બાબત એ બની કે બે દિવસ અગાઉ મુંદડાએ લિખિત પ્રસ્તાવ આપ્યો ત્યારે તેના શૅરના જે ભાવ હતા એમાં બે દિવસમાં રૂપિયા સાત લાખની વૃદ્ધિ થઈ ચુકી હતી.

હવે એ જમાનો ઑનલાઈન ટ્રાન્ઝેકશન કે ટ્રેડિંગનો તો નહોતો. શૅરની ફિઝિકલ ટ્રાન્સફર થતી હતી. એ અપાયા ત્યારે ખબર પડી કે ઓરિજિનલ શૅર અપાયા નહોતા પણ એની નકલ-કોપી જ સોંપાઈ હતી. હકીકતમાં મૂળ શૅર સર્ટિફિકેટ અગાઉ જ મુંદડાએ ક્યાંક ગીરવે મૂકીને લોન લીધી હતી. એક આ ગોટાળો. બીજી અનિમિતતા એ હતી કે એલ.આઈ.સી.ની કારોબારી સમિતિની મંજૂરી વગર આ શૅરની ખરીદી થઈ હતી.

શા માટે? કોને ઈશારે કે દબાણથી! કેવી રીતે? આ મુંદડા કૌભાંડમાં શાસક પક્ષના સંસદ સભ્ય પોતાના જ પક્ષની સરકાર અને વડા પ્રધાન શ્વસુરજી સામે વ્હીસલ બ્લોઅર કેવી રીતે બન્યા? અને શા માટે? (ક્રમશઃ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પિયક્કડનો પોકારઃ પીવાનું પોસાય એવું કરો, ભાઈસા'બ !




અકબર ઈલાહાબાદી - ગુલામ અલીની સંગતની અવિસ્મરણીય ગઝલ 'હંગામા હૈ કયૂં બરપા'માં થોડો છાંટોપાણી કર્યો એમાં શોરબકોર કરવાની શું જરૂર છે એવો સવાલ કરવામાં આવ્યો છે. જોકે, પશ્ચિમ આફ્રિકાના સાડા ત્રણ કરોડની વસતિ ધરાવતા ઘાના નામના દેશમાં 'ડ્રન્કર્ડ્સ એસોસિએશન' - પિયક્કડના સંઘ દ્વારા હોશો હવાસમાં બુલંદ અવાજે પોકાર કરવામાં આવ્યો છે કે 'સરકાર કદરદાન, શરાબના મોંઘા ભાવને કારણે પીવાનું નથી પોસાતું. જેના પેગ લગાવ્યા પછી અમે આસમાનમાં વિહરવા લાગીએ છીએ એ શરાબના ભાવ જમીન સરસા રાખો, એને હવામાં ઊંચે ન જવા દો. આટલી અરજ સુણો હમારી' એમ કહી પિયક્કડોએ શાસકોને ચેતવણી આપી છે કે 'જો ત્રણ અઠવાડિયામાં ઘટતું નહીં કરવામાં આવે તો સંઘના એક કરોડ ૬૬ લાખ લોકો હંગામો મચાવી દેશે...' સભાન અવસ્થામાં ડ્રીંક પ્રેમીઓએ ગણતરી કરી સરકારને રોકડું પરખાવ્યું છે કે અનેક વિદેશી ચલણ સામે તાજેતરમાં ઘાનાનું ચલણ સેડી મજબૂત થયું હોવાથી આલ્કોહોલ તેમ જ અન્ય આયાતી માલના ભાવમાં ઘટાડો થવો જોઈએ. એમાંય યુએસ ડૉલર સામે સેડી ૫૦ ટકા મજબૂત થયો હોવાથી પીવાનું પોસાય એવું કરો એવો કરાયેલો આગ્રહ ઈકોનોમિક્સના સિદ્ધાંતને આધારે ખોટો તો નથી જ.

## ચોરલોકો પણ બે વાર વિચાર કરે



ઉત્તર પ્રદેશના સરહાનપુર જિલ્લાના થરૌલી ગામની વસતિ માંડ ત્રણેક હજાર હશે, પણ ગામ છોટા પેકેટ બડા ધમાકાની જેમ દેશના નામાંકિત શહેરોને ટક્કર આપે એવું છે. હાઈટેક કંટ્રોલ રૂમ, સ્માર્ટ સ્કૂલ, મોડર્ન લાઈબ્રેરી, સીસીટીવી જેવી આધુનિક સગવડોને કારણે વિદેશમાં એની ખ્યાતિ ફેલાઈ છે.

ISO સર્ટિફિકેટ મેળવનારા આ ગામને અનેક એવોર્ડ મળ્યા છે અને ફોરેનરો આ ગામનો અભ્યાસ કરવા આવ્યા છે. સીસીટીવી બેસાડ્યા હોવાને કારણે થરૌલીની સુરક્ષા વ્યવસ્થા એટલી કડક થઈ ગઈ છે કે ચોરલોકો ચોરી કરતા બે વાર વિચાર કરે છે, કારણ કે કેમેરામાં ઝડપાઈ જઈ પકડાઈ જવાનો ભય હોય છે. એટલું જ નહીં, ગામમાં લડાઈ - ઝઘડા સાવ બંધ થઈ ગયા છે, કારણ કે કેમેરામાં કેદ થઈ બધાની નજરે ચડી નાલેશી થવાનો ડર રહે છે. ગામની સન્નારીઓ પણ મોડી રાતે બેખોફ બહાર નીકળી શકે છે. સૌથી વધુ હેરત પમાડનારી વાત એ છે કે થરૌલી ભારતનું પહેલું ગામડું છે, જ્યાં ક્લાઉડ બેઝ લાઉડ સ્પીકર સિસ્ટમ બેસાડવામાં આવી છે. આ વ્યવસ્થાને કારણે દેશ - વિદેશમાં બિરાજમાન કોઈ પણ વ્યક્તિ સમગ્ર ગામને એક સાથે સૂચના આપી શકે છે. ગામમાં બેસાડવામાં આવેલા પ્રત્યેક સ્પીકરને એક કોડ નંબર આપવામાં આવ્યો છે જે ડાયલ કરતાની સાથે એ સ્પીકર એક્ટિવ થાય અને એની પાસે ઊભેલી વ્યક્તિ મોબાઈલ ફોન વિના સામે છેડે રહેલી વ્યક્તિ સાથે વાતચીત કરી શકે છે.... વાહ !

## જિસકા કોઈ નહીં, ઉસકા તિવારી હૈ... યારો!



'લાવારિસ' ફિલ્મમાં પડદા પર અમિતાભ બચ્ચન નિઃસહાય લોકો માટે 'જિસકા કોઈ નહીં, ઉસકા ખુદા હૈ, યારોં' ગાય છે ત્યારે દર્શકોનું હૈયું ક્ષણવાર માટે ભરાઈ આવ્યું હશે.

ઉત્તર પ્રદેશના કાશી શહેરના જનતાના આર્થિક સરવૈયાની માપ મોજણી કરતા નિત્યાનંદ તિવારી નામના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ - સીએ છેલ્લા ૧૨ વર્ષથી 'જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી' ટેગ લાઈન અનુસાર જે મૃતદેહનો કબજો લેવા કોઈ ન આવ્યું હોય એવા 'લાવારિસ મૃતકના ધણી બની અંતિમ સંસ્કાર કરવાની પવિત્ર ફરજ બજાવી રહ્યા છે એ વાત જાણી વાચકોનું હૈયું પણ કદાચ ભરાઈ આવશે.'

૨૦૧૩માં માતાના અવસાન પછી ૬૬ હજારથી વધુ બિનવારસી દેહની ચિતાને અગ્નિદાહ દીધો હોવાથી તિવારીજી 'મૃતકોના મસીહા' તરીકે ઓળખાય છે. કાશીમાં મરણ મળે તો સ્વર્ગમાં જવાય કે નહીં એ તો ઈશ્વર જાણે, પણ તિવારીને કારણે કાશીમાં અવસાન પછી અગ્નિદાહ તો અવશ્ય મળી જાય. ૨૦૧૩માં માતાના અવસાન પછી એમના અંતિમસંસ્કાર માટે સીએ સાહેબ જઈ રહ્યા હતા ત્યારે એક રિક્ષાવાળો ગુણમાં એક બિન વારસ શબ લઈ જતો હોવાનું ધ્યાનમાં આવ્યું. તિવારીના પિતાશ્રીએ એ મૃતદેહનો કબજો લઈ અગ્નિદાહ દીધો.

બસ, એ જ દિવસે તિવારીએ 'જિસકા કોઈ નહીં ઉસકા તિવારી હૈ, યારોં' બનવાનો સંકલ્પ કર્યો જે આજ દિન સુધી ચાલુ છે. દરેક પોલીસ સ્ટેશન પાસે નિત્યાનંદ તિવારીનો ફોન નંબર છે અને પ્રતિદિન ત્રણથી ચાર કબજો ન લેવાયેલા મૃતદેહના અંતિમ સંસ્કાર કરવાની ઉમદા ફરજ એ ગાંઠના ખર્ચીને નિભાવી રહ્યા છે.

## પંખા - એસી વિના ઠંડક



ઉનાળો- શિયાળો - ચોમાસું એ ચાર ચાર મહિનાના હોય એ હવે પછી કદાચ વાર્તાઓમાં જ આવશે એ તરફ દુનિયાનું હવામાન ગતિ કરી રહ્યું છે. પ્રકૃતિ સાથે ચેડાં કરવાની મનુષ્યની હરકતને કારણે ઉનાળો લાંબો થઈ રહ્યો છે એ સમસ્યા અનેક દેશોને સતાવી રહી છે. 'સૂરજ ધીમા તપો'નું રટણ સતત કરવું પડે એવી ગરમીમાં પંખા, કૂલર અને એસીના વપરાશ વિના નથી ચાલતું.

જોકે, આ પ્રકારના કૃત્રિમ રાહતથી કંટાળેલો એક વર્ગ કુદરતી ઉપાયની ખોજમાં સતત રહે છે. એના ફળસ્વરૂપે હવે માટીના ઘરમાં રહેવાનો અખતરો જોર પકડી રહ્યો છે.

અસલના વખતમાં ગરીબ કે મધ્યમવર્ગીય લોકોના ઘર છાણ અને માટીની ગાર કરી જ તૈયાર થતા. આવા ઘરમાં ગરમી કે ઠંડી વધુ નથી લાગતા અને એસી કે હીટરનો ખર્ચો નથી કરવો પડતો. આવાં ઘરમાં લક્ઝરી શક્ય ન હોવાની ધારણાને કારણે અનેક લોકો એનાથી દૂર રહે છે. જોકે, સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં દિલ્હીની બેફામ ગરમીમાં ઠંડકનો અનુભવ કરાવતું માટીનું ઘર આકર્ષણ બની ગયું છે. આ ઘરની એક અનોખી સગવડ (લક્ઝરી) એવી છે કે બહારથી આવતી હવા પાણીથી ટકરાઈ ઘરમાં આવે છે અને ઘરમાં ઠંડક રહે છે.

આવી જ એક વ્યવસ્થા શિયાળામાં ઘરમાં ઉષ્મા જળવાઈ રહે એ માટે પણ કરવામાં આવી છે. પર્યાવરણની જાળવણી કરી પૈસા બચાવતા અને કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ ખાસ્સું ઘટાડતા આ પ્રયોગની સફળતા આવતી કાલ બહેતર બનાવી શકશે.

## લ્યો કરો વાત!

*દિવાળી આવે ત્યારે નાનાં બાળકોને રીઝવવા વડીલો ફટાકડા પણ લાવી આપે. ફૂલઝર, ભોંય ચકરડી અને દાડમ જેવા ફટાકડા ફોડી બાળકો રાજીનારેડ થઈ જાય. યુએસના ઓર્લિયન્સ નામના શહેરમાં ઘરમાંથી ભાગી ગયેલા નાનકડા પાળેલા પ્રાણીને પકડી પાડવા પોલીસે ફટાકડા ફોડવાનો નુસખો અજમાવ્યો હતો. રિસાઈને કે બીજા કોઈ કારણસર ઘરમાંથી નીકળી ઝાડીઓમાં લપાઈ ગયેલા પાળેલાં પ્રાણીને પકડી પાડવા પોલીસે ફટાકડા ફોડ્યા જેનો અવાજ સાંભળી ગભરાઈને કે ગેલમાં આવી જઈ બાળક પ્રાણી રસ્તા પર આવી ગયું અને પોલીસે માલિકને સુપરત કરી દીધું. સાથે ફટાકડા પણ આપ્યા અને ફરી જો ભાગી જાય તો એનો ઉપયોગ કરવાની સલાહ પણ આપી છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**ઘડિયાળમાં તેર ડંકા પડે તો?**
* તો સમજી લો કે તમારી ઘડિયારના બાર વાગી ગયા છે એને ઝટ રિપેર કરાવી લો!

**ઉડતી રકાબી હોય તો કપ ક્યાં ગયો?**
* રમતવીરોએ વર્લ્ડ કપ બનાવી દીધો...

**ગપ્પા શું છે?**
* બિન્ધાસ્ત મારવાની કળા!

**'વાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' કોને અપાય?**
* આજીવન કહ્યાગરા કંથ (પતિ)ને...

**પતિ પરમેશ્વર ગણાય તો પત્ની?**
* બહુભૂજા દેવી....

**જે દેવું કરીનેય ઘી ના પીવે તો?**
* તો તેલ લેવા જાય!

**સવાલને ફેંકો તો શું થાય?.**
* જવાબ ધડાધડ પડવા માંડે....

**પહેલવાનનો વાન કેવો હોય?**
* પહેલવાનનો વાન નહીં એની કદાવર કાયા પર નજર રાખો!

**વરસાદમાં છત્રી કાગડો થઈ જાય તો રેઈન કોટનું શું થાય?**
* પેરાશૂટ....

**દવાની ગોળી પાણી કે દૂધ સાથે જ કેમ લેવી પડે?**
* થોડી રાહ જુઓ.. કોલ્ડ્રિંક અને પાણી પૂરી સાથે પણ લેવાના દિવસો આવશે...

**સાજાતાજામાજા એટલે?**
* તનમનની ખુશી ગજાવતી ત્રિપુટી...

**ઉપરથી નીચે સફરજન પડે તો નીચેથી ઉપર શું જાય?**
* સ્પ્રિંગ..

**ક્યો ડાન્સ કોઈ ક્લાસમાં શીખવવામાં આવતો નથી?.**
* પત્નીના ઈશારે નાચવાનો....

**મનમાં રાઈ ભરાય જાય તો દિલમાં શું થાય?**
* વઘાર થવા માંડે....!

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ચોમાસું બારણે ડોલે ને કચ્છને ઘમરોળે!

ચોમાસું બારણે ટકોરા મારી રહ્યું છે, ત્યારે કચ્છમાં થોડા સમયથી ઉનાળો અને ચોમાસું, બે ઋતુ એક સાથે જ લોકો અનુભવી રહ્યા છે. ઋતુઓ માટે કચ્છીમાં કેટલીય ચોવકો પ્રચલિત છે. ફાગણ મહિનામાં દિવસે ગરમી અને રાત્રે ઠંડક જોવા મળતી હોય છે. આપણી મૂળ ઋતુ ત્રણ જ હોય છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. ફાગણ મહિના માટે એક ચોવક છેઃ **'ફાગણ ફુસીયારો, ડીંઉનારો નેં રાત સીયારો'** 'ફુસ' મૂળ શબ્દ છે, જેનો અર્થ થાય છે, ફૂટ્યા વગરનો! તેના પરથી 'ફુસીયારો' શબ્દ બન્યો હોય તેવું અનુમાન છે. 'ઉનારો' એટલે ઉનાળો અને 'સીયારો' એટલે શિયાળો - ઠંડીની ઋતુ!

આ ત્રણેય ઋતુઓની માણસો પર કેવી અસર પડે છે તે અંગે પણ સુંદર ચોવક વપરાતી હોય છેઃ **'સીયારો ભોગીજો, ઉનારો જોગીજો, ચોમાસો રોગીજો'** મતલબ કે ભોગ ભોગવવા માટે શિયાળો, ઉનાળામાં તો જોગી જેવું જીવન જીવાય અને ચોમાસામાં કોઈને કોઈ ઋતુજન્ય રોગનો ઉપદ્રવ ફેલાતો હોય છે.

આમ તો કચ્છ હંમેશાં પાણીની અછતવાળો પ્રદેશ ગણાતો રહ્યો છે. લોકોને વરસાદની અત્યંત ઈન્તેઝારી રહેતી હોય છે. કયા દિવસે, કયા નક્ષત્રમાં વરસાદ પડવો જોઈએ તેના પણ કુદરતી નિયમો હોય છે. કયા નક્ષત્રમાં કે કયા મહિનામાં જો વરસાદ ન પડે તો તેની જનજીવન પર કેવી અસર પડે તે માટે રચાયેલી ચોવકો બહુ રસપ્રદ છે. 'હાથીઓ' એક નક્ષત્ર છે. જો એ નક્ષત્રમાં ગાજવીજ થાય તો જીવાત એટલે કે જીવજંતુ ઘટી જાય છે. તે માટે એક ચોવક છેઃ **'હાથીઓ ગજે ત મકડ ભજે'** 'ગજે' એટલે ગર્જે અને 'ભજે' એટલે નાશ થાય કે ભાગી જાય. 'મકડ' એ જીવજંતુ માટે વપરાયેલો શબ્દ છે. વળી જો એ નક્ષત્રમાં ખરેખર ગાજવીજ થાય તો એને ચોમાસામાં સારો વરસાદ પડવાનાં એંધાણ માનવામાં આવે છે. કહ્યું છે કે **'હાથીઓ ગજે બોલ ડે, અગલે વરેં જો કોલ ડે'** 'બોલ ડે' એટલે વચન આપેને 'કોલ ડે' એટલે પણ વચન કે બાંહેધરી કે ખાત્રી આપવી!

એવું પણ કહેવાય છે કે, 'હાથીઆ' નક્ષત્રમાં જો વરસાદ વરસે તો આખું વર્ષ સારું જાય છે. **'હાથીઓ વસે હાર, નેં સજો વરે પાર'** તેનો અર્થ એવો થાય છે કે, હાથીઆ નક્ષત્રમાં જો વરસાદની હેલી ચાલુ રહે તો પછીનું વરસ બેડો પાર થઈ જાય છે.

જોકે, સારા ચોમાસાનો બધો આધાર ચૈત્ર અને વૈશાખ મહિનાઓ પર હોવાનું કહેવાય છે. જો ચૈત્ર મહિનામાં ગરમી પડે અને વૈશાખમાં વાયરા વાય તો ચોમાસામાં સારો વરસાદ થાય. ચોવક કહે છેઃ **'ચૈતર તપે નેં વૈશાખ વાય, ચોમાસે મેં ગજણ ગીત ગાય'** અહીં 'ગજણ' શબ્દનો પ્રયોગ થયો છે, જેનો અર્થ થાય છે 'ગર્જના.'


એ બન્ને મહિના પોતાની ફરજ બજાવીને વિદાય થાય એટલે પધરામણી થાય 'જેઠ' મહિનાની!

જેઠ મહિનાના વરસાદને પહેલા ખોળાના પુત્ર સાથે સરખાવવામાં આવ્યો છે. **'જેઠીયા મીં ને પુણેઠી જો પુતર'** 'પુણેઠી' શબ્દનો અર્થ થાય છે 'પહેલા ખોળાનો' 'પુતર' એટલે પુત્ર. જેઠ મહિનો બેસવાનો હોય તેના આગલા દિવસે જો આકાશમાં વીજળીના ચમકારા થાય, તો એમ કહેવાય કે, બૌંતેર દિવસ સુધી વરસાદ ન પડે! કમાલની ગણતરીવાળી ચોવક છેઃ **'જેઠીયા મૂર ખિવેં ત, બૌંતેરો લગે'** અષાઢ અને શ્રાવણ માસની ગણતરી એ બૌંતેર દિવસોમાં આવી જાય જેનો અર્થ એવો થાય કે દુષ્કાળ પડવાનાં એંધાણ છે! 'ખિવે' એટલે વીજળી થાય. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# ખરા યોગીની વ્યાખ્યા શું?

**જે વ્યક્તિ મોહ-મમતા ત્યાગે અને સફળતા-નિષ્ફળતામાં તટસ્થ રહે તે જ સાચો યોગી!**





ખરી નિષ્ઠા-લગનથી કામ કરતી દરેક વ્યક્તિ યોગી જ કહેવાય..

'નિર્મોહી' શબ્દ સંસ્કૃત ભાષા પરથી ઊતરી આવ્યો છે, જેમાં 'નિઃ' અર્થાત્ વિના અને 'મોહ' અર્થાત્ મોહિત થવું અથવા મોહ કે આસક્તિ. નિર્મોહી એટલે એવો મનુષ્ય જે કોઈ પ્રકારની મોહ માયામાં બંધાતો નથી, જેને કોઈ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ સાથે આસક્તિ ન હોય. નિર્મોહી વ્યક્તિ સમજણ અને તટસ્થતાથી તેમજ સાચા વિવેક સાથે જીવન જીવતો હોય છે.

પૌરાણિક તથા આધ્યાત્મિક વિચારો એવું માને છે કે મનુષ્યનાં દુઃખનું મૂળ જ મોહ છે.મનુષ્ય મોહમાં ફસાઈ જાય છે ત્યારે એ સાચું- ખોટું વિચારી શકતો નથી તેમજ ભ્રમમાં જીવવા લાગે છે. મોહના પ્રભાવથી પોતાના કર્તવ્યથી વિમુખ થઈ જાય છે અને સાંસારિક બંધનોમાં બંધાઈ જાય છે. આનાથી વિપરીત જે મોહથી મુક્ત છે તે નિર્મોહી છે.

નિર્મોહી વ્યક્તિ સાદગીથી જીવન જીવે છે. એને ન પોતાની સંપત્તિનું અભિમાન હોય કે ન પત્ની, પુત્ર, પરિવાર કે મિત્રો અંગે આસક્તિ હોય! એ બધાને પ્રેમ કરે છે- સૌનું સન્માન કરે છે. તેમ છતાં કોઈ પર અધિકાર જમાવવાનો અથવા પોતાના પોષણ માટે આસક્ત થવાનો પ્રયાસ નથી કરતો. એની નજરે સંસાર એક નાટક સમાન છે અને પોતે એ નાટકનો કલાકાર છે. એવું માનીને કર્તવ્ય પાલન કરે છે. એને હર્ષ અને શોક બન્ને સમાન લાગે છે. નિર્મોહી વ્યક્તિ સફળતા કે નિષ્ફળતામાં તટસ્થ રહે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા અને ઉપનિષદોમાં નિર્મોહીપણું હોવું એક ગુણ તરીકે ગણવામાં આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે જે વ્યક્તિ મોહ અને મમતા ત્યાગે છે તે જ સાચો યોગી છે. જે પોતાનો ધર્મ, કર્તવ્ય અને સાધના મોહમાયા વિના કરે છે, તે જ મોક્ષ પામે છે.

નિર્મોહી મનુષ્યને શાંતિ મળે છે, કારણ કે એ ચિંતા, ડર અને અસંતોષથી દૂર રહે છે. એ હંમેશાં સકારાત્મક જીવન જીવે છે. નિર્મોહી થવાથી માનવીના સંબંધો પણ વધુ મજબૂત બને છે, કારણ કે એ આસક્તિ વગર નિષ્કપટ પ્રેમ કરે છે.

આજના યુગમાં જ્યાં માનવી પ્રતિસ્પર્ધા, લાલચ અને અપેક્ષાઓમાં બંધાયો છે, ત્યાં નિર્મોહી બનવું મનની શાંતિ માટે અત્યંત જરૂરી છે. પોતાની શક્તિઓને સાર્થક દિશામાં વાપરવા અને કર્તવ્ય પાલન કરવા નિર્મોહી બનવું જરૂરી છે.

આથી નિર્મોહી એટલે એવી અવસ્થા કે જ્યાં મનુષ્ય મોહમાયાથી મુક્ત થઈ એ શાંત અને સચેત અવસ્થા પામે છે. નિર્મોહી હોવું એ ન તો કાર્યોનો ત્યાગ છે કે ન તો સંબંધોનો ત્યાગ છે, બલકે મોહનો ત્યાગ છે, જે જીવને સાચા અર્થમાં મુકત કરે છે.

કુરુક્ષેત્રના યુદ્ધમાં અર્જુન પોતાના સગા-સંબંધીઓ સામે યુદ્ધ કરવાના સમયે મોહમાં પડી જાય છે. જ્યારે શ્રીકૃષ્ણ નિર્મોહી રહે છે.એ કહે છેઃ

'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' અર્થાત્ 'કર્મ કરતો રહે, ફળની આશા મારા પર છોડી દે.' બીજા શબ્દોમાં કર્તવ્ય કરતા રહેવું પણ મોહમાં ન પડવું જોઈએ.

પાંડવો પોતાના સગા-સંબંધી સામે યુદ્ધ કરે છે, કારણ કે એ અધર્મનો નાશ કરવાનું કૃત્ય છે. શ્રીકૃષ્ણ કોઈ પણ પ્રકારનો મોહ રાખતા નથી કે કૌરવો એમના સગા છે કે નહીં. એ તો, માત્ર ધર્મની જ તરફેણ કરે છે.

આવું જ બીજું દૃષ્ટાંત રાજા જનકનું છે.

પ્રાચીન કાળમાં રાજા જનકનું રાજપદ, વૈભવ, પરિવાર વગેરે હોવા છતાં એ સદાય નિર્મોહી હતા. એ રાજકીય કાર્યો કરતા હતા, ભોગ ભોગવતા હતા પણ અંતરમાં આસક્તિ નહોતી. ઉપનિષદો એમને 'વિદ્યા પ્રાપ્ત જનક' અથવા 'વિદેહ જનક' તરીકે ઓળખાવે છે એટલે કે ભૌતિક વસ્તુઓમાં મોહ વિનાના રાજા.

આવાં દૃષ્ટાંત આપણને શીખવે છે કે નિર્મોહી એ છે કે જે પોતાની સેવા કે પ્રેમમાં આસક્તિ નથી રાખતો. તે સહજ અને તટસ્થ રહે છે.

કોઈ પણ વ્યક્તિ પોતાનો ધંધો ખૂબ મહેનતથી કરે છે. સફળ થાય તો ગર્વ નથી કરતો, નિષ્ફળતા આવે તો પણ દુઃખી થતો નથી. ઘરમાં બધાની સેવા કરે છે, તેમ છતાં પોતાનો સ્વાર્થ જોતો નથી. એ વ્યક્તિને પણ નિર્મોહી સમજવો.


*હરખ ને શોકની ન જેને આવે હેડકી ને,*
*તોડી દીધાં માયા કેરાં ફંદ રે...*
*મેરુ તો ડગે પણ જેના મન નવ ડગે...*

**- ગંગા સતી** ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ઓહ સિનેમા ....વાહ સિનેમા!

## યાદ છે તમને....સાત જુલાઈએ ભારતમાં મનોરંજનનો અદ્ભુત પડદો ખૂલ્યો હતો?!



આલમઆરા



રાજા હરિશ્ચંદ્ર

એક રૂપિયો- બે રૂપિયા કે પચાસ પૈસાની ટિકીટ હતી એ દિવસોમાં! થિયેટરમાં આગળ લાકડાની પાટો પર બેસીને ફિલ્મો જોતાં, ઘણા ગામોમાં ફક્ત રાત્રે ખુલ્લામાં પાથરણા પાથરીને ફિલ્મ જોતાં હતાં. સોળ એમએમના પડદા પર ગામડાઓમાં ખાસ શો થતાં. ચાલુ ફિલ્મમાં લાઇટો ચાલી જતી, શો કેન્સલ થતાં, થિયેટર ધૂળિયા હતાં... ગાયનો અને ફાઇટ સીન વખતે થિયેટરમાં ચીસાચીસ થતી, પરદા પર ભગવાનનાં દર્શન થતાં તો સિક્કા ઉછળતા..!

સિનેમા ભારતીય જનજીવન સાથે જોડાયેલું છે. ભારતીય ફિલ્મોની નકલ પાકિસ્તાન, બાંગ્લાદેશ સહિત અનેક દેશો કરે છે.

સાત જુલાઈ, ૧૮૮૬ એ ભારતીય સિનેમાનો સુવર્ણ દિવસ હતો. મુંબઈની તે સમયની 'વોટકિંગ હોટલ'માં લ્યૂમેર બ્રધર્સ એક સાથે છ શોર્ટ ફિલ્મો પ્રદર્શિત કરીને ભારત માટે મનોરંજનનો નવો દ્વાર ખોલ્યો. ભારતના આ પહેલા પ્રીમિયમ શોની તે જમાનામાં ટિકિટનો દર હતો, બે રૂપિયા. લગભગ બસો જેટલા દર્શકો સાથે શરૂ થયેલી સિનેમાની યાત્રા આજે બાર લાખ પરિવારોને રોજગારી આપે છે.

પ્રારંભમાં ટૂંકી ફિલ્મો દર્શાવવામાં આવતી હતી. શોર્ટ ફિલ્મોના એ યુગમાં એક વીક પછી 'નોવેલ્ટી' થિયેટર મિન્સ 'એક્સેલ્સિયર' થિયેટરમાં રોજના ત્રણ શો દર્શાવવામાં આવતાં, જેમાં બે રૂપિયાથી માંડી બે આના સુધીની ટિકિટ હતી, સસ્તી ટિકિટને કારણે સિનેમા તે યુગમાં ખૂબ પ્રચલિત બન્યું. ભારતીયો સિનેમાની લોકપ્રિયતા ઘણા સાહસિકોને સમજમાં આવી અને સખારામ ભાટવાડેકરે એક જ વર્ષમાં ફિલ્મ બનાવવાની કોશિશ કરી, ૧૮૯૯માં સફળતા મળી. કુસ્તી શૂટ કરવામાં આવી એ પ્રયોગ સફળ રહ્યો. ભારતમાં ફિલ્મોનો ક્રેઝ આજકાલનો નથી પણ સદી પહેલાં પણ હતો.

એ સમયે જે ફિલ્મો બનતી એમાં ફક્ત સારા શોટ જ લેવાતા હતા. ક્યારેક ઘોડાઓની રેસ હોય કે ક્યારેક ટ્રેન બતાવવામાં આવે. આખી વાતમાં કોઈ વાર્તા હતી નહીં. સ્ટોરી વગરના લગભગ ડોક્યુમેન્ટરી કહી શકાય તેવા કથાકનો જોઇને લોકો કંટાળ્યા હતાં. નાનાં- મોટાં થિયેટરમાં દર્શકોની સ્ટોરીલાઇન સાથે ફિલ્મની ડિમાન્ડ આવી. ભાટવાડેકર યુગમાં નાટકોનાં શૂટિંગ શરૂ થયા. આ પ્રયોગમાં ૧૯૧૨માં પુન્ડલિક સંતના જીવન પર આધારિત નાટકનું આર જે ટોરનીએ ફિલ્માંકન કર્યું હતું. આ સમયમાં ઇસોફલ્લી કે માદન જેવા સાહસિકોએ મેળાઓમાં, તંબુ બનાવીને કે મેદાનોમાં બાયોસ્કોપમાં ફિલ્મો દર્શાવી પછી એક વ્યવસ્થિત નેટવર્ક ઊભું થયું. આ નેટવર્કના ઉપયોગથી સિનેમાના ડિસ્ટ્રીબ્યુશનનો વ્યવસાય શરૂ થયો, જે આજ પર્યન્ત ચાલે છે.

બાય ધ વે, ૧૯૦૪માં પહેલું ઓફિશિયલ થિયેટર બન્યું, કાળક્રમે દાદાસાહેબ ફાળકેએ ૧૯૧૩માં પહેલી લાંબી ફિચર ફિલ્મ બનાવી. પછી તો સિનેમાનો જ્વલંત ઇતિહાસ સર્જાતો ગયો. આપણી પહેલી ફિચર ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર' હતી. દાદાસાહેબ ફાળકેએ તે બનાવી હતી- વર્ષ ૧૯૧૩માં. દાદાસાહેબ આ પહેલાં પણ એક ફિલ્મ બનાવી હતી, જેનું નામ 'ગ્રોથ ઓફ એ પ્રી પ્લાન્ટ' હતું. આ ફિલ્મમાં કોઈ વાર્તાતત્ત્વ હતું નહીં. વાર્તા વગર અલગ અલગ શોટ્સ લીધા હતાં. આ ફિલ્મની કમાણીમાંથી દાદાસાહેબ ઇંગ્લેન્ડ ગયા, સાધનો ખરીદ્યા અને પહેલી ફિચર ફિલ્મ બનાવી. એક વિવાદ હંમેશાં ચાલ્યો છે કે પહેલી ફિલ્મ ૧૯૧૨માં 'પુન્ડલિક' બની હતી. એ ફિલ્મ આર ડી ટોર્ની અને એન જી ચિત્રેસાહેબે બનાવી હતી, પણ એ ફિલ્મ ટેક્નિકલી અત્યંત નબળી હોવાથી 'હરિશ્ચંદ્ર' પહેલી ફિલ્મ ગણવામાં આવે છે. જો કે આ વિવાદના બીજા ઘણા એંગલ છે.

ભારતમાં ફિલ્મ નિર્માણ તો દુનિયામાં ફિલ્મ બનવાની શરૂ થઇ એના બે ત્રણ વર્ષમાં શરૂ થઇ ગયું હતું. વર્ષ ૧૮૯૭માં ભારતમાં ડોક્યુમેન્ટરી ફિલ્મો બનવા લાગી હતી, જેમાં પેનોરમા ઓફ ઇન્ડિયન સીન્સ, ટ્રેન અરાઇવિંગ બોમ્બે સ્ટેશન નામની ફિલ્મો બની હતી.

આ દરમિયાન ઐતિહાસિક ઊથલપાથલ ચાલતી હતી એના પર પણ ડોક્યુમેન્ટરી ફિલ્મો બની હતી. દિલ્હી દરબાર, ગ્રેટ બેંગાલ પાર્ટિશન મુવમેન્ટ (જેના પર પ્રતિબંધ આવ્યો હતો), ગ્રેટ સેક્રિફાઇસ એટ કાલીઘાટ જેવી ડોક્યુમેન્ટરી ફિલ્મોનું સર્જન ક્લાસિક ફિલ્મોના પાયામાં હતું. આ સમયગાળા દરમિયાન વર્ષ ૧૯૧૧ માં 'સાવિત્રી' નામની ફિલ્મ બની હતી. દાદાસાહેબ ફાળકેએ બનાવેલી પહેલી ફિલ્મ 'ધ લાઇફ ઓફ ક્રાઇસ્ટ' પરથી પ્રેરણા મેળવીને 'રાજા હરિશ્ચંદ્ર' બનાવી હતી. એ ફિલ્મમાં કુલ ૨૪ શોટ્સ હતાં. આ ફિલ્મ ૧૨ મે, ૧૯૧૩ના દિવસે 'કોરોનેશન' થિયેટરમાં રજૂ થઇ હતી.

દાદાસાહેબ ફાળકેએ વર્ષ ૧૯૧૭માં 'હિન્દુસ્તાન ફિલ્મ કંપની' બનાવી. એવી જ રીતે 'મહારાષ્ટ્ર ફિલ્મ કંપની' બની, આ કંપનીમાંથી વ્હી. શાંતારામ જેવા સર્જકો મળ્યા. એ પછી સ્ટાર ફિલ્મ કંપની- કોહીનૂર ફિલ્મ કંપની, ઈત્યાદિ કંપનીઓ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે આવી, પણ એ સમયના ધનિક કહેવાય એવા રાજા - મહારાજાઓ ફિલ્મ મેકિંગથી દૂર રહ્યા હતાં.

ભારતીય આધુનિક સાહિત્ય પર ફિલ્મ બનાવવાની શરૂઆત વર્ષ ૧૯૨૭માં થઇ. નરેશ મિત્રએ 'દેવદાસ' અને શિશિર ભાદુરીએ 'આંધરે આલો' નામની ફિલ્મો બનાવી. આ બંને ફિલ્મ શરતચંદ્રની કથા પર આધારિત હતી. બોલતી ફિલ્મો વર્ષ ૧૯૩૧થી શરૂ થઇ એ પહેલા ભારતમાં લગભગ તેરસો મૂંગી ફિલ્મો બની ચૂકી હતી. આશ્ચર્ય તો એ પણ છે કે બોલતી ફિલ્મો શરૂ થયા પછીના ચાર - પાંચ વર્ષ સુધી મૂંગી ફિલ્મ બનતી હતી. એમાંથી આપણે અત્યારે ફક્ત બાર-તેર ફિલ્મ જ સાચવી શક્યા છીએ.

પહેલી બોલતી ફિલ્મ બની ત્યારે ચાર્લી ચેપ્લિને ૧૯૨૭માં એક આર્ટિકલ લખ્યો હતો, જેમાં ફિલ્મોની સર્જનાત્મકતા હવે ખતમ થઈ જશે એવી ભવિષ્યવાણી કરી હતી!

ભારતમાં 'આલમઆરા'થી બોલતી ફિલ્મો શરૂ થઈ, મનોરંજનની નવી દુનિયામાં ઘણી તક છે એવું માનીને ક્રેઝી લોકો મુંબઈ ગયા. જે સફળ થયા એમની સફળતાની કહાનીઓ તો મશહૂર છે અને લાખો લોકો પડદાના ગ્લેમરમાં ખોવાતા ગયા ને ખુદ કહાની બની ગયા. નૌશાદ જેવા ધૂની સંગીતકાર તે સમયે સ્કૂલમાંથી ગુલ્લી મારીને થિયેટરમાં હાર્મોનિયમ વગાડતાં. એમના પિતાજીને ખબર પડતા મેથીપાક પડ્યો તો ઘર છોડીને મુંબઈ ભાગી ગયા. સંઘર્ષ કર્યો, 'રતન' નામની ફિલ્મમાં શાનદાર મ્યુઝિક આપ્યું. નૌશાદ વતન આવ્યા તો એ 'મુંબઈમાં દરજીકામ કરે છે' એવું કહીને લગ્ન કરાવ્યા, બાય ધ વે... એમના લગ્નમાં બેન્ડવાજાવાળા 'રતન'નાં જ ગાયનો વગાડતા હતાં અને વરરાજા પરિવારના ડરે ચૂપચાપ ઘોડા પર બેસી રહ્યા હતાં! ■

### ધ એન્ડ

*વર્ષ ૧૯૨૯માં આપણા કનૈયાલાલ માણેકલાલ મુનશીએ પણ બે ફિલ્મ બનાવી હતી, કમનસીબે આપણે એ વારસો સાચવી શક્યા નહીં... એક ફિલ્મ હતી 'જય સોમનાથ' અને બીજી ફિલ્મનું નામ હતું : 'કોનો વાંક....?'*

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# પક્ષના અવળચંડા સરવાળા બાદબાકી



'નહીં ચલેંગી, નહીં ચલેંગી, તાનાશાહી... !' એક પછી એક કાર્યકરો પાર્ટી હેડક્વાર્ટર સામે સૂત્રોચ્ચાર કરી રહ્યા છે.

પાર્ટીનું હેડ ક્વાર્ટર, સામાન્ય રીતે કોઇ પ્રેસ કોન્ફરન્સ હોય, ટિકિટ વહેંચણી માટેની પાર્લામેન્ટરિયન સમિતિની બેઠક હોય, ચૂંટણી પ્રચાર ચરમસીમાએ હોય, કોઇ મોટા નેતાનો ભાડૂતી ભીડભાડવાળો રોડ શો કે બેઠક હોય ત્યારે હૈયેહૈયું દળાય તેવી ભીડ હોય. બાકીના સમયમાં હેડક્વાર્ટર અજગરની જેમ પડ્યું હોય. આજે હેડક્વાર્ટર પર અચાનક ભીડ વધવા માંડી. માનો કે અચાનક મુશળધાર વરસાદ વરસ્યો હોય અને નદીમાં પૂર આવ્યું ન હોય!

'હમ સે જો ટકરાયેગા, મિટ્ટીમેં મિલ જાયેગા. આવાઝ દો હમ એક હૈ.'ના નારાથી કમ્પાઉન્ડ ગરમ થઇ ગયું.

'સબ નૌટંકીબાજ હૈ સાલે' આવી મનની વાત બોલી હાંફળાફાંફળા થયેલા ચોકીદારે મહામંત્રીને ફોન કરીને પરિસ્થિતિથી વાકેફ કર્યા. પાર્ટીના મહામંત્રી મારતી મોટરે પાર્ટી દફતરે આવ્યા. નક્કી વિપક્ષની સાજિશ હશે, નહીંતર આડે દિવસે કોને પીર આવ્યા હોય કે પાર્ટી દફતરે પતર ખંડાવા આવે?

'બોલો ભારત માતા કી જય.' એમ કહીને મહામંત્રી કાર્યકરો તરફ વળ્યા.

'કયા મોઢે જય બોલાવો છો?' કાર્યકરોની ખોપરી તપેલી હતી.

'સાહેબ, અમે ગદ્દાર છીએ? અમે ચોર છીએ? અમે નિઠલ્લા છીએ? અમે ફાટેલી નોટ છીએ?' કાર્યકરોએ પહેલો ઘા રાણાનો કર્યો.

' નહીં...નહીં ...તમે તો પક્ષની કરોડરજ્જુ છો.... ગદ્દારને પણ ગદ્દાર ન કહેવાય એવો જમાનો આવ્યો છે.' મહામંત્રીએ બાજી સંભાળવાનો પ્રયત્ન કર્યો.

'અમે પાર્ટીના સિદ્ધાંત વિરુધ્ધ કામ કર્યું છે?'

એક કાર્યકરે 'હવામેં ઉડતા જાયે મેરી પાર્ટી કા કાગજ હાંયે' ગીત ગણગણતા એક કાગળ લહેરાવ્યો. સૌની આંખોમાં હવે શું? નો પ્રશ્ન તરવરે છે. બધાના હાથમાં એક ફરફરિયું એટલે કાગળ છે.

'એ શું છે?' મહામંત્રી બોમ્બ ફાટે તેમ અવાક થયા.

'વાહ મેરે ભોલે સૈંયા, અનારકલી કો દીવાલમેં ચુનવાને કે કાગજ પર જહાંપનાહ અકબર કે માફક દસ્તખત કરતે હો ઔર પૂછતે હો સલીમ, યે કયા હૈ?' એક કાર્યકરે મહામંત્રીને વ્યંગનો ચાબખો માર્યો.

'અરે મને ખરેખર ખબર નથી.' મહામંત્રીએ તેના હાથથી કાન પકડ્યા.

'અમને પક્ષમાંથી તગેડી મૂકવાનો હુકમ છે. એના પર તમારી સહી છે. લો જોઇ લો. તમારી સહી છે કે નહીં? પછી પાછળથી કહેશો કે આ મારી સહી નથી.' મિશ્રા નામના કાર્યકરે ગુસ્સેલ અવાજે કહ્યું. મહામંત્રી હક્કાબક્કા રહી ગયા.

'અરે , હું તો ચિઠ્ઠીનો ચાકર છું. હાઇ કમાન્ડે તમને ગડગડિયું પકડાવ્યું છે. જે રજૂઆત કરવી હોય તે ઉપલા લેવલે કરો.' મહામંત્રીએ હાથ અધ્ધર કર્યા.

'અમે પ્રજાને લૂંટીને કાળી કમાણી સ્વિસ બેંકમાં જમા કરાવી છે? સાહેબ, વીસ વરસથી પક્ષ તો વેન્ટિલેટર પર છે. આપણે વિપક્ષમાં શોધ્યા જડતા નથી. તો અમને ભ્રષ્ટાચાર કરવાની ખુજલી ઊપડે તો પણ કયાં ભ્રષ્ટાચાર કરી શકીએ તેમ છીએ?' એક કાર્યકરે પક્ષની અવદશા પર અરણ્ય રૂદન કર્યું.

'મહામંત્રી સાહેબ, અમે ચૂંટણીની ટિકિટ માગી નથી. અમારા દીકરા, દીકરી, જમાઇ, સાળા, વેવાઇ-વેવાણ માટે ટિકિટ માંગી નથી.' આનંદ આર્ય નામના કાર્યકરે કહ્યું.

'હાઇકમાન્ડે માથે ઠોકેલ ઉમેદવારને ખભે બેસાડી એનો પ્રચાર કર્યો છે. એ હારે તેવો પૂરતો ઇંતેજામ કર્યો છે. પક્ષના લક્ષ્યાંક મુજબ ઉમેદવારનો ઘડો લાડવો કર્યો હતો.' રમણ રાજભરે રજૂઆત કરી.

'અમે લેન્ડ ગ્રેબિંગ કર્યું નથી. ડેમ બાંધવાનો કોન્ટ્રેક્ટ મેળવ્યો નથી.અમે નેતા વિરુધ્ધ લેટર બોમ્બ ફોડયા નથી.

'અમે ચૂંટણીના પ્રચાર માટે મળેલા ફંડમાંથી એક પણ રૂપિયાનો ગોટાળો કરેલ નથી. ઉલ્ટાનું ગાંઠના પૈસા વાપર્યા છે. બધાં બિલો લીધાં છે અને ત્રણ નકલમાં પહોંચ લીધેલ છે. બધો હિસાબ આપ્યો છે.' એ અમારો ગુનો હોય તો ફાંસીની સજા પણ મંજૂર છે.' સતીશે પક્ષ તરફની વફાદારીનો પુરાવો આપ્યો.

'અમે પક્ષને બચાવવા અમારું સર્વસ્વ હોમી દીધું છે. અમને પક્ષમાંથી કાંકરામાંથી ઘઉં કાઢે તેમ કાઢી દેવાનું કારણ શું? અમારો વાંક શું... અમારો ગુનો શું?' પક્ષના પાયાના કાર્યકરોની બળતરા પણ વાજબી હતી.

મહામંત્રીના મગજમાં અવઢવ ચાલતી હતી : 'કહું કે ના કહું, ઉહૂં..' કહી દઉં એવી ગડમથલ ચાલતી હતી. કાર્યકરો મોઢામાં આંગળી-અંગૂઠો નાખીને બોલાવવા મથે છે તો કહીં દઉં!

'તમે કોઇને ત્યાં લગ્નમાં ગયેલા?' ઊંડો શ્વાસ લઇ મહામંત્રીએ પૂછ્યું.

'હા, સાહેબ, તેનું શું છે? પક્ષમાંથી અમારી હકાલપટ્ટી અને લગ્નમાં હાજરીને શું લેવાદેવા છે?'

'તમે કોને ત્યાં લગ્નમાં ગયેલા?' મહામંત્રીએ બીજો સવાલ ..

'પક્ષના ઉતરાધિકારી એવા આનંદબાબુના સસરા પક્ષના લગ્નમાં ગયેલા.' કાર્યકરોએ ભોળાભાવે જવાબ આપ્યો.

'તમારી બરતરફીનું કારણ એ જ છે.' મહામંત્રી ઉવાચ ને કાર્યકરો પર માનો કે વીજળી ત્રાટકી .

કોઇના લગ્નમાં હાજર રહેવું એ એક સામાજિક રીતરસમ છે. કોઇના લગ્નમાં હાજરી આપવાથી પક્ષ કોઇને હાંકી કાઢે એ જગતમાં પહેલી વહેલી ઘટના છે.


કહે છે કે પાર્ટીના અધ્યક્ષા કાચા કુંવારા છે અને આનંદબાબુના સસરા સાથે ઇલૂ ઇલૂ કરતાં હતાં. પરંતુ, કોઇ કારણસર પરિણય લગ્નના મુકામ સુધી પહોંચી શક્યો નહીં. એટલે બહેનજી લગ્નના દુશ્મન થઇ ગયાં છે. એટલે લગ્નમાં હાજર રહેનારને ઘાસની જેમ વાઢી નખાયા.

જવાબ મળી ગયો..દાખલો પૂરો ! ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# ઇમામ હુસૈનની યાદમાં ઉજવાતો મોહરમ તાજિયા...







ઇસ્લામ ધર્મમાં 'ઇદ' એ ખુશી અને ઉલ્લાસનો તહેવાર છે. જયારે મોહરમ એ હઝરત ઇમામ હુસેન અલય્હિસ્સલામ અને અન્ય કરબલાના શહીદોની સ્મૃતિમાં 'શોક'નો તહેવાર છે. તેને મનાવવા માટે મોહરમ તાજિયા અગાઉનાં થોડા દિવસોથી વિવિધ વિસ્તારોમાં છબીલ (મંડપ) નાખી વિવિધ વાનગીઓ બનાવી પ્રસાદ આપવામાં આવે છે તે દાન પુણ્ય કરે છે...!? જી હા...મોહરમમાં તાજિયા બનાવવાની કામગીરી કલાત્મક તાજિયા બનાવવા માટે કલાકાર પોતાની કલાનો નિખાર આપે છે અને તાજિયાની રાત્રે મોહરમનાં આગલા દિવસે સાંજે પડમાં આવે છે તે રાત્રે તાજિયા મેઈન બજારમાં ફરે છે. ત્યારે કલરફૂલ લાઈટો લગાવે છે અને તેમાં અલગ થીમ રાખે છે અને ચોકમાં તાજિયાને રાખે.

મોહરમ આ વખતે તા. ૦૬/૦૭/૨૦૨૫ ને રવિવારે છે. હું ઘણાં વર્ષોથી તાજિયાની ફોટોગ્રાફી કરું છું તેમાં જામનગરમાં તાજિયા આખો દિવસ સિટીમાં ફરી સાંજ થતા તમામ તાજિયા દરબારગઢ જે વિશાળ અને અર્ધ ગોળાકાર છે...! રાજવી સમયનો આ દરબારગઢ ભવ્ય કલાત્મક છે ત્યાં હજારો મુસ્લિમ બિરાદારો એકત્રિત થાય છે તેની ખાસ તસવીર લેવા હું જામનગર ગયેલ તે તસવીર અને વાંકાનેરઃનાં તાજિયાની તસવીર. આ દિવસે દરેક મુસ્લિમ કરબલાની યાદમાં ઉપવાસ રાખે છે.

કરબલાની મહાન દુઃખદ ઘટના, આજથી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં બની હતી. પયગમ્બરે ઇસ્લામ હજરત મોહમ્મદુર્રસૂલુલ્લાહના નવાસા (દોહિત્ર) હઝરત ઇમામ હુસેન અલયહિસ્સલામે પોતાના બોત્તેર સાથીઓ સાથે શહાદત સ્વીકારી લીધી. ગત ચૌદસો વર્ષથી આજ સુધી કરબલાની ઘટનાનું મહત્ત્વ છે. કારણ એ છે કે માત્ર ઇસ્લામી આલમમાં જ નહીં, બલકે કોઇ પણ અકીદાથી સંબંધિત તે વ્યક્તિ, જે અત્યાચારોની વિરુદ્ધ અને સચ્ચાઇની સમર્થક છે, તે હજરત હુસેન અને તેમના સાથીઓની કુરબાનીઓને માનવીય આદર અને સત્યનું ચિહ્ન સમજે છે. મોહરમના મહિના દમિયાન દસમો દિવસ સૌથી ખાસ માનવામાં આવે છે. એ દિવસે જ ઇસ્લામની રક્ષા માટે હઝરત ઇમામ હુસૈને પોતાના પ્રાણ ત્યજ્યા હતા.

મોહરમના દસમા દિવસને અશુરાના નામે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે મુસલમાનો ઇમામબારામાં જઈને શોક મનાવે છે અને ભારતનાં ઘણાં શહેરોમાં તાજિયા નીકળે છે.

ઇમામ હુસૈનનાં મોતનું વર્ણન કરતા લોકોની આંખો ભીની થઈ જાય છે,એ વખતે મહિલાઓ છાતી કૂટી-કૂટીને આક્રંદ કરતી હોય છે અને પુરુષો પોતાને લોહીલુહાણ કરી દેતા હોય એ વખતે તાજિયામાંથી એક જ અવાજ સંભળાય છે, 'યા હુસૈન, યા હુસૈન...'કરતા મુસ્લિમ બિરાદરો હુલ લે છે જેમાં કરુણામાં ઇમામ હુસૈન પ્રત્યે લાગણી બતાવે, મોહરમ દરમિયાન ખવાતું મુખ્ય પકવાન ખીચડો અથવા હલીમ છે, જે ઘણી જાતના ધાન અને અન્ય મિશ્રણથી બનાવવામાં આવે છે. આની પાછળ એવી માન્યતા છે કે જ્યારે તમામ ભોજન સમાપ્ત થઈ ગયું ત્યારે કરબલાના શહીદો અંતિમ ભોજન તરીકે હલીમ જ જમ્યા હતા.

'મોહરમ' એ હજરત ઇમામ હુસેન અને અન્ય કરબલાના શહીદોની સ્મૃતિમાં 'શોક'નો તહેવાર છે. આ દિવસે દરેક મુસ્લિમ કરબલાની યાદમાં ઉપવાસ રાખે છે. તેઓ ઠંડું પીણું, શરબત, દૂધની વાનગી બનાવીને દાનનું કાર્ય કરી પુણ્ય કરે છે. તેમજ હજરત ઇમામ હુસેનની યાદમાં 'તાજિયા' બનાવીને, ભવ્ય રીતે તેને શણગારીને જુલૂસ કાઢવામાં આવે છે. પયગમ્બર સાહેબનાં નવાસા ઇમામ હુસૈનની અઝીમ શહાદતમાં પ્રતિ વર્ષ મોહરમ તાજિયા તારીખ ૦૬/૦૭/૨૦૨૫ નાં દિવસે વિવિધ શહેરોમાંથી નીકળશે આપ પણ કલાત્મક તાજિયા નિહાળી પાવન થાવ. ■

# આજથી બીજી ટેસ્ટઃ ઇંગ્લૅન્ડની ઇલેવન જાહેર, ભારત અવઢવમાં

## કુલદીપને રમાડાશે?: એજબૅસ્ટનમાં ભારત આઠમાંથી સાત ટેસ્ટ હાર્યું, એક મૅચ ડ્રૉ

એજબૅસ્ટનઃ ઇંગ્લૅન્ડે ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી હેઠળ બુધવારે શરૂ થનારી બીજી ટેસ્ટ (બપોરે ૩.૩૦ વાગ્યાથી) માટેની પ્લેઇંગ-ઇલેવનમાં કોઈ ફેરફાર નથી કર્યો, પરંતુ ભારતીય ટીમ હજી મૂંઝવણમાં છે, કારણકે જસપ્રીત બુમરાહ વર્કલૉડ મૅનેજમેન્ટના ભાગરૂપે બીજી ટેસ્ટમાંથી આરામ લેશે કે રમવાનું ચાલુ રાખશે એ હજી મંગળવાર રાત સુધી નક્કી નહોતું. બીજું, એજબૅસ્ટનની પિચ પણ બૅટિંગ માટે સ્વર્ગ સમાન હોવાથી આ મૅચમાં બે સ્પિનરને રમાડવા કે એક જ એ પણ નક્કી નહોતું. રવીન્દ્ર જાડેજાની સાથે કુલદીપ યાદવને રમાડવામાં આવશે એવી પાકી સંભાવના છે.

ઇંગ્લૅન્ડે પેસ બોલર જોફ્રા આર્ચરને રમાડવાનું નક્કી કર્યું હતું, પણ તે અંગત કારણસર પરિવાર પાસે પહોંચી ગયો હોવાથી કૅપ્ટન બેન સ્ટૉક્સ અને કોચ બ્રેન્ડન મૅકલમે પ્રથમ ટેસ્ટની જ ઇલેવન જાળવી રાખી છે.

એજબૅસ્ટનના બર્મિંગમ સ્ટેડિયમમાં ભારત ૧૯૬૭ની સાલથી ટેસ્ટ-ક્રિકેટ રમે છે. આ સ્થળે ભારતીયો કુલ આઠ ટેસ્ટ રમ્યા છે જેમાંથી સાત ટેસ્ટમાં ભારતનો પરાજય થયો છે અને બાકીની (૧૯૮૬ની) એક મૅચ ડ્રૉમાં ગઈ છે.

છેલ્લે આ ગ્રાઉન્ડ પર ભારતનો ઇંગ્લૅન્ડ સામે સાત વિકેટે પરાજય થયો હતો. ઇંગ્લૅન્ડે ત્રણ વિકેટે ૩૭૮ રનનો તોતિંગ લક્ષ્યાંક મેળવી લીધો હતો. ત્યારે પણ બેન સ્ટૉક્સ કૅપ્ટન હતો. ■

# આરસીબી જ જવાબદાર, પોલીસ પાસે કંઈ અલ્લાદિનનો ચિરાગ નથીઃ ટ્રિબ્યૂનલ



બેંગલૂરુઃ બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની નજીક ચોથી જૂને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ના પહેલા ચૅમ્પિયનપદને પગલે ધક્કામુક્કીની જે જીવલેણ ઘટના બની હતી એ વિશે થયેલી તપાસના સંદર્ભમાં સેન્ટ્રલ ઍડમિનિસ્ટ્રેશન ટ્રિબ્યૂનલ (સીએટી)એ પ્રથમ દર્શી સ્તરે આરસીબીને જવાબદાર ગણાવી છે અને રાજ્ય સરકારના અંકુશ હેઠળના પોલીસ તંત્રની તરફેણમાં જણાવ્યું છે કે 'પોલીસ કર્મચારીઓ પણ માણસ છે. તેઓ નથી ભગવાન કે નથી તેમની પાસે કોઈ જાદુઈ લાકડી. તેમની પાસે કંઈ અલ્લાદિનનો ચિરાગ નથી.'

આ દુર્ઘટનામાં ૧૧ જણનાં મૃત્યુ થયાં હતાં અને બીજા અનેકને ઈજા પહોંચી હતી. આ ઇવેન્ટ બીસીસીઆઇની નહોતી અને દુર્ઘટના માટે આરસીબી, કર્ણાટક સ્ટેટ ક્રિકેટ ઍસોસિયેશન, પોલીસ અને કર્ણાટક રાજ્ય સરકાર જવાબદાર કહેવાય એવી ચર્ચા છેલ્લા મહિનાથી ચાલી રહી હતી અને એમાં બ્લેમ ગેમ જેવું પણ જોવા મળ્યું હતું.

ટ્રિબ્યૂનલે ફેંસલામાં જણાવ્યું છે કે 'આરસીબીના ફ્રૅન્ચાઇઝીએ પોતાની ટીમના ઐતિહાસિક ચૅમ્પિયનપદની ઉજવણીની ચોથી જૂનની ઇવેન્ટનો પ્રચાર સોશિયર મીડિયામાં કરતા પહેલાં પોલીસની પરવાનગી નહોતી લીધી જેને પગલે ત્રણથી પાંચ લાખ જેટલા લોકો સ્ટેડિયમની નજીક અને શહેરભરમાં એકત્રિત થઈ ગયા હતા. આરસીબીએ યોગ્ય પરમિશન નહોતી લીધી અને પોલીસની મંજૂરી પણ નહોતી મેળવી.'

આરસીબીએ ઇવેન્ટને લગતી જાહેરાત સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પર કરી હતી જેને કારણે કાયદો અને વ્યવસ્થાની તૈયારીઓ માટે સત્તાધીશોને પૂરતો સમય નહોતો મળ્યો. ટ્રિબ્યૂનલે એવું કહીને ઉમેર્યું હતું કે 'આરસીબીએ અચાનક જ અગાઉથી પરવાનગી લીધા વિના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થઈ જાય એવી સ્થિતિ ઊભી કરી હતી. એ જ દિવસે વિધાન સભા ખાતે રાજ્ય સરકારના કાર્યક્રમો હતા જેના માટે પણ પોલીસ ગોઠવવાની હોવાથી પોલીસ કર્મચારીઓ એમાં વ્યસ્ત હતા. વિશાળ સંખ્યામાં જમા થતા લોકોને અંકુશ રાખવા કાયદો અને વ્યવસ્થાની જાળવણી જરૂરી હોય છે અને અત્યંત ઓછા સમયમાં એ બધી વ્યવસ્થા શક્ય ન હોય.'

ટ્રિબ્યૂનલે આઇપીએસ ઑફિસર અને સ્ટેડિયમના ઇન્ચાર્જ વિકાસ કુમાર વિકાસને સસ્પેન્ડ કરવાનો રાજ્ય સરકારનો આદેશ પણ રદબાતલ કર્યો હતો.

કર્ણાટક રાજ્ય સરકારે બીજા કેટલાક ટોચના અધિકારીઓને પણ સસ્પેન્ડ કર્યા હતા. વિકાસ કુમારે રાજ્ય સરકારના સસ્પેન્શનના આદેશને અદાલતમાં પડકાર્યો હતો. ■

# સચિન, ગાંગુલી અને વિરાટ પછી હવે સિરાજે પણ શરૂ કરી રેસ્ટોરાં

હૈદરાબાદઃ ભારતીય પેસ બોલર મોહમ્મદ સિરાજે રેસ્ટોરાં બિઝનેસમાં પ્રવેશ કર્યો છે. તેણે હૈદરાબાદ શહેરમાં 'જોહાર્ફા' નામની રેસ્ટોરાં શરૂ કરી છે.

ભારતીય ક્રિકેટરોમાં ખાસ કરીને સચિન તેન્ડુલકર, સૌરવ ગાંગુલી અને વિરાટ કોહલીએ છેલ્લાં થોડાં વર્ષો દરમ્યાન વિવિધ શહેરોમાં રેસ્ટોરાં શરૂ કરી છે અને હવે સિરાજે તેમનું અનુકરણ કર્યું છે. સિરાજની 'જોહાર્ફા' રેસ્ટોરાંમાં અનેક વરાઇટીની મુગલાઈ, ઇરાની તથા અરેબિયન ડિશીઝ તેમ જ ચાઇનીઝ વાનગીઓ ઉપલબ્ધ હશે.

તાજેતરમાં સિરાજની આ રેસ્ટોરાંની ઓપનિંગ ઇવેન્ટ યોજાઈ હતી. સિરાજે એક યાદીમાં જણાવ્યું હતું, 'જોહાર્ફા મારા દિલનો એક હિસ્સો જ સમજી લો. હૈદરાબાદ શહેરે મને એક આગવી પહેચાન આપી છે અને મારે આ શહેરને કંઈક રિટર્નમાં આપવું હતું જે હું આ રેસ્ટોરાં મારફત આપી રહ્યો છું. આ એવું સ્થાન હશે જ્યાં જ્યાં લોકો ભેગા મળીને આવશે, સાથે ભોજનની મોજ માણશે અને એકબીજાના સંગાથે ઘર જેવો જ આનંદ માણશે.'

સિરાજ પોતે ટીમ ઇન્ડિયાનો હિસ્સો છે, પણ હવે ખુદ તેણે એક એવી ટીમ તૈયાર કરી છે જેમાં અનુભવી શેફ અને તેના હાથ નીચેના બીજા રસોઈયા અને સાથીઓ સામેલ છે. ■

# વિમ્બલ્ડનમાં રેકૉર્ડ-બ્રેક ગરમીમાં જીતતાં વર્લ્ડ નંબર-ટૂ અલ્કારાઝના 'નાકે દમ આવી ગયો'

લંડનઃ સોમવારે અહીં વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપનો આરંભ રેકૉર્ડ-બ્રેક ૯૧ ડિગ્રી ફેરનહિટ (૩૩ સેલ્સિયસ) તાપમાન વચ્ચે થયો હતો અને એમાં તમામ ખેલાડીઓએ અસહ્ય ગરમીમાં રમવું પડ્યું હતું જેમાં ખાસ કરીને ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વિશ્વના બીજા નંબરના ખેલાડી સ્પેનના કાર્લોસ અલ્કારાઝ મહા મહેનતે જીત્યો હતો. વિમ્બલ્ડનના ઇતિહાસમાં આ સૌથી વધુ તાપમાનવાળો પ્રારંભિક દિવસ હતો. આ પહેલાંનું સૌથી વધુ હીટવેવ ૨૦૦૧ની સાલમાં હતું જ્યારે તાપમાન ૮૫ ડિગ્રી ફેરનહિટ (૨૯.૩ સેલ્સિયસ) હતું.

સૌથી જૂની ગ્રૅન્ડ સ્લૅમ ટૂર્નામેન્ટ વિમ્બલ્ડનના પહેલા રાઉન્ડમાં બાવીસ વર્ષીય અલ્કારાઝ સામે તેનાથી ઉંમરમાં ઘણો મોટો (૩૮ વર્ષનો ઇટાલિયન ખેલાડી) ફૅબિયો ફૉગ્નિની રમી રહ્યો હતો અને તેમની મૅચ સાડાચાર કલાક સુધી ચાલી હતી જેમાં અલ્કારાઝે ૭-૫, ૬-૭ (૫-૭), ૭-૫, ૨-૬, ૬-૧થી વિજય મેળવ્યો હતો. જોકે અલ્કારાઝને લાંબી મૅચો રમવાની આદત છે. ત્રણ અઠવાડિયા પહેલાં તે ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં યાનિક સિનર સામે સાડાપાંચ કલાક સુધી ઝઝૂમ્યા પછી છેવટે જીત્યો હતો.

### અલ્કારાઝ બીમાર ચાહક પાસે દોડી ગયો

અલ્કારાઝ-ફૉગ્નિની વચ્ચેની મૅચ ચાલી રહી હતી ત્યારે અસહ્ય ગરમીને કારણે એક સ્ટૅન્ડમાં બેઠેલો અલ્કારાઝના ચાહકને ડિહાઇડ્રેશન સહિતની તકલીફ થઈ હતી. મૅચ ૧૫ મિનિટ માટે અટકી હતી. અલ્કારાઝ ઠંડા પાણીની બૉટલ લઈને તેની પાસે દોડી ગયો હતો. સ્ટેડિયમના સ્ટાફે પણ એ ટેનિસ ફૅનને મદદ કરી હતી.

### અલ્કારાઝ બચી ગયો, હ્યુઇટની હરોળમાં ન આવ્યો

પાંચ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા તેમ જ બે વર્ષથી (૨૦૨૩માં, ૨૦૨૪માં) વિમ્બલ્ડનમાં સિંગલ્સની ટ્રોફી જીતી રહેલા અલ્કારાઝની પુરુષોની ટેનિસમાં બીજી રૅન્ક છે, જ્યારે ફૉગ્નિનીની ૧૩૮મી રૅન્ક છે. એમ છતાં અલ્કારાઝે તેની સામે જીતવા ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. છેવટે અલ્કારાઝ જીત્યો હતો અને કરીઅરમાં સતત સૌથી વધુ જીતવાની પરંપરા તેણે જાળવી હતી. અલ્કારાઝનો આ સતત ૧૯મો વિજય હતો.



અસહ્ય ગરમીમાં માથા પર બરફની થેલી રાખીને બેઠેલી સ્લોવેનિયાની વેરૉનિકા

### સૂરજ જાણે વધુને વધુ નજીક આવ્યોઃ ફ્રેન્ચ ખેલાડી

૨૦૨૪માં પુરુષોની ટેનિસમાં ૧૭મી રૅન્ક મેળવનાર ફ્રાન્સના ૩૭ વર્ષની ઉંમરના ઍડ્રિયન મૅનરિનોએ પહેલા રાઉન્ડની મૅચ જીત્યા પછી કહ્યું, 'હું રમતો હતો ત્યારે એવું લાગતું હતું કે સૂરજદાદા દર મિનિટે મારી વધુને વધુ નજીક આવીને દૂર જઈ રહ્યા છે.' ઍડ્રિયને માથા પરના વાળ કપાવી નાખ્યા છે અને તે અસહ્ય ગરમીમાં વારંવાર માથા પર સનસ્ક્રીનનો સ્પ્રે કરતો જોવા મળ્યો હતો.

### જાબૂરે શ્વાસમાં તકલીફ થતાં મૅચ છોડી

એક સમયની મહિલા ટેનિસની વર્લ્ડ નંબર-ટૂ ખેલાડી અને બે વખત વિમ્બલ્ડનમાં રનર-અપ બની ચૂકેલી ટ્યૂનિશિયાની ઑન્સ જાબૂરને સોમવારે વિમ્બલ્ડનમાં પહેલો રાઉન્ડ રમતી વખતે શ્વાસ લેવામાં તકલીફ થતાં તેણે એ મૅચ અધવચ્ચેથી છોડી દીધી હતી. તે મૅચમાંથી રિટાયર થઈ જતાં તેની સામેની મૅચમાં ૭-૬ (૭-૫), ૨-૦થી આગળ રહેલી વિક્ટોરિયા તોમોવાને વિજેતા જાહેર કરાઈ હતી અને તેણે બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

### પેગુલા હારી, સબાલેન્કા જીતી

ત્રીજા ક્રમની અમેરિકી ખેલાડી જેસિકા પેગુલા પહેલા જ રાઉન્ડમાં હારી ગઈ છે. તેને ઇટલીની એલિસાબેટ્ટા કૉચિયારેટોએ ૬-૨, ૬-૩થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. બીજી મૅચમાં બ્રિટનની ભૂતપૂર્વ નંબર-વન કેટી બૉલ્ટરે સ્પેનની પોઉલા બડૉસાને ૬-૨, ૩-૬, ૬-૪થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. વર્લ્ડ નંબર-વન ઍરીના સબાલેન્કાનો પ્રથમ રાઉન્ડમાં કૅનેડાની કાર્સન બ્રેન્સ્ટાઇન ૬-૧, ૭-૫થી વિજય થયો હતો.

### મેડવેડેવ ફરી પહેલા રાઉન્ડમાં હાર્યો

રશિયાનો ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન ડેનિલ મેડવેડેવ ૨૦૨૩ અને ૨૦૨૪માં વિમ્બલ્ડનમાં સેમિ ફાઇનલ સુધી પહોંચ્યો હતો, પરંતુ સોમવારે તે પહેલા જ રાઉન્ડમાં બેન્જામિન બૉન્ઝી સામે ૬-૭ (૨-૭), ૬-૩, ૬-૭ (૩-૭), ૨-૬થી હારી ગયો હતો. છ ફૂટ છ ઇંચ ઊંચો મેડવેડેવ ત્રણ અઠવાડિયા પહેલાં ફ્રેન્ચ ઓપનમાં પણ પ્રથમ રાઉન્ડમાં પરાજિત થયો હતો. એ અગાઉ, જાન્યુઆરીની ઑસ્ટ્રેલિયન ઓપનમાં તે બીજા રાઉન્ડમાં હાર્યો હતો. તે છેલ્લે એક વર્ષમાં ઉપરાઉપરી બે ગ્રૅન્ડ સ્લૅમમાં પહેલા રાઉન્ડમાં પરાજિત થયો હોય એવું ૨૦૧૭ની સાલમાં (આઠ વર્ષ પહેલાં) બન્યું હતું. ■

# વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાનો નવી ટેસ્ટ સીઝનમાં વિજયી આરંભ

## ▶ ઝિમ્બાબ્વેની સૌથી ખરાબ હારઃ નવો પ્લેયર મૅન ઑફ ધ મૅચ

બુલવૅયોઃ સાઉથ આફ્રિકા ગયા મહિને ઑસ્ટ્રેલિયાને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં હરાવીને પહેલી જ વાર ટેસ્ટનું વર્લ્ડ ચૅમ્પિયન બન્યું ત્યાર પછીની પહેલી જ ટેસ્ટમાં સાઉથ આફ્રિકાએ ચૅમ્પિયનપદને છાજે એ રીતે ધમાકેદાર જીત મેળવી છે. ભારતીય મૂળના સ્પિનર કેશવ મહારાજના સુકાનમાં સાઉથ આફ્રિકાએ અહીં યજમાન ઝિમ્બાબ્વેને સિરીઝની પહેલી ટેસ્ટમાં ૩૨૮ રનથી પરાસ્ત કર્યું હતું. રનની ગણતરીએ ઝિમ્બાબ્વેની આ સૌથી ખરાબ હાર છે. આ પહેલાંનો સૌથી ખરાબ પરાજય ૨૦૦૨ની સાલમાં શ્રીલંકા સામે હતો જેમાં ઝિમ્બાબ્વેનો ૩૧૫ રનથી પરાજય થયો હતો.

મંગળવારે ઝિમ્બાબ્વેને જીતવા ૫૩૭ રનનો તોતિંગ લક્ષ્યાંક મળ્યો હતો જે સામે ક્રેગ ઇરવિનની ટીમ ૨૦૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. પેસ બોલિંગ ઑલરાઉન્ડર કૉર્બિન બૉશ્ચે પાંચ વિકેટ અને બીજા પેસ બોલર કૉડી યુસુફે ત્રણ વિકેટ લીધી હતી. ઝિમ્બાબ્વેના ૨૦૮ રનમાં વેલિંગ્ટન માસાકાદઝાના ૫૭ રન અને ઇરવિનના ૪૯ રન સામેલ હતા.

એ પહેલાં, સાઉથ આફ્રિકાએ બીજા દાવમાં વિઆન મુલ્ડરના ૧૪૭ રનની મદદથી કુલ ૩૬૯ રન કર્યા હતા. માસાકાદઝાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી.

સાઉથ આફ્રિકાએ પહેલા દાવમાં ૪૧૮/૯ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો જેના જવાબમાં ઝિમ્બાબ્વેએ શૉન વિલિયમ્સના ૧૩૭ રનની મદદથી ૨૫૧ રન કર્યા હતા અને વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાએ ૧૬૭ રનની સરસાઈ લીધી હતી.

પહેલા દાવમાં ૧૬૦ બૉલમાં ચાર સિક્સર અને અગિયાર ફોરની મદદથી ૧૫૩ રન કરનાર લુઆન-ડ્રે પ્રીટોરિયસને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. તેની આ કરીઅરની પહેલી જ ટેસ્ટ હતી અને એમાં તેણે આ પુરસ્કાર જીતી લીધો. પહેલા દાવમાં કૉર્બિન બૉશ્ચે પણ સદી (અણનમ ૧૦૦ રન) કરી હતી. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| DIM | ઉપરી |
| DEEM | ઝાંખું |
| DIN | માનવું |
| DEAN | જમવું |
| DINE | કોલાહલ |

## ઓળખાણ પડી?



૧૯૮૦ના દાયકામાં પોતાની પહેલી જ ટેસ્ટ મેચમાં ૧૬ વિકેટ મેળવી તરખાટ મચાવનારા ભારતીય બોલરની ઓળખાણ પડી?

અ) હરભજન સિંહ  બ) કુંબલે  ક) ટી. શેખર  ડ) હિરવાણી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ પો | ૩ આ | પ | ■ | ૪ સ | ળ | ૫ વ | ળા | ૬ ટ |
| ૭ ડ | ર | વું | ■ | ૮ અં | ધ | ■ | તી | ■ | પા |
| ૯ ખી | સા | ■ | ૧૦ જા | ત | રા | ■ | ■ | ૧૧ ખ | ટ |
| ૧૨ લી | વ | ર | ■ | રિ | ■ | ૧૩ અ | ૧૪ ત | રા | પી |
| ■ | વું | ■ | ૧૫ અ | ક્ષ | મ્ય | ■ | લા | ■ | ■ |
| ૧૬ ભૂ | ■ | ૧૭ બે | દા | ગ | ■ | ૧૮ વૈ | ક | લ્પિ | ૧૮-અ ક |
| ૧૯ સ્ખ | ૨૦ લ | ન | ■ | ૨૧ મ | ૨૨ હા | ર | ■ | ■ | થિ |
| ૨૩ લ | ગ | ■ | ૨૪ જ | ન | ક | ■ | ૨૫ આ | ડ | ત |
| ૨૬ ન | રી | ■ | રી | ■ | ૨૭ લ | ૨૮ ગા | મ | ■ | ■ |
| ■ | ૨૯ ક | ટો | ક | ટી | ■ | ૩૦ ભ | લી | વા | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | | |
| ■ | | ■ | ૧૩ | | | | ■ | ■ | |
| ૧૪ | | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | | | ■ | ૧૯ | ૨૦ | | | ■ |
| ૨૧ | | ■ | ■ | ૨૨ | ■ | ૨૩ | | ■ | ૨૪ |
| | ■ | ૨૫ | ૨૬ | | | | ■ | ૨૭ | |
| ૨૮ | ૨૯ | ■ | ૩૦ | | ■ | ■ | ૩૧ | | |
| ૩૨ | | | ■ | ૩૩ | | | | ■ | |

### આડી ચાવી

૧. ઉત્સાહ વધારવો તે (૪)
૩. --- કરવો એટલે છેડતી કરવી (૫)
૭. અન્યાય (૩)
૮. બોરિયું ઘાલવાનું નાકું (૨)
૯. મૃત્યુ (૩)
૧૧. ધરાયેલું, તૃપ્ત (૨)
૧૨. પાણી પીવાની ધર્માદા જગા (૩)
૧૩. કક્ષા પ્રમાણે (૪)
૧૪. ફલ --- એટલે ફલની જેમ (૨)
૧૫. છોછ, ચોખ્ખાઇની તીવ્ર લાગણી (૨)
૧૬. વહન કરનાર (૩)
૧૮. નિર્દોષ (૪)
૧૯. સરવાળે (૪)
૨૧. સજ્જન માણસ (૨)
૨૩. અપશબ્દ (૨)
૨૫. ખૂબ અંદરનો વિસ્તાર (૫)
૨૭. ફરિયાદ (૨)
૨૮. માફી (૨)
૩૦. --- રાખવી એટલે હેતપ્રીત રાખવાં (૨)
૩૧. ચોક્કસ (૩)
૩૨. લખવાનું સાધન (૩)
૩૩. સંગીતનું સાજ (૪)

### ઊભી ચાવી

૧. કાર્યક્રમ (અં.) (૩)
૨. --- કરવું એટલે બળજબરી ઉઠાવી જવું (૩)
૩. હરણોને વનમાં --- જોઇએ (૪)
૪. દૂધી (૨)
૫. તૂટ્યો ફૂટ્યો સરસામાન (૩)
૬. ગજબ કરનારું (૫)
૭. અંદર સમાયેલું (૪)
૧૦. સહેલું કામ (૫)
૧૩. વિખૂટા પડેલા (૩)
૧૪. વનની રક્ષા કરનાર (૬)
૧૬. આકાશમાં વિહરે (૩)
૧૭. --- રામ, --- રામ, રામ રામ --- (૨)
૨૦. નિર્ધન, ગરીબ (૩)
૨૨. દરિયાનું (૪)
૨૪. જરૂરી (૪)
૨૬. પરવા (૨)
૨૭. માનવાચક પદવી (૨)
૨૯. વસ્તુ (૨)
૩૧. બકરો (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આનંદ લેવા શીતળ સ્થળે જઈએ' પંક્તિમાં શીતળ શબ્દનો અર્થ જણાવો.

અ) શાખ  બ) શાંત  ક) ઠંડું  ડ) હાસ્ય

## માતૃભાષાની મહેક

ફૂલના પર્યાયવાચી શબ્દો છે પુષ્પ, સુમન, કુસુમ. આવળનાં ફૂલ એટલે દેખીતું રૂપાળું પણ આંતરિક ગુણ વગરનું. ધોળું ફૂલ જેવું એટલે ઘણું જ સ્વચ્છ અથવા બહુ જ ધોળું. ફૂલ આવવું એટલે આશા બંધાવી. ઝાડને પ્રથમ ફૂલ આવ્યા પછી ફળ આવે છે એના ઉપરથી આ પ્રયોગ થયો છે.

## સુડોકુ-૯૦૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | ૮ | ૧ | ૭ | | | ૫ |
| ૧ | | | | | | | | ૯ |
| | ૫ | | ૩ | | ૯ | | ૧ | |
| ૪ | ૧ | | | | | | ૮ | ૬ |
| ૬ | | ૯ | | | | ૨ | | ૭ |
| ૫ | ૨ | | | | | | ૩ | ૪ |
| | ૪ | | ૯ | | ૩ | | ૭ | |
| ૨ | | | | | | | | ૩ |
| ૩ | | | ૬ | ૪ | ૨ | | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૧ | ૮ | ૭ | ૪ | ૫ | ૬ | ૯ |
| ૬ | ૪ | ૯ | ૨ | ૫ | ૧ | ૮ | ૩ | ૭ |
| ૫ | ૮ | ૭ | ૯ | ૩ | ૬ | ૧ | ૨ | ૪ |
| ૭ | ૨ | ૪ | ૩ | ૧ | ૮ | ૯ | ૫ | ૬ |
| ૧ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૪ | ૮ | ૩ |
| ૩ | ૯ | ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૭ | ૧ |
| ૪ | ૭ | ૨ | ૧ | ૮ | ૩ | ૬ | ૯ | ૫ |
| ૯ | ૫ | ૩ | ૪ | ૬ | ૨ | ૭ | ૧ | ૮ |
| ૮ | ૧ | ૬ | ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૨ |

## ગુજરાત મોરી મોરી રે

અભિમાનને કારણે માણસને દીવા જેવું સ્પષ્ટ ન દેખાય એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

કોઈ  ડુંગર  તરણા  ડુંગર  નહીં  દેખે  ઓથે

## ઈર્શાદ

*હું એક જ શત્રુ મારો, હું મુજ કારાગાર,*
*મુજને મુજ કરથી છોડાવો, કરી મારો સંહાર.*

*-- કરસનદાસ માણેક*

## માઈન્ડ ગેમ

વિશ્વના કયા દેશમાં સૌથી વધુ પ્રજાતિ ધરાવતાં પ્રાણીઓ જોવા મળે છે એ જાણો છો? એનો વન વિસ્તાર પણ વિશાળ છે.

અ) કેન્યા  બ) બ્રાઝિલ  ક) રશિયા  ડ) ઈથિયોપિયા

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| SEEK | શોધવું |
| SICK | બીમાર |
| SIN | પાપ |
| SCENE | દ્રશ્ય |
| SHIN | પગનો નળો |

ગુજરાત મોરી મોરી રે: બગાસું ખાતા સાકરનો ગાંગડો મળ્યો

ઓળખાણ પડી?: વિજય હઝારે

માઈન્ડ ગેમ: મોમ્બાસા

ચતુર આપો જવાબ, અર્થ જણાવો: નકામું

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૯) શ્રદ્ધા આશર (૧૦) લજિતા ખોના (૧૧) મીનળ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) અમીશી બંગાળી (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) અલકા વાણી - સિડની (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) મહેશ દોશી (૨૬) ખુશરૂ કાપડિયા (૨૭) અંજુ ટોલિયા (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) જગદીશ ઠક્કર (૩૦) નિતિન જયંતિલાલ બજરિયા (૩૧) ડાયના સંતોકે (૩૨) પ્રવીણ વોરા (૩૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૪) પુષ્પા ખોના (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) ભારતી બુચ (૩૭) કિશોર બી. સંઘરાજકા (૩૮) અરવિંદ કામદાર (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) ધીરેન્દ્ર ઉદેશી (૪૨) ગીતા ઉદેશી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) દિપીકા દોશી (૪૫) અંબરીષ ઓઝા (૪૬) મહેશ સંઘવી

# કૉંગ્રેસ નેતા લલિત વસોયાનો ગોપાલ ઈટાલિયા પર ૧૦ કરોડ રૂપિયાનો બદનક્ષીનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાએ ગત ૧૭ જૂને વિસાવદર વિધાનસભા પેટાચૂંટણીના પ્રચારના અંતિમ તબક્કામાં વિસ્ફોટક દાવો કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસના લલિત વસોયા, લલિત કગથરા તથા પરેશ ધાનાણીએ મને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. લલિત વસોયાએ પોતાની કારમાંથી ૨ લાખ રૂપિયા કાઢી આમ આદમી પાર્ટીના વિસાવદર તાલુકા સંગઠન મંત્રી હરદેવ વિકમાને આપ્યા અને મારા વિરુદ્ધ ખોટા આક્ષેપો કરતો વીડિયો બનાવવાનું કહ્યું હતું.

આ આક્ષેપો બાદ પૂર્વ ધારાસભ્ય અને કૉંગ્રેસના નેતા લલિત વસોયાએ કહ્યું હતું કે, આ ગંભીર આરોપોને કારણે પોતાની જાહેર છબીને નુકસાન થયું હોવાથી ગોપાલ ઈટાલિયાને કાયદેસરની નોટિસ મોકલી છે. આ નોટિસમાં તેમણે ઈટાલિયા પાસેથી રૂ.૧૦ કરોડનું વળતર માગ્યું છે. આ સાથે જ વસોયાએ ગોપાલ ઈટાલિયાને ૧૦ દિવસની અંદર આ નોટિસનો સંતોષકારક જવાબ આપવા પણ જણાવ્યું છે.

જો ૧૦ દિવસમાં ગોપાલ ઈટાલિયા તરફથી યોગ્ય જવાબ નહીં મળે તો લલિત વસોયા કાયદેસરની કાર્યવાહી આગળ વધારશે.

આ અંગે લલિત વસોયાએ વધુમાં કહ્યું હતું કે વિસાવદરની પેટાચૂંટણી દરમિયાન ગોપાલ ઈટાલિયાએ સ્ટિંગ કરીને હોટલમાં આપના કાર્યકરને ૨ લાખ રૂપિયા આપી ખરીદતા હોવાનો આક્ષેપ કર્યો હતો. લલિત વસોયાએ કહ્યું હતું કે મને અઠવાડિયામાં આ અંગેના પુરાવા આપી વાતચીત કરે, જો એવું નહીં કરે તો કોર્ટમાં કેસ ચલાવવામાં આવશે.

જ્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે નોટિસ વાંચું તો ખબર પડે ને, મને નોટિસ મળી નથી. જે નોટિસ ગોપાલ ઇટાલિયાને આપવાની છે એ ટીવીમાં આપી છે. તે લોકોનો ઇરાદો જુઓ, હું ચૂંટણી જીત્યો છું. ભાજપ અને કૉંગ્રેસે પોતાની તમામ તાકાત લગાવી છતાં હું જીત્યો એટલે એ બે પાર્ટીને પેટમાં દુ:ખે છે. ■

# સાંકડા રસ્તાઓ પર વાહન ૩૦ કિ.મી. પ્રતિ કલાકથી વધુ ઝડપે નહીં ચલાવી શકાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વાહનોની સંખ્યા વધવાની સાથે અકસ્માતની સંખ્યામાં પણ ચોંકાવનારી રીતે વધારો થઈ રહ્યો છે. અકસ્માતની સંખ્યા ઘટાડવા સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવે છે તેમ છતાં કોઈ અસર થઈ ન હોય તેમ લાગે છે.

રાજ્યનો શહેરી વિકાસ વિભાગ શહેરના રસ્તાઓ માટે ગતિ મર્યાદાને અંતિમ રૂપ આપી રહ્યો છે. રાજ્યમાં એક દાયકામાં માર્ગ અકસ્માતોમાં ૭૫,૭૩૮ લોકોના જીવ ગયા છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, ગીચ રસ્તાઓ પર મહત્તમ સ્પીડ ૩૦ કિમી. પ્રતિ કલાક સુધી કરવામાં આવશે, જ્યારે પહોળા માર્ગો પર ૪૫-૬૦ કિમી. પ્રતિ કલાક સુધીની સ્પીડ મર્યાદા રહેશે.

આ પહેલ ડિસેમ્બર ૨૦૨૪માં સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્ર સરકારના ડેટા અનુસાર કરવામાં આવી હતી. જે મુજબ ૨૦૧૩ થી ૨૦૨૨ ની વચ્ચે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારા લોકોની સંખ્યાના આધારે ગુજરાત દેશમાં આઠમા ક્રમે હતું. શહેરી વિભાગના અધિકારીઓ શહેરી માર્ગ સલામતીને પ્રાધાન્ય આપવા માટે જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રૂલ્સમાં સુધારો કરી રહ્યા છે. નવું માળખું રસ્તાની પહોળાઈ, ટ્રાફિકની ગીચતા અને દિવસભરના સમયગાળાના આધારે ઝડપ મર્યાદા નક્કી કરશે.

૨૦૨૨માં રાજ્ય સરકારે વિવિધ પ્રકારના વાહનો માટે સ્પીડ લિમિટ નક્કી કરી હતી. જે મુજબ શહેરની હદમાં કારની સ્પીડ ૭૦ કિમી. પ્રતિ કલાકથી વધુ ન હોઈ શકે. ૧૦૦ સીસીથી વધુ ડિસ્પ્લેસમેન્ટવાળી મોટરસાઇકલ માટેની મર્યાદા ૬૦ કિમી. પ્રતિ કલાક અને ૧૦૦ સીસીથી ઓછી ડિસ્પ્લેસમેન્ટવાળી મોટરસાઇકલ માટે ૫૦ કિમી. પ્રતિ કલાક નક્કી કરવામાં આવી હતી. એક્સપ્રેસ વે પર કાર માટેની સ્પીડ લિમિટ ૧૨૦ કિમી. પ્રતિ કલાક હતી, ડિવાઈડરવાળા અને ચાર કે તેથી વધુ લેનવાળા હાઈવે પર ૧૦૦ કિમી. પ્રતિ કલાક હતી અને સ્ટેટ હાઈવે પર ૮૦ કિમી. પ્રતિ કલાક હતી.

શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ જણાવ્યું કે, શહેરોમાં સ્પીડ લિમિટ માર્ગ સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેમાં વધુ ઝડપ ગંભીર અકસ્માતોનું જોખમ નોંધપાત્ર રીતે વધારે છે. ૮૦ કિમી. પ્રતિ કલાકની ઝડપે, અકસ્માતમાં મૃત્યુની સંભાવના ૩૦ કિમી. પ્રતિ કલાકની સરખામણીમાં ૨૦ ગણી વધારે હોય છે. પ્રસ્તાવિત સિસ્ટમ આંતરરાષ્ટ્રીય મોડલને અનુસરશે. જ્યાં રહેણાંક અને વધુ ટ્રાફિકવાળા વિસ્તારોમાં રાહદારીઓ અને સાયકલ સવારોને સુરક્ષિત રાખવા માટે ૩૦ કિમી. પ્રતિ કલાકની મર્યાદા લાગુ કરવામાં આવે છે. મુખ્ય માર્ગો અને હાઈવે સલામતીના માપદંડો જાળવી રાખવામાં આવશે. સૂત્રોના કહેવા પ્રમાણે, રાજ્યનો શહેરી વિકાસ વિભાગ તમામ શહેરો માટે આ પદ્ધતિની જાહેરાત કરતા પહેલા અમલીકરણની અસરનું વિશ્લેષણ કરશે. ■

# રાજ્ય કર વિભાગનો વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ અને નવો જીએસટી લોગો જાહેર કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર ખાતે ૧ જુલાઈ - જીએસટી દિવસ નિમિત્તે નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈના વરદ હસ્તે ગુજરાત રાજ્ય કર વિભાગનો નવો અધિકૃત લોગો જાહેર કરવામાં આવ્યો હતો. આ સાથે જ, રાજ્ય કર વિભાગનો વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો વાર્ષિક અહેવાલ પણ નાણા પ્રધાનના હસ્તે પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

આ અવસરે નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈએ નાણા વિભાગ દ્વારા રાજ્યની કર નીતિ, શાસન અને આવકમાં સુધારાઓ લાવવા માટે કરવામાં આવેલા વિશિષ્ટ પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને વિશ્વાસની સ્થાપના, ઇઝ ઓફ કમ્પ્લાયન્સ (પાલનની સરળતા) અને ટેક્નોલોજીના સુયોગ્ય ઉપયોગ દ્વારા વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો.

રાજ્ય કર વિભાગનો નવો લોગો વિભાગની વિકસતી ઓળખને સ્પષ્ટપણે રજૂ કરે છે. આ લોગો પારદર્શિતા, ટેક્નોલોજી-આધારિત સુધારાઓ અને 'નાગરિક પ્રથમ' અભિગમ જેવા મુખ્ય સિદ્ધાંતોને વ્યક્ત કરે છે. આ લોગો ડિજિટલ શાસનના યુગમાં એક મજબૂત, કાર્યક્ષમ અને કરદાતા-ફ્રેન્ડલી ઇકોસિસ્ટમનું નિર્માણ કરવા માટેના વિભાગના મિશનને પ્રતિબિંબિત કરે છે.

આ લોગોમાં વપરાયેલા રંગોનો પણ વિશેષ અર્થ છે. લોગોમાં દર્શાવેલ વાદળી રંગ કમ્યુનિકેશન અને પારદર્શિતા દર્શાવે છે. જ્યારે, સોનેરી રંગ કરવેરા અને વિકાસનું પ્રતીક છે. આ નવો લોગો નાણાં વિભાગની આધુનિક અને જન-કેન્દ્રિત શાસન પ્રણાલી પ્રત્યેની પ્રતિબદ્ધતાને પણ રેખાંકિત કરે છે.

રાજ્ય કર વિભાગ દ્વારા પ્રકાશિત કરાયેલો વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ નાણા વિભાગની કાર્યક્ષમતા, આવક, સુધારાઓ અને વિવિધ મહત્ત્વપૂર્ણ માપદંડો પર કરવામાં આવેલી વિશિષ્ટ કામગીરીનું દસ્તાવેજીકરણ કરે છે. આ અહેવાલ વિભાગની પ્રગતિ સ્પષ્ટ રીતે દર્શાવે છે. ■

# અમદાવાદ વિમાન દુર્ઘટના મામલે એર ઈન્ડિયા અને બોઈંગને પીડિત પરિવારજનો કોર્ટમાં ઢસડી જવાની તૈયારીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ૧૨ જૂને એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બ્રિટનમાં રહેતા પરિજનો હવે એર ઈન્ડિયા અને બોઇંગ સામે યુકેની કોર્ટમાં કાયદાકીય કાર્યવાહી પર વિચાર કરી રહ્યા છે. બ્રિટનમાં રહેતા પીડિત પરિવારો લંડનની કીસ્ટોન લો નામની કાયદાની ફર્મ સાથે વાતચીત કરી રહ્યા છે, જેથી સંભવિત કેસ દાખલ કરવામાં આવી શકે.

આ કેસમાં મુખ્યરૂપે વળતરની રકમ વધારવાની માંગ કરવામાં આવી શકે છે. મળતી માહિતી મુજબ, આ કીસ્ટોન લો ફર્મ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં પોતાનાં સ્વજનોને ગુમાવનાર પરિવારને સલાહ આપવાની પ્રક્રિયામાં છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, યુકેમાં રહેતા અનેક પરિવારો સાથે બેઠક નક્કી કરવામાં આવી છે, જેમાં કાયદાકીય વ્યૂહનીતિ પર વિચાર કરવામાં આવશે. આ બેઠક બાદ આગલી કાર્યવાહી અંગે કોઈ નક્કર નિર્ણય લેવામાં આવશે.

કીસ્ટોન લો ફર્મ પાસેથી મળતી માહિતી મુજબ, અમે એર ઈન્ડિયાની મુખ્ય ઉડ્ડયન વીમા કંપની ટાટા એઆઈજી તરફથી હાલમાં કરવામાં આવેલી નાણાકીય સેટલમેન્ટ ઓફરની સમીક્ષા કરી રહ્યા છીએ. આ સાથે જ અમે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ એર ઈન્ડિયાની એ જવાબદારી વિશે પણ તપાસ કરી રહ્યા છીએ, જે હેઠળ તેમણે પીડિત પરિવારોને અગાઉથી ચુકવણી કરવાની રહેશે. ■

# છેલ્લા એક વર્ષમાં એસટી બસોમાં ૯૬ લાખથી વધુ દિવ્યાંગોએ વિનામૂલ્યે મુસાફરી કરી, ૭૫ કરોડથી વધુની સહાય અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ- (જીએસઆરટીસી) દ્વારા નાગરિકોની મુસાફરીને હરહંમેશ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એસ.ટી નિગમની તમામ પ્રકારની પ્રીમિયમ અને નોન પ્રીમિયમ બસોમાં રાજ્યના નાગરિકોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી સલામત રીતે પહોંચાડવાની સુવિધા આપવામાં આવી રહી છે. દિવ્યાંગ મુસાફરો અને તેમના સહાયકો પણ એસ.ટી નિગમની બસોમાં વિનામૂલ્યે મુસાફરી કરવાની યોજનાનો લાભ લઇ રહ્યા છે. જે અંતર્ગત ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં જીએસઆરટીસીની તમામ બસોમાં ૯૬.૫ લાખ દિવ્યાંગ મુસાફરો અને ૧૩.૨૭ લાખ જેટલા તેમના સહાયકોએ વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ભાડા પેટે નિગમને રૂપિયા ૭૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી હતી.

નાગરિકોને વધુમાં વધુ યોજનાઓ થકી ગુણવત્તાયુક્ત મુસાફરી સુવિધા કઈ રીતે આપી શકાય તે દિશામાં એસ.ટી નિગમ દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દિવ્યાંગ મુસાફરો માટે સામાજિક અને ન્યાય અધિકારિકતા વિભાગ દ્વારા વિવિધ પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ અને તેમના સહાયકોને એસ.ટી. બસમાં ૧૦૦ ટકા વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા આવી રહ્યો છે.

ગુજરાત એસટી દ્વારા પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓમાં આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા, જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા વગેરેને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ વ્યક્તિ અને તેમના સહાયકોને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે.

દિવ્યાંગો દ્વારા નિગમની બસોમાં કરવામાં આવેલી વિનામૂલ્યે મુસાફરી સામે થયેલ ખર્ચની ગ્રાન્ટ સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા નિગમને આપવામાં આવે છે. વર્ષ-૨૦૨૪-૨૫માં કુલ- ૯૬,૫૨,૬૧૯ દિવ્યાંગ વ્યક્તિ અને કુલ - ૧૩,૨૭,૭૮૪ દિવ્યાંગ વ્યક્તિઓના સહાયકો દ્વારા નિગમની બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો હતો. આમ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ અને દિવ્યાંગ સહાયક માટે મુસાફરી પેટે રૂપિયા ૭૫ કરોડથી વધુની સહાય નિગમને આપવામાં આવી છે. ■

# ગાંધીનગરમાં આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું ઉદ્ઘાટન: ૧૦૪ તમામ આરોગ્ય સેવાઓનું એક જ સ્થળેથી મોનિટરિંગ કરાશે

અમદાવાદ: ગાંધીનગરમાં રાજ્યની આરોગ્ય સેવાઓના સર્વગ્રાહી મોનિટરિંગ માટે નવા આરોગ્ય સમીક્ષા કેન્દ્રનો મંગળવારથી પ્રારંભ થયો હતો. આરોગ્યપ્રધાન ઋષિકેશ પટેલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું. આ કેન્દ્ર દ્વારા રાજ્યની તમામ આરોગ્ય સેવાઓનું એક જ સ્થળેથી મોનિટરિંગ કરવામાં આવશે. નાગરિકોને ઘરે બેઠા આરોગ્ય સેવાઓની માહિતી મળી રહે તે માટે ૧૦૪ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. આ સાથે જ પીએમજય હેલ્પલાઇન પણ કાર્યરત કરવામાં આવી છે.

આરોગ્ય સમીક્ષા કેન્દ્ર ખાતે વિવિધ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અદ્યતન ઓડિયો વિઝ્યુઅલ્સ કોન્ફરન્સ રૂમ, ૧૨ ટર્મિનલ્સ સાથેની વ્યવસ્થા. વીડિયો કોન્ફરન્સ માટેનો મીટિંગ રૂમ તેમજ ફરજ પરના અધિકારીઓ માટેની બેઠક વ્યવસ્થાઓ. એક સાથે કુલ ૧૦૦ જેટલા તાલીમબદ્ધ કોલ-ટેકર્સ દ્વારા આરોગ્ય વિભાગની ફ્લેગશિપ યોજનાઓના/સેવાઓના લાભાર્થીઓને નિયત કરેલ પ્રશ્નાવલીઓ મુજબ જુદી-જુદી આરોગ્યલક્ષી સેવાઓ અંગે પરામર્શ, સલાહ, સૂચન, માર્ગદર્શનની માટેની અદ્યતન કોલ સેંટરની વ્યવસ્થા. વિશિષ્ટ સીએડી કોલ સેન્ટર એપ્લિકેશન થકી વ્યવસ્થિત કોલ રેકોર્ડિંગ અને પુરાવા, તાલીમ અને ગુણવત્તા નિયંત્રણ માટે સુરક્ષિત રીતે માહિતીનું સંચાલન અને સંગ્રહ કરવા માટે ઈએમઆરઆઈ અને જીએચએસ દ્વારા ડિઝાઇન અને અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય અધિકારીઓ સાથે સમયાંતરે ટુ વે કમ્યુનિકેશન વિડિયો કોન્ફરન્સિંગ અને સંવાદની વ્યવસ્થા. આરોગ્ય વિભાગના અમલીકૃત મહત્ત્વના કાર્યક્રમોના ડેશબોર્ડનું મોનિટરિંગ અને ફીડ-બેક માટેની વ્યવસ્થા.આરોગ્ય વિભાગના રાજ્ય તથા જિલ્લા કક્ષાના સંપૂર્ણ માળખાના અધિકારીઓ,કર્મચારીઓને ત્વરિત સંપર્ક માટે ડિજિટલ ક્લિક ટુ કોલની વ્યવસ્થા કરવામાં આવી છે. નવા આરોગ્ય સમીક્ષા કેન્દ્ર દ્વારા આરોગ્ય વિભાગની અલગ-અલગ શાખાઓ દ્વારા અમલીકૃત આરોગ્યલક્ષી કાર્યક્રમો/સેવાઓને સંકલિત રીતે એક જ સ્થાનેથી આરોગ્ય સમીક્ષા કેન્દ્રના માધ્યમથી નિયમિત ફોલો-અપ, નિયત લક્ષ્યાંકોને સિદ્ધ કરવા સમીક્ષા અને જિલ્લાવાર સેવાઓથી વંચિત રહેલ લાભાર્થીઓ સુધી પહોંચવા ત્વરિત ફિડ-બેક્નું તૈયાર કરાયેલું માળખું અસરકારક સાબિત થશે. ગુજરાત સરકાર દ્વારા લોકોને ઘરે બેઠા ફોન ઉપર આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી તથા સ્વાસ્થ્ય સબંધી કોઈ પણ સલાહ, સૂચન કે પરામર્શ મળી રહે તે માટે આરોગ્ય સમીક્ષા કેન્દ્રમાં હેલ્થ હેલ્પલાઇન નંબર ૧૦૪ કાર્યરત કરાયો છે. ■

# રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના: ૪૫ તાલુકામાં મેઘમહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું હતું. રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં ૪૫ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. વલસાડના કપરાડામાં સૌથી વધુ ૩.૫૪ ઈંચ વરસાદ પડ્યો હતો. ડાંગના સુબીરમાં ૧.૪૬ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ સિવાય ૪૩ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

આગામી સપ્તાહમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની સંભાવના હોવાથી સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે રાહત કમિશનર આલોકકુમાર પાંડેના અધ્યક્ષ સ્થાને વેધર વોચ ગ્રૂપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે સંબંધિત વિભાગોની તૈયારી અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. રાહત કમિશનરે રાજ્યમાં સંભવિત તમામ પરિસ્થિતિને પહોંચી વળવા વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારીએ રાજ્યમાં વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ વરસી રહ્યો છે. આગામી સપ્તાહમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસવાની સંભાવના છે.

રાજ્યમાં ભારે વરસાદની કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે એનડીઆરએફ તથા એસડીઆરએફની કુલ ૩૨ ટીમો જિલ્લા કક્ષાએ ડિપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત બે ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

બેઠકમાં સિંચાઇ વિભાગના અધિકારીએ પાણીના સંગ્રહની સ્થિતિ વિશે માહિતી આપી હતી. જે મુજબ રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૨૧ જળાશયો હાઇએલર્ટ, ૧૨ જળાશયો એલર્ટ પર તથા ૧૯ જળાશયો વોર્નિંગ પર છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં ઓવર ટોપીંગ અને પાણી ભરાવાના કારણે ૯૪ રસ્તા બંધ છે. જે પાણી ઉતરતા પૂર્વવત્ કરવામાં આવશે. ■

# ગુજરાત દેશમાં કરદાતાઓની સંખ્યામાં ત્રીજા ક્રમે, ૨૦૨૪-૨૫માં ૬.૩૮ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં નોંધાયેલા કરદાતાઓની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં ત્રીજા સ્થાને છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કરદાતાઓની સંખ્યામાં ૬.૩૮ ટકાનો વધારો થયો હતો. જે રાષ્ટ્રીય સરેરાશ વધારા ૩.૮૬ ટકા કરતાં વધારે છે. સત્તાવાર માહિતી અનુસાર, ગુજરાતમાં નોંધાયેલા કરદાતાઓની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧૧,૯૦,૩૮૭ થી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૨,૬૬,૮૮૬ થઈ હતી. જે રાજ્યમાં કરદાતાઓની સંખ્યા વધી રહી હોવાનું દર્શાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં, રાજ્યમાં નોંધણી અરજીઓ માટે સરેરાશ નિકાલનો સમય ઘટાડીને ૧૮ દિવસ કરવામાં આવ્યો હતો, જે અગાઉના નાણાકીય વર્ષ કરતાં ૫ દિવસનો સુધારો દર્શાવે છે. આ માટે કાયદાકીય સમય મર્યાદા ૪૪ દિવસની છે. તેવી જ રીતે, અરજીઓ રદ કરવા માટેનો સરેરાશ નિકાલનો સમય નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૧૯ દિવસ થયો હતો, જે ૪૦ દિવસનો સુધારો દર્શાવે છે.

ગુજરાતે મુખ્ય પ્રદર્શન સૂચકાંકોમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, ૭૧.૬૯ પોઈન્ટ્સના સ્કોર સાથે રાષ્ટ્રીય સ્તરે બીજા સ્થાને છે. મહારાષ્ટ્ર ૭૩.૯૩ પોઈન્ટ્સ સાથે આગળ છે, પરંતુ ગુજરાતે પરફોર્મન્સ પેરામેટિરમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું.

મહેસૂલ મોરચે, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧,૩૬,૭૪૮ કરોડની આવક ઊભી કરીને રાષ્ટ્રીય કર સંગ્રહમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ. ૧,૨૫,૧૬૯ કરોડ હતું. હાલમાં, રાજ્યોમાંથી ઉદ્ભવતા મહેસૂલની દ્રષ્ટિએ રાજ્ય રાષ્ટ્રીય સ્તરે ત્રીજા સ્થાને છે, જે દેશના સ્થાનિક જીએસટી સંગ્રહમાં આશરે ૮.૨ ટકા ફાળો આપે છે. ■

# ગાંધીનગરની નભોઈ કેનાલમાં કાર ખાબકી: ત્રણનાં મૃતદેહ મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરની નભોઈ કેનાલમાં કાર ખાબકી હતી. કારમાં પાંચ લોકો સવાર હોવાની શક્યતા છે. કેનાલમાં કાર ખાબકી હોવાના સમાચાર મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ પહોંચી હતી અને રેસ્ક્યૂ કામગીરી શરૂ કરી હતી. આ દરમિયાન એક યુવતી સહિત ત્રણ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, કાર અચાનક કેનાલમાં ખાબકી હતી. કારમાં સવાર લોકોની સંખ્યા પાંચ હોવાનું અનુમાન છે. કાર કેનાલમાં ખાબકી હોવાના સમાચાર વાયુવેગે ફેલાતા મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા.

જીજે ૦૩ એમઆર ૪૭૮૩ નંબરની કારમાં પાંચ લોકો સવાર હતા. ફાયરબ્રિગેડ દ્વારા હાલ બે મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે, બાકીના લોકોની શોધખોળ માટે બચાવ કામગીરી ચાલુ છે. કારને બહાર કાઢવા માટે હાઈડ્રો ગાડી મગાવવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ફાયર કન્ટ્રોલમાં ૨-૪૩એ કિરણ દેસાઈએ વર્ધી લખાવી હતી કે કરાઈ એક ફોર વ્હીલર ગાડી કેનાલમાં પડી ગઈ છે. જેથી ગાંધીનગર ફાયરની ટીમ ઘટનાસ્થળે ઓન ધ સ્પોટ આવીને ડેથ બોડી અને નર્મદા કેનાલમાં ગરકાવ થયેલી ફોર વ્હિલને દોરડા બાંધીને બહાર કાઢી હતી. અત્યાર સુધીમાં ત્રણ ડેડ બોડી કાઢવામાં આવી છે, ટોટલ કેટલી ડેડબોડી છે એ હજુ સુધી અમને અંદાજ નથી.

કાર કેનાલમાં કેવી રીતે ખાબકી એ અંગે કોઈ ચોક્કસ માહિતી મળી નહોતી. પોલીસ અને સ્થાનિક પ્રશાસન દ્વારા ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડ અને સ્થાનિક પ્રશાસન દ્વારા બચાવ કામગીરી ચાલુ છે. ■

# ગાંધીનગર યુએન મહેતા ઈન્સ્ટિટ્યૂટમાં છેલ્લા એક મહિનામાં ૧૪૦૦થી વધુ દર્દીઓએ સારવાર લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગર ખાતે યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરને એક મહિનો પૂર્ણ થયો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭ મે ના રોજ આ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. સેન્ટરમાં અત્યાધુનિક કેથલેબની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. પ્રથમ મહિનામાં ૧૪૧૦ બાહ્ય દર્દીઓ અને ૭૭ અંતઃદર્દીઓને સારવાર આપવામાં આવી છે. કેથલેબમાં ત્રણ દર્દીઓની એન્જિયોગ્રાફી કરવામાં આવી છે. તેમાંથી એક દર્દીની બલૂન એન્જિયોપ્લાસ્ટી પણ કરવામાં આવી હતી.

આ સેન્ટર અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક અને ઇન્ટરવેન્શનલ ટેકનિકથી સજ્જ છે. ગાંધીનગર અને આસપાસના વિસ્તારના દર્દીઓને કાર્ડિયાક અને ન્યૂરો સંબંધિત સારવાર સરળતાથી મળી રહે છે. યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ કાર્ડિયોલોજી ક્ષેત્રે સારવાર, સંશોધન અને તાલીમમાં અગ્રેસર છે.

સંસ્થાનું મુખ્ય લક્ષ્ય વિશ્વકક્ષાની સારવાર પૂરી પાડવાનું છે. આ સુવિધાથી દર્દીઓના સારવારનાં પરિણામોમાં સુધારો થશે. આ સાથે જ દર્દીઓ અને તેમના પરિવારોના જીવનની ગુણવત્તામાં પણ વધારો થશે. ■

# અમદાવાદના નવ હેરિટેજ દરવાજાની જાળવણી માટે એએસઆઈએ મનપાને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના હેરિટેજ સ્થાપત્યોની જાળવણી પ્રત્યે મ્યુનિસિપલ કોર્પોરેશનની ગંભીર બેદરકારી બહાર આવી છે. થોડા સમય પહેલા ઐતિહાસિક દિલ્હી દરવાજાની અંદર લાગેલો લાકડાનો દરવાજો ધરાશાયી થયો હતો. આ ઘટના બાદ પુરાતત્ત્વ વિભાગે મનપાને પત્ર લખી શહેરના ૯ હેરિટેજ દરવાજાઓની જાળવણી કરવા તથા દરવાજાઓમાંથી વાહનોની અવરજવર બંધ કરવા અને દબાણો દૂર કરવા આદેશ કર્યો હતો. પુરાતત્વ વિભાગના પત્ર બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર દોડતું થયું છે.

શહેરના પાંચકૂવા દરવાજા, દિલ્હી દરવાજા, રાયપુર દરવાજા, દરિયાપુર દરવાજા, ભદ્ર ત્રણ દરવાજા, સારંગપુર દરવાજા, આસ્ટોડિયા દરવાજા, પ્રેમ દરવાજા અને કાલુપુર દરવાજાની જાળવણી માટે પગલાં લેવા આદેશ કર્યો છે. આ દરવાજાઓ વચ્ચેથી થતી વાહનોની અવરજવર બંધ કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવા જણાવ્યું છે. આ દરવાજાઓની જાળવણી કરવા અને શોભા વધે તે માટે દરવાજાઓની આસપાસ થયેલાં દબાણો અને ફેરિયાઓનાં દબાણો દૂર કરવા આદેશ કર્યો છે. આસ્ટોડિયા દરવાજામાં જે રીતે બેરીકેડિંગ કરવામાં આવ્યું છે તે રીતે અન્ય દરવાજાઓમાં પણ બેરીકેડિંગ કરવા જણાવવામાં આવ્યું છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**ભાગવત કથા- મેડિકલ- શૈક્ષણિક પ્રોજેક્ટ**
સમદર્શન સેવા પરિવાર, સાન્તાક્રુઝ, (ફંડ રેઝીન્ગ ઈવેન્ટ, 80G- CSR) ગીતા પ્રવચન, ભાગવત કથા, શ્રીવિષ્ણુસહસ્ત્રનામસ્ત્રોતમ્, વ્યાસપીઠ, પૂ. ઈશ્વરચંદ્ર વ્યાસ 26 નવેમ્બરથી ૩ ડિસેમ્બર, 2025, 8 દિવસ, ''ત્રયોદશ જ્યોતિર્લિંગ તિર્થ'', બરૂમલ, ધરમપુર, વલસાડ (વેબસાઈટ જોવો) AC રૂમ, તમામ ભોજન, મુખ્ય યજમાન, પોથીજી, ઉત્સવ, હવન, યજમાનશ્રી સંપર્ક- 9324250850. (૪૮-એ)

## ૯. લગ્ન સંબંધી

**બ્રાહ્મણ સેવા સમાજ**
49મું વર્ષ 107મો પરિચય મેળો મલાડ ખાતે તા. 24/08/2025 પ્રવેશ ફી યુવક Rs. 500/-, યુવતી Rs. 300/-, સંપર્ક: અલકેશભાઈ વ્યાસ- 8779177080, જય- 9870756615, દિપકભાઈ- 8828221010. (દહેજ નહીં.). (૧૫૯૫૪-એ)

■ જૈન યુવતી વિડો 59, સુખી સાધન સંપન્ન પાત્ર આવકાર્ય: 9892863344. (દહેજ નહીં). (૬૬-એ)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૪૨-એ)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૬૦૯૬)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીગણેશ યાત્રા**
**નેપાળ, પશુપતિનાથ, પોખરા, કાશી, પ્રયાગ, અયોધ્યા, દિવસ 13, ઉપડશે 8 સપ્ટેમ્બર, ડિલેક્સ હોટેલ પોતાનું રસોડું, ગ્રુપ બુકિંગ આવકાર્ય. ૯૮૨૦૧૬૪૦૦૭/ ૯૮૯૨૨૬૮૬૬૭. (૪૪-એ)**

**લોનાવાલા**
લક્ઝરીયસ રૂમ્સ/વિલા, સ્વિમિંગ પૂલ, પ્યોર વેજ/જૈન ફૂડ, કપલ/ગ્રુપ બુકિંગ આવકાર્ય - 7021073029. (જેપી/ ૪૫૦૩-એ)

## ૧૪. નોકરી ખાલી છે

■ ''અવંતે રિયલ્ટી'' ઑફિસના ક્લેરિકલ કામકાજ માટે માણસ જોઈએ-- 8356926392, 9702284500. (બી-૧૬૧૬૦)

**દક્ષિણ મુંબઈમાં પ્રાચીન જૈન તિર્થમાં અનુભવી ધર્મપ્રેમી, વિશ્વાસુ, કોમ્પ્યુટરના અનુભવી સારા પગાર સાથે જરૂર છે. મોબાઈલ 9322234901, email: alloysteel3@gmail.com (એસડીબી-૨૭૨૧)**

**REQUIRED**
Office DTP Operator 12th Pass + Computer Knowledge, Salary - 15000/- + (Age upto 40 years), Jalaram - Borivali 9820441711 / 9820000538.(49-A)

GOVT. REGISTERED CO. Requires Retired, Homemakers, Bankers, Salary + PF. 9029094202. (B-16189)

## ૧૫. નોકરી જોઈએ છે

■ મીરા-ભાયંદરમાં હાઉસિંગ સોસાયટી બિલિંગ એકાઉન્ટ ઑડિટ મેનેજમેન્ટ માટે: 9324109312. (જેપી/૪૯૯૯-એફ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (વેસ્ટ)**
**સંભવદર્શન**
ગોપાલભવનની પાછળ, એલ.બી.એસ રોડ, ૧ બેડરૂમ હોલ કિચન-'માસ્ટર બેડ સાથે ફુલ્લી ફર્નીશ્ડ, પાર્કિંગ સાથે ઓનરશીપ વેચાણથી' 9820888323. (૬૪-એ)

**કાંદીવલી (વેસ્ટ)**
મહાવીર નગર લીંક રોડ, 3 બેડરૂમ, 1100', (ફાઇનલ 2.70 CR). 9324854365. (૪૪-સી)

**પાર્લા ઈસ્ટ**
અર્જન્ટ 2 બેડ સેલ 720' કારપેટ ગુડ એરીયા. 7045622403. (બી-૧૬૧૫૦)

**પાર્લા વેસ્ટ**
લક્ઝુરીયસ 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ. 1250' કાર્પેટ, 3 બેડરૂમ 950' કાર્પેટ, નવું મકાન, એમેનીટીસ સાથે. એજન્ટ: જય શાહ- 8850666935. (બી-૧૬૧૬૬)

**અંધેરી વેસ્ટ**
2 બેડરૂમ, 700' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ. એજન્ટ: જય શાહ- 8850666935. (બી-૧૬૧૬૭)

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું બિલ્ડિંગ 4 બેડરૂમ્સ 1305' 12 મો માળે, 2 ફ્લેટ ૭૪૦' ૨ બેડરૂમ્સ ૧૧મે માળે અને 10મા માળે, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૬૧-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી 4 બેડરૂમ્સ વેસ્ટરલી સેમી ફર્નિશ્ડ ફ્લેટ 1236' 11 મો માળો નવું મકાન બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૬૧-સી)**

**કાંદિવલી (વેસ્ટ)**
એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રૂફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હૉસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૯-જી)

**વોર્ડન રોડ**
હાજીઅલી/ તાડદેવ/નાનાચૌક 2 BHK ફ્લેટસ વેચવાના છે. સી/સિટીવ્યુ, 'રૂપાણી' એજન્ટ. 9820372950/ 9619775855. (બી-૧૬૧૭૮)

***લોનાવાલા***
દહેરાસરની સામે 3 BHK બંગલો વેચાણમાં 9869151200. (બી-૧૬૧૬૫)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. તિલક રોડ, ૨ બેડરૂમ, હોલ, કિચન- 740' કારપેટ. 9821069113, 9870769113. (૩૯-એ)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૬૧૩૩)

**ચોપાટી**
**ન્યુ ટાવર, 2 BHK. રેરા કાર્પેટ 800 સ્કે ફીટ, 1 રિઝર્વ પાર્કિંગ, જૈન મંદિર પાસે, 6.5 CR વેચવાનું છે. 8080753577. (Time: 10-6) (દલાલ માફ). (બી-૧૬૧૯૬)**

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૭૧૮)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૩૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૭૧૯)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906. (૭૦-એ)

**ઘાટકોપર (વેસ્ટ)**
કામાલેન- ૧ બેડરૂમ - 510' કારપેટ, ૧લે માળે, વેલમેઈનટેન બિલ્ડીંગ, વેલ ફર્નીશ્ડ, (1.15 LAKH) નેગોશીએબલ. 9619400752. (૭૦-સી)

**મલાડ**
લક્ઝરીયસ ૪ બેડરૂમ ફર્નીશ્ડ 2200' કારપેટ અપર ગોવિંદનગર વેચાણથી લેવા - દિનેશ - 9320202779. (એસડીબી-૨૭૨૨)

**VIRAR WEST**
**2 Bedroom area 1295 Untouch Resale Ready Possession Investor Flat E/W 24 Water Parking Full White Package 80 Lakh negotiable Jash Properties 7666328834. (53-A)**

**LEAVE & LICENCE**
Aanand Darshan peddar road 2 bhk 1.60 Lac 1 parking, sea view Sunbeam peddar road 2 bhk 1.25 Lac. Om Daryamahal Napeansea road 2 bhk 1.75 Lac nego. 1 parking 9892710071/ 9619048555. (B-16184)

**LALBAG, MAIN ROAD,**
New Bldg with OC, Low maintenance 2 Bed 650 cpt 3.2 Cr. Genuine Seller, 9773038617. (B-16104)

JUHU, SEA-FACING, BUNGLOW, Vacant, Independent, Freehold, 38000 sqft Plot. 350 Crores. Smaller Bungalows available. Call: 7738964338, 9819300359. (B-16194)

**MALAD WEST**
Jankalyan Nagar, Shakti Enclave 2 & 3 Bed, Balcony, Unfurnished available on Rent. Family 08879561055. (B-16192)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ (ઈસ્ટ)**
ઈન્ડસ્ટ્રીયલ ગાળો વેચાણથી આપવાનો છે. બીજે માળે, ૧૪૫ સ્કી.મીટર કારપેટ. સંપર્ક: 9820773986. (૪૩-એ)

**વાશી MIDC મ્હાપેમાં**
ભાડાની જગ્યા, પ્લોટ નં. A-577, પહેલા માળે, મહાપે, MIDC, TTC ઈન્ડસ્ટ્રીયલ એરીયા, નવી મુંબઈ-400 701 ત્રણ હજાર કારપેટ, એપોક્સિ ફલોરીંગ, પીઓપી સીલિંગ બાર સીલિંગ પંખા, બાર સ્લાઈડીંગ બારી, કિચન, બાથરૂમ, ટોયલેટ, સેપરેટ ઓફીસ, બે ટન સેપરેટ લીફ્ટ, સેપરેટ એન્ટ્રી, લોક એન્ડ કી, ભાડુ 50 રૂપિયા એક સ્કેવર ફુટ. સંપર્ક: ગીરીશ ઠક્કર. 9323583911. (૬૯-એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**અંધેરી (પૂર્વ) મહાકાલી**
એમ.આય.ડી.સી. ઈન્ડસ્ટ્રીઅલ ગાલા, લીવલાયસંસ એરિયા ૪૦૦ થી ૭૫૦૦ ફર્નીશ્ડ/ અનફર્નીશ્ડ ૨૦ ફુટ ઉંચાઈવાળા લોફ્ટ સાથે. સંપર્ક: ૯૮૨૧૦૪૯૯૧૧. (એસડીબીજી-૨૬૯૭)

**MIDC Taloja**
**L-block on L&L**
Shed area: 690 sq. mtrs
+Open Space area:
400 sq.mtrs;
Shed Floor: 1.5 Ft
(Above Road Level) &
PCC 6",
RCC boundary wall.
**Call: 9833309050**
(B-16089)

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઓફિસ વેચાણથી**
95 લાખ +, કાંદિવલી વેસ્ટ Swastik House - સ્ટેશન સામે મેન એસવી રોડ, 90% લોન, સંપર્ક 9820866563. (જેપી-૪૯૯૯-સી)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસો ડી. જે રોડ ૧૧૫૦' 1138' જોડી અલગ, 603', સ્ટેશન સામે 450', 225'+ 225' આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ- 9819874515. (૬૧-ડી)**

**મસ્જીદબંદર (વેસ્ટ)**
**સ્ટેશન નજીક ઓનરશીપ**
**ઓફિસ કમ વેરહાઉસ વેચવાનું છે. કાઝી સૈયદ સ્ટ્રીટ રોડટચ, ગ્રાઉન્ડ ફ્લોર, (વેલ મેઈન્ટેઈન્ડ સોસાયટી) ગ્રાઉન્ડ 1000' + 500' મેઝેનાઈન, ટોટલ કાર્પેટ એરિયા 1500 સ્કવેર ફીટ માલિક 9619690555. (૩૭-એ)**

**અંધેરી-મરોલ**
ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000' + 1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેચાણથી/ ભાડેથી. તથા અન્ય ઘણી પ્રપોઝલ. એજન્ટ દિનેશ ઠક્કર - 9819337299. (૫૧-એ)

**PRELEASED OFFICE**
**મહિને 60,000/- ભાડેથી લાગેલી ઓફિસ વેચવાની. (1.44 CR.) (2 પાર્કિંગ સાથે) (300' + 300' LOFT) યુઝેબલ 600', મહાવીર નગર, CROMA, DMART પાસે, કાંદિવલી (વેસ્ટ). Owner - 7666644727. (૩૪-એ)**

**ઝવેરી બજાર કાલબાદેવી**
**કોટન એક્સચેંજ પાસે, 170 ફુટની બીજા માળે, ઓનરશીપ ઓફિસ વેચવાની. (1.85 CR નેગોશીએબલ). 9987071234/ 8779888584. (૬૭-એ)**

**બોરીવલીમાં ભાડાથી**
શોરૂમ સ્ટેશન દેરાસર નજીક જાંબલી ગલીમાં (885), (920), (1630), (2075) રેડી પઝેશન અર્જન્ટથી 500/- ફૂટ સુનિલભાઈ - 9821477177. (૬૫-એ)

**PRIME LOCATION**
**For Bank Lease. Ground Floor, area 2412 Carpet, Gokhale Road, Patil Marg, Dadar (West). Mobile: 8080753577 (10 to 5) (Broker Excuse). (B-16195)**

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2720)

**VILE PARLE WEST**
Commercial Plot 982 sqmtr available Outright 08879561055. (B-16191)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા, લગ્નગીત, ભજન**
સંગીત સંધ્યા, જન્માષ્ટમી-ગણપતિ ભજન, સાંજી, ANNIVERSARY બજેટથી. મનસુખભાઈ- 9326801860. (૫૮-એ)

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્નગીત + ગેમ્સ. 9820464530. (૩૬-એ)**

## ૨૭. ઔષધ ઉપચાર

AYURVEDIC MEDICINES for First Stage of Fissure, Piles. Call: 9820380646. H Ghadiali (Therapist) (B-16193)

## ૩૨. જમીન-મિલકત

**AGRICULTURE PLOT SALE AT KARJAT**
**Agricultural Plot 30000 sq.ft. Rate 275/= per sq.ft. available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, etc. Contact: 9821114355 / 9321807605. (15992-G)**

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૧૩૮)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ'' ''યોગી એન્ટરપ્રાઈઝ'' 9820776583/ 9892298963. (૧૩/સી)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૧૫૫)

**TANGENT INTERNATIONAL CONSULTANCY**
**Offers Legal Drafting (Complaints, Notices, Replies) for Victims of Fraud, Cheating, Criminal/ Civil Cases Advisory, Police Liason/ Assistance in Court Matters (Anticipatory/ Regular Bail, Litigation Strategy) for Appointment: Pratap Bhosle (Ex. Police officer): 9821323064. (JP/4503-B)**

## ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**સોફા રીવોલીંગ ચેર**
સોફા રીવોલીંગ ચેર ડીઝાઈન પ્રમાણે નવા બનાવી આપશું જૂના રીપેરીંગ કરી આપશું. મનીષ ૯૮૨૦૮૯૫૨૧૪. (૨૮૧)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**આસ્થા એસ્ટ્રો સેંટર**
**જીવનમાં મુંઝવતી તમામ મુશ્કેલીના સમાધાન માટે આજે જ મળો ગોરેગાંવમાં. સંપર્ક: 9323989491. (૩૪-સી)**

**સદાશિવ જ્યોતિષ**
(મુફત સલાહ) 21 વર્ષોનો અનુભવી, મનચાહા પ્યાર, લગ્ન વિલંબ, સૌતનત્રાસ - 8080769503 (અંધેરી) (શુદ્ધ નવગ્રહ રત્ન ઉપલબ્ધ). (બી-૧૬૧૮૭)

■ તમારા પરિવારમાં સંતાનના નામ માટે, લગ્ન યોગ, જોબ યોગ, બિઝનેસ કંપનીનું નામ શું રાખવું. લકી યર વગેરે માટે સંપર્ક કરો 9819816307 જગદીશભાઈ (૬૮-એ)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૫૯૯૨-એ)

## ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૧૫૭)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com




**વિરોધ:** કોલકાતામાં લૉ કૉલેજની વિદ્યાર્થિની પરના બળાત્કારના વિરોધમાં દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ. (પીટીઆઇ)

# ઉત્તરાખંડમાં જ્યોતિમઠ પાસે નિહંગો અને સ્થાનિક વેપારી વચ્ચે હિંસક અથડામણ, પોલીસ પર કર્યો હુમલો

ગોપેશ્વર: ઉત્તરાખંડના જ્યોતિમઠ નજીક નિહંગો અને સ્થાનિક વેપારી વચ્ચે હિંસક અથડામણ બાદ પોલીસે સોમવારે સાત નિહંગો યાત્રાળુઓની ધરપકડ કરી હતી. અધિકારીઓએ આ માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપીઓએ તીક્ષ્ણ હથિયારોથી પોલીસ અધિકારી પર પણ હુમલો કર્યો હતો, જેમાં તે ઘાયલ થયા હતા.

જ્યોતિમઠ નજીક હેમકુંડ સાહિબના દર્શન કરવા આવેલા નિહંગો શીખોનો એક સ્થાનિક વેપારી સાથે સ્કૂટર લેવાને લઈને ઝઘડો થયો હતો. આ ઝઘડો એટલો વધી ગયો કે નિહંગોએ કથિત રીતે વેપારી પર તલવારોથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, વેપારી બચી ગયો હતો. તેમણે કહ્યું હતું કે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યાં સુધીમાં આરોપીઓ ભાગી ગયા હતા. પરંતુ તેમને પોલીસ સ્ટેશનના ગેટ પાસે રોકવામાં આવ્યા હતા.

આ દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિક વેપારીઓ પણ પોલીસ સ્ટેશનમાં એકઠા થયા. જ્યારે એવું જાણવા મળ્યું કે નિહંગ યાત્રાળુઓ પાસે મોટી બેધારી તલવારો, છરીઓ અને કુહાડીઓ સહિત અનેક તીક્ષ્ણ હથિયારો હતા. તલવારો અને ખંજર ઉપરાંત તેઓ પરંપરાગત રીતે તેમની ધાર્મિક માન્યતાઓના ભાગ રૂપે રાખે છે.

બંને પક્ષો વચ્ચે ઉગ્ર દલીલો થઇ હતી જે ટૂંક સમયમાં મારામારી સુધી પહોંચી ગઇ હતી. જ્યારે પોલીસે દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે અમૃતપાલ નામના નિહંગે કથિત રીતે એક સિનિયર સબ-ઇન્સ્પેક્ટરના માથા પર તીક્ષ્ણ છરી વડે હુમલો કર્યો, જેનાથી તેઓ ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૯(૧) (હત્યાનો પ્રયાસ), ૧૯૧(૨) (રમખાણો), કલમ ૧૯૩(૩), ૩૫૨ (શાંતિનો ભંગ કરવાના ઇરાદાથી ઇરાદાપૂર્વક અપમાન) અને ૩૫૧(૩) (ગુનાહિત ધાકધમકી) હેઠળ બે અલગ અલગ કેસ નોંધવામાં આવ્યા છે. ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ હરપ્રીત સિંહ, અમૃતપાલ સિંહ, હરપ્રીત સેકંડ, બિંદર સિંહ, ગરજા સિંહ, હરજોત સિંહ અને ભોલા સિંહ તરીકે થઈ છે. બધા આરોપીઓ પંજાબના ફતેહગઢના રહેવાસી છે. પોલીસે જણાવ્યું કે કેસની તપાસ ચાલી રહી છે. ■

**અમરનાથયાત્રા પર ખતરો**

# બાલતાલમાં બનાવટી યાત્રા કાર્ડ પકડાયું

સુરેશ એસ ડુગ્ગર

જમ્મુ : પોલીસ અમરનાથયાત્રા પર કોઈ ખતરો નથી એમ બતાડી તો રહી છે, પરંતુ અંદરખાને એ ચિંતિત છે કે બનાવટી યાત્રા કાર્ડ ધરાવનાર ઈસમનો મકસદ શું હતો. પોલીસ આની જાણકારી મેળવી રહી છે.

પોલીસે મંગળવારે માહિતી આપી કે અમરનાથયાત્રાની પવિત્રતા અને સુરક્ષા જાળવી રાખવા મહત્ત્વનાં પગલાં લીધાં છે અને જમ્મુ અને કાશ્મીર પોલીસે એક ઈસમને બાલતાલમાં સુરક્ષા ચોકીમાં પ્રવેશ મેળવવા બનાવટી યાત્રા રજિસ્ટ્રેશન કાર્ડનો ઉપયોગ કરવા બદલ પકડ્યો હતો. તેની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કહ્યું હતું કે આરોપીની ઓળખાણ શિવમ મિતલના પુત્ર કૃષ્ણ મિતલ તરીકે થઈ છે. એ હરિયાણાના યમુનાનગર જિલ્લાના જગાધરીના દ્વારકાપુરીનો રહેવાસી છે. ઈસમે છેતરપિંડી કરીને બનાવટી યાત્રા કાર્ડ પ્રાપ્ત કર્યું. તેણે સુરક્ષા કર્મચારીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો. આ સંબંધમાં પોલીસ સ્ટેશન સોનમર્ગમાં કાયદાની વિવિધ કલમ હેઠળ એફઆઈઆર નંબર ૧૩/૨૦૨૫ નોંધાવામાં આવી છે. તપાસ શરૂ કરવામાં આવી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસ યાત્રાની અખંડતા અને સુરક્ષા જાળવવા પ્રતિબદ્ધ છે. આવા ગેરકાનૂની કામ કરનાર ઈસમ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસે જાહેર જનતાને અનુરોધ કર્યો છે કે જો તેમના ધ્યાનમાં કોઈ શંકાસ્પદ ગતિવિધિ કે યાત્રા સંબંધી બનાવટી દસ્તાવેજો માલૂમ જોવા મળે તોએ પોલીસને જણાવે.■

# શ્રીલંકાના નૌકાદળે સાત ભારતીય માછીમારની કરી ધરપકડ

કોલંબો : શ્રીલંકાના નૌકાદળે સોમવારે રાત્રે સાત ભારતીય માછીમારની ધરપકડ કરી હતી અને તેમની બોટ જપ્ત કરી હતી. તેમના પર શ્રીલંકાની દરિયાઈ સરહદમાં ગેરકાયદેસર માછીમારી કરવાનો આરોપ લગાવ્યો છે. આ ઘટના તલાઈમાન્નાર ક્ષેત્રમાં બની હતી અને છેલ્લા એક અઠવાડિયામાં આવી બીજી ઘટના છે. નૌકાદળે મંગળવારે આ માહિતી આપી હતી.

નૌકાદળના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા માછીમારો અને તેમના ટ્રોલરને મન્નારમાં ફિશરીઝ ઇન્સ્પેક્ટરેટને સોંપવામાં આવશે. અગાઉ રવિવારે આઠ ભારતીય માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી.

ભારત અને શ્રીલંકા બંને દેશોના માછીમારોને ઘણીવાર એકબીજાના પાણીમાં અજાણતા પ્રવેશ કરવા બદલ ધરપકડ કરવામાં આવે છે. માછીમારોનો આ મુદ્દો બંને દેશો વચ્ચે સંવેદનશીલ દ્વિપક્ષીય મુદ્દો બની ગયો છે.

ઘણી વખત શ્રીલંકાના નૌકાદળના કર્મચારીઓએ પાલ્ક સ્ટ્રેટમાં ભારતીય માછીમારો પર ગોળીબાર પણ કર્યો છે. અને શ્રીલંકાના પાણીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશવાની અનેક કથિત ઘટનાઓમાં તેમની બોટ પણ જપ્ત કરવામાં આવી છે. તમિલનાડુ અને શ્રીલંકાને અલગ કરતો પાલ્ક સ્ટ્રેટ બંને દેશોના માછીમારો માટે સમૃદ્ધ માછીમારી ક્ષેત્ર છે. ■

# રાયપુરમાં બસ ટ્રક સાથે અથડાતાં ત્રણનાં મોત, છને ઈજા

રાયપુર (છત્તીસગઢ): છત્તીસગઢની રાજધાની રાયપુરમાં એર ખાનગી બસ ટ્રર સાથે અથડાતાં બે પુરુષ અને એક મહિલાનાં મોત થયાં હતાં અને બીજા છ જણ ઘાયલ થયા હતા. પોલીસના સિનિયર સુપરિન્ટેન્ડન્ટ લાલ ઉમેદ સિંહે કહ્યું હતું કે અકસ્માત અહીંથી ૨૫ કિલોમીટર દૂર અભાનપુર પોલીસ સ્ટેશન હેઠળના ગામ કેન્દ્રીમાં સવારે થયો હતો. બસ જગદલપુર (બસતર જિલ્લા)થી રાયપુર જઈ રહી હતી.

બસ ઓવરટેક કરવાના પ્રયાસમાં ટ્રકના પાછળના ભાગ સાથે અથડાઈ હતી. બન્ને વાહન એક જ દિશામાં જઈ રહ્યા હતા. બસના ત્રણ ઉતારુ કોન્ડગાવના અઝહર અલી (૩૦), જગદલપુરના બલરામ પટેલ (૪૬) અને મહાસમુન્દના બરખા ઠાકુર (૩૧) ઘટનાસ્થળે મરણ પામ્યા હતા. બીજા છ ઉતારુ ઘાયલ થયા હતા.

અધિકારીએ કહ્યું હતું કે એલર્ટ મળતાં ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ મોકલવામાં આવી. પોલીસની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત પેસેન્જરને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેમને સારવાર બાદ રજા આપવામાં આવી હતી. બનાવને લીધે આ રૂટ પર વાહનોની અવરજવર અટકી ગઈ હતી આ અંગે કેસ નોંધવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# પહલગામ હુમલાને ભારતે ગણાવ્યું આર્થિક યુદ્ધ

## યુદ્ધવિરામમાં અમેરિકાની ભૂમિકા પર પણ સ્પષ્ટતા કરી

ન્યૂયોર્ક: ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને આર્થિક યુદ્ધ ગણાવ્યું છે. તેમણે કહ્યું કે આ હુમલાનો ઉદ્દેશ્ય કાશ્મીરમાં પર્યટનને નુકસાન પહોંચાડવાનો હતો. જયશંકરે સ્પષ્ટપણે કહ્યું કે જો ભારતને પરમાણુ હુમલાની ધમકી આપવામાં આવે તો પણ આતંકવાદ સામે કાર્યવાહી બંધ નહીં થાય. તેમજ યુદ્ધવિરામમાં અમેરિકાની ભૂમિકાના દાવાને નકારી કાઢ્યો હતો.

ન્યૂ યોર્કમાં મીડિયા સાથેની વાતચીતમાં એસ. જયશંકરે કહ્યું કે આ હુમલો ફક્ત લોકોને ડરાવવા માટે નહીં. પરંતુ કાશ્મીર માટે આવકના સૌથી મોટા સ્રોત પર્યટનને સમાપ્ત કરવાના ઇરાદાથી કરવામાં આવ્યો હતો. વિદેશ મંત્રીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના તે નિવેદનને ખોટું ગણાવ્યું જેમાં તેમણે કહ્યું હતું કે અમેરિકાએ વેપાર કરાર પર દબાણ લાવીને ભારત અને પાકિસ્તાનને યુદ્ધવિરામ માટે દબાણ કર્યું.

જયશંકરે કહ્યું, જ્યારે અમેરિકી ઉપપ્રમુખ જેડી વાન્સે ફોન પર વાત કરી ત્યારે હું પોતે વડા પ્રધાન મોદી સાથે હતો. તે વાતચીતમાં વેપાર કરારનો કોઈ ઉલ્લેખ નહોતો. તેમણે એમ પણ કહ્યું કે ભારત આતંકવાદ સામે ઊભું રહેશે અને કોઈ પણ ધમકી કે દબાણ આપણને રોકી શકશે નહીં.

વિદેશ મંત્રીએ મોટો ખુલાસો કર્યો કે ૯ મે ૨૦૨૫ ની રાત્રે જ્યારે પાકિસ્તાને ભારત પર મોટા હુમલાની ચેતવણી આપી હતી, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોઈપણ દબાણ કે ડરને અવગણીને કડક વલણ અપનાવ્યું હતું. એસ. જયશંકરે કહ્યું, જ્યારે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે પીએમ મોદી સાથે વાત કરી અને તેમને કહ્યું કે પાકિસ્તાન ભારત પર મોટો હુમલો કરવા જઈ રહ્યું છે, ત્યારે હું રૂમમાં હતો, પરંતુ અમે કેટલીક શરતો સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો અને વડા પ્રધાને પાકિસ્તાનની ધમકીની બિલકુલ પરવા નહોતી કરી. ■

# રિલાયન્સ અને એચડીએફસી બેંકની લેવાલીના ટેકાએ શૅરબજાર પોઝિટિવ ઝોનમાં પહોંચ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેંકમાં લેવાલીના ટેકાએ મંગળવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી રેન્જ-બાઉન્ડ ટ્રેડમાં વધીને બંધ થયા હતા. ૩૦ શેરો ધરાવતો બીએસઇ સેન્સેક્સ ૯૦.૮૩ પોઈન્ટ અથવા ૦.૧૧ ટકા વધીને ૮૩,૬૯૭.૨૯ પોઇન્ટની સપાટી પર બંધ થયા હતો, જેમાં તેના ૧૩ શેરોમાં સુધારો અને ૧૭ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન, સેન્સેક્સ ૨૬૭.૮૩ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા વધીને ૮૩,૮૭૪.૨૯ પોઇન્ટ સુધી આગળ વધ્યો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઇ નિફ્ટી ૨૪.૭૫ પોઈન્ટ અથવા ૦.૧૦ ટકા વધીને ૨૫,૫૪૧.૮૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો.

એશિયન બજારોમાં તેજી જોવા મળી હોવાથી મંગળવારે ભારતીય બેન્ચમાર્ક ઇક્વિટી સૂચકાંકો થોડા ઊંચા મથાળે ખુલ્યા હતા. જોકે, ગ્લોબલ ઇન્વેસ્ટર્સ અમેરિકન પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પની નવમી જુલાઈની ટેરિફ સમયમર્યાદા પૂરી થયા પહેલા અમેરિકા સાથેની વેપાર વાટાઘાટો પર નજર રાખી રહ્યા છે અને ઇક્વિટી માર્કેટમાં સાવચેતીનો માહોલ છે. પ્રારંભના સત્રમાં સેક્ટરલ ધોરણે રેમન્ડ, અનંત રાજ, ઓબેરોય રિયલ્ટી અને ડીએલએફમાં વધારાને કારણે નિફ્ટી રિયલ્ટી ૦.૭૦ ટકાથી વધુ વધ્યો હતો. નિફ્ટી બેંક, ઓટો, એફએમસીજી અને આઇટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ પણ થોડા ઊંચા મથાળે ખુલ્યા હતા. સત્રને અંતે સેન્સેક્સ કંપનીઓમાં, ભારત ઇલેક્ટ્રોનિક્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એશિયન પેઇન્ટ્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, કોટક મહિન્દ્રા બેંક અને એચડીએફસી બેંક ટોપ ગેઇનર્સ રહ્યાં હતાં. જ્યારે એક્સિસ બેંક, ટ્રેન્ટ, ઇટર્નલ અને ટેક મહિન્દ્રા ટોપ લુઝર્સની યાદીમાં હતા.

ડિજિટલ હેલ્થ, ફાર્મસી આર્મ્સને સૂચિબદ્ધ કરવા કંપની બોર્ડ દ્વારા મોચટી નવરચનાને મંજૂરી મળી હોવાની ચર્ચાએ એપોલો હોસ્પિટલ્સના શેરમાં ચાર ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. અંદાજે રૂ. ૯૮૯ કરોડના વિદેશી પાવર ટીએન્ડડી ઓર્ડર મળ્યાની ચર્ચા બાદ કલ્પતરુ પ્રોજેક્ટ્સના શેરમાં પાંચ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. જેએસડબલ્યુ પેઇન્ટ્સ લિમિટેડે એક્ઝોનોબલ એનવી અને તેના સહયોગીઓ પાસેથી એક્ઝોનોબલ ઇન્ડિયાનો ૭૪.૭૬ ટકા સુધીનો હિસ્સો ખરીદવા કરાર કર્યા છે, જેની મહત્તમ કિંમત રૂ. ૮,૯૮૬૧ કરોડ સુધી હશે. આ કરાર સીસીઆઇની મંજૂરી સહિતની શરતોને આધિન રહેશે.

એલેનબારી ઇન્ડસ્ટ્રીઝના શેર તેના રૂ. ૪૦૦ના ઇશ્યુ ભાવ સામે ૨૩ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૪૯૨ના ભાવે થયું હતું. ગ્લોબલ સિવિલના શેર ૨૮ ટકાના પ્રીમયમ સાથે થયું હતું. રેમન્ડ રિઅલ્ટીના શેર ડિમર્જર બાદ શેરબજાર પર લિસ્ટેડ થયા હતા અને રૂ. ૧૦૦૫ના ભાવે તેનું ટ્રેડિંગ શરૂ થયું હતું. હીરો મોટર્સે રૂ. ૧૨૦૦ કરોડના આઇપીઓ માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

સ્ટેટ એજન્સીઓ, ખાનગી કંપની પાસેથી રૂ. ૧,૬૯૧.૫૦ કરોડના બિલ્ડિંગ ઓર્ડર મળવાની ચર્ચાએ એનસીસીના શેરમાં ત્રણ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. પ્રથમ ક્વાર્ટરમાં વિતરણમાં ૩૧ ટકાના વધારા અને લોન બુક ૮૦,૦૦૦ કરોડ રૂપિયાની નજીક પહોંચી હોવાના અહેવાલો વચ્ચે ઇરેડાના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. રડાર, ઇવીએમ અને સંરક્ષણ પ્રણાલીઓ માટે ૫૨૮ કરોડ રૂપિયાના નવા ઓર્ડરના અહેવાલ બાદ બીઇએલના શેરમાં બે ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

કલ્પતરુ લિમિટેડના શેરનું નિરસ લિસ્ટિંગ થયું હતું, પરંતુ પાછળથી તે ૯.૪૨ ટકા ઊછળ્યો હતો. ડિઝાઇન, પ્રોસેસ એન્જિનિયરિંગ, એસેમ્બલીમાં એન્ડ ટુ એન્ડ સર્વિસ પ્રોવાઇડર ક્રાયોજેનિક ઓજીએસ લિમિટેડ ત્રીજી જુલાઇએ મૂડીબજારમાં પ્રવેશ કરશે અને પ્રાઇસ બેન્ડ રૂ. ૪૪થી રૂ. ૪૭ છે. કંપની સમગ્ર ભારતમાં તેલ અને ગેસ ટર્મિનલ ઓટોમેશન પ્રોજેક્ટને બાસ્કેટ સ્ટ્રેનર્સ, એર એલિમિનેટર, ટ્રક અને વેગન લોડિંગ સ્કિડ્સ જેવા મહત્વપૂર્ણ ઉત્પાદનો પૂરા પાડે છે. ભરણું સાતમી જુલાઈના રોજ બંધ થશે. રોકાણકારોનું ધ્યાન વૈશ્વિક સંકેતો પર, ખાસ કરીને યુ.એસ. વેપાર ચર્ચાઓમાં થયેલા વિકાસ પર કેન્દ્રિત રહ્યું હતું. ક્ષેત્રીય સૂચકાંકોમાં, અગિયાર મુખ્ય ક્ષેત્રોમાંથી ફક્ત ચાર ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જેમાં સમગ્ર સત્રમાં મોટાભાગે મિશ્ર કામગીરી જોવા મળી હતી. વ્યાપક બજારોમાં, નિફ્ટી મિડકેપ-૧૦૦ ઇન્ડેક્સ ૦.૦૪ ટકા વધ્યો, જ્યારે સ્મોલકેપ-૧૦૦ ઇન્ડેક્સ ૦.૦૭ ટકા ઘટ્યો હતો. આમ મિડ અને સ્મોલ કેપ શેરોમાં કોઈ સ્પષ્ટ દિશાનો અભાવ જોવા મળ્યો હતો.

ટોચના ટેકિનકલ એનાલિસ્ટે જણાવ્યું હતું કે નિફ્ટીએ ૨૫,૫૦૦ની સપાટી જાળવી છે એ મહત્ત્વની બાબત છે. આ સપાટીએ તાત્કાલિક ટેકો જણાય છે, જો આ સપાટી તૂટશે તો બજારમાં મોટી વેચવાલી જોવા મળશે.

# ડૉલર ઈન્ડેક્સે ૯૭ની સપાટી ગુમાવતા રૂપિયામાં ૧૭ પૈસાનો ચમકારો

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરે તેવો પ્રયાસ કરી રહ્યા હોવાથી ફેડરલ રિઝર્વની સ્વાયતતા જોખમાવાની ભીતિ સપાટી પર આવતા વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સે ૦.૪૬ ટકાના ઘટાડા સાથે ૯૭ની સપાટી ગુમાવી હતી. તેમ જ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૨૪ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૪૨ પૈસા મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસાના સુધારા સાથે ૮૫.૫૯ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં આજથી નવા મહિનાનો આરંભ થયો હોવાથી આયાતકારોની ડૉલરમાં લેવાલીમાં ઘટાડો થવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૬૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૬ અને ઉપરમાં ૮૫.૩૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસાના સુધારા સાથે ૮૫.૫૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૬ પૈસાનો ઘટાડો નોંધાયો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે જોખમી પરિબળોમાં ઘટાડો થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડાતરફી વલણ, સોનાના ભાવમાં ઘટાડો અને અમેરિકી બૉન્ડની યિલ્ડ ૪.૨ ટકા કરતાં નીચી સપાટીએ હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૫.૨૦થી ૮૫.૮૫ આસપાસની રહી શકે તેમ છતાં ક્રૂડતેલના ભાવમાં વધારો રૂપિયાને દબાણ હેઠળ રાખી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકાના ઘટાડા સાથે ૯૬.૪૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૫૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૯૦.૮૩ પૉઈન્ટના અને ૨૪.૭૫ પૉઈન્ટના સુધારા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૩૧.૫૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો અમુક અંશે મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વડા પ્રધાનને જાહેર વિતરણ પ્રણાલીની વ્યાપક સમીક્ષા માટે ગ્રેન ડીલર્સની અપીલ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: દેશની જાહેર વિતરણ પ્રણાલીમાં ઘણી ગેરવ્યવસ્થા અને નિરર્થકતાની ક્ષતિઓ દૂર કરવી આવશ્યક હોવાનું જણાવતાં સરકારને તેની વ્યાપક સમીક્ષા કરવાની અપીલ કરવામાં આવી છે. આ સંદર્ભે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા નાણાં પ્રધાન નિર્મલા સીતારામનને મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસિએશનના અધ્યક્ષ રમણિકલાલ જાદવજી છેડાએ સંયુક્ત રીતે પત્ર લખીને મફત રેશન યોજના, જાહેર વિતરણ પદ્ધતિ (પીડીએસ) તથા કૃષિ નીતિમાં વ્યાપક સુધારાઓ માટે વિચારણા કરવા અપીલ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે, મફત રેશન યોજનાનો ઉપયોગ ૬૦ ટકા લોકો કરતા નથી અને તે રેશન નકામું જાય છે. આ અનાજ ઘણીવાર પશુઓને ખવડાવાય છે અથવા વેપારીઓ દ્વારા રેશન કાર્ડસિવાય બારોબાર વેચાતું હોય છે. દર વર્ષે રૂપિયા બે લાખ કરોડથી વધુની સબસિડી અર્થહીન રીતે ખર્ચાય છે. એફસીઆઈ દ્વારા ખરીદાયેલ અનાજ સંગ્રહની સુવિધાના અભાવમાં નુકશાનમાં વેચવું પડે છે, જેનાથી નાણાકીય ભાર ઊભો થાય છે.છેડાએ પત્રમાં આ જુની પદ્ધતીના બદલે આધુનિક અભિગમ અપનાવવા કેટલીક માગ કરી છે, જેમ કે, આ રીતે અનાજ વેડફાય એના કરતાં લાભાર્થીઓના ખાતામાં સીધી નાણાંકીય સહાય ડીબીટી રૂપે જમા કરવી.

એ જ રીતે, પીડીએસ પદ્ધતિને આધુનિક, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવી. કૃષિ નીતિમાં વેપારી અને ઉદ્યોગજગતની સક્રિય ભાગીદારી અને તમામ રાજ્યોએ મંડી ટેક્સ અને ચાર્જિસને જીએસટીના માળખા હેઠળ લાવવાં. તેમણે જણાવ્યું છે કે આવી નીતિ પરિવર્તનોથી ખેડૂત, વેપારી અને યુવાનોને નવો માર્ગ મળશે, રોજગારીમાં વધારો થશે, દેશના અર્થતંત્રને મજબૂતી મળશે, સરકાર પર બોજો ઘટશે. મુંબઈ ગ્રેન ડીલર્સ એસોસિએશને આગ્રહપૂર્વક એવી માગણી કરી છે કે કેન્દ્ર સરકાર આ પ્રસ્તાવને ગંભીરતાથી લઈને યોગ્ય પગલાં ભરે અને એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરીને ઝડપી નીતિ સુધારાઓ અમલમાં લાવે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**રદ્ કરવા અંગેની નોટીસ**

ટેન્ડર નોટીસ નં.: BCT/ ૨૫-૨૬/૯૧, તારીખ: ૧૭.૦૬.૨૦૨૫, DOP: ૧૫.૦૭.૨૦૨૫. ટેક્નિકલ કારણોસર રદ્ કરવામાં આવેલ છે. તમામ નિયમો અને શરતો યથાવત્ રહે છે. 0350

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**રેસ્ટ હાઉસ અને સંલગ્ન સુવિધાઓનું વિસ્તરણ કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૧૦૪ તા. ૨૭.૦૬.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: બધવાર પાર્ક ઓફિસર્સ રેસ્ટ હાઉસ અને સંલગ્ન સુવિધાઓનું વિસ્તરણ કામ. કામની અંદા. કિંમત: ₹ ૨,૭૯,૫૮,૮૪૭.૬૫. બારડી: ₹ ૨,૮૯,૮૦૦/- સુપ્રતિની તારીખ & સમય: ૨૨.૦૭.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમય: ૨૨.૦૭.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0342

અમને લાઈક કરો: facebook.com/WesternRly


# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીનો ટેકો મળતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે માત્ર ઝિન્ક સ્લેબ અને નિકલમાં નિરસ માગે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એલ્યુમિનિયમમાં ટકેલું વલણ રહ્યું હતું. આ સિવાયની તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. બેથી ૧૩નો સુધારો આવ્યો હતો. આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૨૯૪૨ના મથાળે રહ્યા હતા.કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૬૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૭૭૮ અને રૂ. ૯૩૬, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૫૧, રૂ. ૮૪૩ અને રૂ. ૬૧૦ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૬૦ના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં ₹ ૧૮નો ઘટાડો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૮૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદર સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં વેચવાલીના દબાણ સામે માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.


**Public Notice**

Our clients are negotiating for the purchase of flat no. C301 and Flat no. B302 on the Third Floor in the building called **Avantika of Avantika Co-operation Housing Society at Birla Lane, Juhu Mumbai** from Smt. NIDHI JAWAHAR and Shri. RAJEEV JAWAHAR Respectively.

Any person who has any claims upon the above flat or any objection to the transfer thereof is requested to let us know the said objection or claims within a period of fourteen days to the undersigned at the following address.

Jyotsana Kondhalkar
Advocate
VBA LEGAL
Durga Chambers, 6'h Floor,
Waterfield Road, Bandra west,
Mumbai 400050
vbalaw@gmail.com


## ડૉલર ઈન્ડેક્સ ત્રણ વર્ષના તળિયે પહોંચતા વૈશ્વિક સોનામાં ૧.૪ ટકાની તેજી

# સ્થાનિકમાં સોનું ₹ ૧૫૪૪ ઉછળીને ફરી ₹ ૯૭,૦૦૦ની પાર, ચાંદી ₹ ૧૪૫૩ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ટૅરિફના અમલની નવમી તારીખ નજીક આવી રહી છે ત્યારે રાષ્ટ્રપતિ ડૉનલ્ડ ટ્રમ્પ ટૅરિફનો અમલ કરશે કે પછી ફરી મુદત લંબાવવામાં આવશે તેની અવઢવ ઉપરાંત ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ઘટીને લગભગ ત્રણ વર્ષની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૧.૪ ટકા જેટલા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૯ ટકા જેટલાં વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં હાજરમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૩૮થી ૧૫૪૪ ઉછળીને ફરી રૂ. ૯૭,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. તેમ જ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪૫૩ના ચમકારા સાથે રૂ. ૧,૦૭,૦૦૦ની લગોલગ પહોંચ્યા હતા.

આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૩૮ વધીને રૂ. ૯૭,૦૪૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૫૪૪ વધીને ૯૭,૪૩૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા મજબૂત રહ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થતાં વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટલે સ્તરની માગ શુષ્ક રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૫૩ વધીને રૂ. ૧,૦૭,૦૦૦ની લગોલગ રૂ. ૧,૦૬,૯૬૩ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૪૯.૩૨ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૬ ટકા વધીને ૩૩૬૧.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૩૬.૪૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ટ્રમ્પની ટૅરિફની મુદત લંબાવવામાં ન આવી હોવાથી વૈશ્વિક આર્થિક વૃદ્ધિની ચિંતા સપાટી પર આવતા સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું એબીસી રિફાઈન્રીનાં ઈન્સ્ટિટ્યૂશનલ માર્કેટનાં ગ્લોબલ હેડ નિકોલસ ફ્રેપલે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉનલ્ડ ટ્રમ્પે અમેરિકા-જાપાન વચ્ચેની વેપાર વાટાઘાટો અંગે નિરાશા વ્યક્ત કરી હતી અને અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બૅસન્ટે વેપારી ભાગીદાર દેશોને ઊંચા ટૅરિફની સૂચના આપવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. ગત બીજી એપ્રિલે ટ્રમ્પે ૧૦થી ૫૦ ટકા સુધીનાં ટૅરિફના દર નવમી જુલાઈથી અમલી થવાની જાહેરાત કરવામાં આવી હતી અને વેપારી ભાગીદાર દેશોને વેપાર કરાર કરવા માટે ૯૦ દિવસનો સમયગાળો આપવામાં આવ્યો હતો. વધુમાં ગઈકાલે ટ્રમ્પે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલને એક નોટ્સ લખી વ્યાજદરમાં કાપ મૂકવા અનુરોધ કર્યો હતો અને જાપાન તથા ડેન્કમાર્કના વ્યાજદર અનુક્રમે ૦.૫ ટકા અને ૧.૭૫ ટકાના સ્તરે હોવાનો નિર્દેશ પણ આપ્યો હતો. આમ વ્યાજદરમાં કાપ મૂકવાની ટ્રમ્પની હાકલને ધ્યાનમાં લેતા સોનામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું ફ્રેપલે જણાવ્યું હતું. જોકે, હવે રોકાણકારોની નજર આગામી ગુરુવારે જાહેર થનારા અમેરિકાનાં રોજગારીના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

વિભાગીય રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર માટે આમંત્રે છે.

| સિ. નં. | ટેન્ડર નોટિસ નંબર અને તારીખ | કામ અને સ્થળ | કામનો અંદાજિત ખર્ચ રૂ. | ઈએમડી |
|---|---|---|---|---|
| ૧ | BCT/૨૫-૨૬/૧૩૧ તા. ૨૭/૦૬/૨૦૨૫ | ઝોન ૮/એઃ- વિરાર-જોરાવાસણ સેકશનઃ સામાન્ય સમારકામ, કલરકામ, વ્હાઈટ વોશિંગ, કલર વોશિંગ, ડિસ્ટેમ્પરિંગ, પોલિશિંગ વગેરે- SSE /W/ દહાણુ રોડ વચ્ચે કિ.મી. ૬૦.૭૬થી ૧૪૫. ૧૩૦ કિ.મી. વચ્ચે વિરાર (excl) અને ઉંમરગામ (incl) વચ્ચેના અધિકારક્ષેત્રમાં. | રૂ. ૪૩,૨૬,૯૦૭.૫૦/- | રૂ. ૮૬,૫૦૦/- |
| ૨ | BCT/૨૫-૨૬/૧૩૨ તા. ૨૭/૦૬/૨૦૨૫ | ઝોન ૮/બીઃ- વિરાર-જોરાવાસણ સેકશનઃ ADEN/ દહાણુ રોડ/ કિ.મી. ૬૦.૭૬થી કિ.મી. ૧૪૫.૧૩ સેકશનના પુલનું સામાન્ય સમારકામ, કલરકામ વગેરે. | રૂ. ૭૭,૮૯,૩૩૪.૧૦/- | રૂ. ૧,૫૫,૮૦૦/- |
| ૩ | BCT/૨૫-૨૬/૧૩૩ તા. ૨૭/૦૬/૨૦૨૫ | ઝોન ૯/એઃ- વિરાર-જોરાવાસણ સેકશનઃ SSE/W/ વલસાડ વચ્ચે કિ.મી. ૧૪૫.૧૩૦થી કિ.મી. ૨૧૨ વચ્ચે ઉંમરગામ (excl) અને જોરાવાસણ (excl) વચ્ચે વલસાડ ખાતે લોકો શેડ C & W ડેપો સહિત સામાન્ય સમારકામ, કલરકામ, વ્હાઈટ વોશિંગ, કલર વોશિંગ, ડિસ્ટેમ્પરિંગ, પોલિશિંગ વગેરે. | રૂ. ૧,૩૨,૨૪,૫૦૨.૬૯/- | રૂ. ૨,૧૬,૧૦૦/- |
| ૪ | BCT/૨૫-૨૬/૧૩૪ તા. ૨૭/૦૬/૨૦૨૫ | ઝોન૯/બીઃ- વિરાર-જોરાવાસણ સેકશનઃ ADEN/ વલસાડ સેકશનમાં કિ.મી. ૧૪૫થી ૨૧૨ વચ્ચે પુલના સામાન્ય સમારકામ, કલરકામ વગેરે. | રૂ. ૭૯,૭૦,૧૩૪.૧૦/- | રૂ. ૧,૫૯,૪૦૦/- |

ઉપરના તમામ કામ માટે ટેન્ડર ભરવાની તારીખ અને સમયઃ ૨૫/૦૭/૨૦૨૫ બપોરે ૩:૦૦ સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૨૫/૦૭/૨૦૨૫ બપોરે ૩:૩૦ વાગ્યે. વધુ માહિતી માટે મહેરબાની કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. હસ્તલિખિત પ્રસ્તાવને ધ્યાન પર લેવામાં નહીં આવે. 0345

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly


## સોયા રિફાઈન્ડ અને દેશી તેલોમાં સુધારો

# જૂન મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૪.૬૬ ટકાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૭ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૬ રિંગિટ ઘટી આવ્યા હતા.

આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજો જળવાઈ રહેતાં હાજરમાં ૧૦ કિલોદીઠ આયાતી તેલના ભાવમાં સોયા રિફાઈન્ડના ભાવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ સરસવના ભાવમાં રૂ. ૨૫નો, સિંગતેલમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. જોકે, આજે આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાંટકેલું વલણ રહ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર ગત જાન્યુઆરીથી મે દરમિયાન ઈન્ડોનેશિયાની ક્રૂડ અને રિફાઈન્ડ પામતેલની નિકાસ ૮૩ લાખ ટનની સપાટીએ રહી છે. વધુમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત જૂન મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મે મહિનાના ૧૩,૨૦,૯૧૪ ટન સામે ૪.૬૬ ટકા વધીને ૧૩,૮૨,૪૬૦ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૪૫ અને રૂ. ૧૧૭૫, પતંજલિ ફૂડસના આરબીડી પામોલિનના રૂ. ૧૧૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૫ તથા રિલાયન્સ કન્ઝ્યુમર અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૧૯૦ અને રૂ. ૧૧૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

વધુમાં આજે ગોંડલની મંડીમાં મગફળીની ૨૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૮૦માં અને રાજકોટની મગફળીની ૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૫૦માં થયા હતા.

દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૪૦, સિંગતેલના રૂ. ૧૩૯૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સરસવના રૂ. ૧૫૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશની મંડીઓમાં સોયાસીડની ૧.૫૦ લાખ ગૂણીની આવક થઈ હોવાના તેમ જ જયપુરની મંડીઓમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૯૫૦થી ૬૯૭૫માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામો**

ડીવીજનલ રેલવે મેનેજર (WA) પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જી. ડિપા., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ **ઈ-ટેન્ડર** મંગાવે છે.

| અ. ક્ર. | ટેન્ડર નોટીસ નં. અને તારીખ | કામ અને સ્થળ | કામનો અંદા. ખર્ચ ₹માં | બારડી ₹ |
|---|---|---|---|---|
| 1 | BCT/25-26/105 dt.27.06.2025 | ઝોન-3A-1-નવા કામો અને તમામ સામાન્ય રીપેર્સ કામો મરીન લાઈન્સ-ખાસ સેકસનમાં - SSE(II)-મુંબઈ સેન્ટ્રલની હકૂમતમાં ADEN (W-S)-બાન્દ્રા હેઠળ | ₹75,00,000.00 | ₹1,50,000.00 |
| 2 | BCT/25-26/106 dt.27.06.2025 | ઝોન-3A-2-નવા કામો અને તમામ સામાન્ય રીપેર્સ કામ SSE(W)-બેમીની હકૂમતમાં ADEN (W-S) બાન્દ્રા હેઠળ | ₹99,75,331.09 | ₹1,99,500.00 |
| 3 | BCT/25-26/107 dt.27.06.2025 | ઝોન-4A- નવા કામો અને તમામ સામાન્ય રીપેર્સ કામ SSE(W-II)-લોઅર પરેલ, SSE(W-1)-PL અને SSE(W)- માટુંગા રોડની હકૂમતમાં ADEN (Est-S) લોઅર પટેલ હેઠળ | ₹93,22,739.35 | ₹1,86,500.00 |
| 4 | BCT/25-26/108 dt.27.06.2025 | ઝોન-4A-1- નવા કામો અને તમામ સામાન્ય રીપેર્સ કામ SSE(W)- પાલી હીલની હકૂમતમાં ADEN (W-S) બાન્દ્રા હેઠળ | ₹74,58,191.47 | ₹1,49,200.00 |
| 5 | BCT/25-26/109 dt.27.06.2025 | ઝોન-4A-2- નવા કામો અને તમામ સામાન્ય રીપેર્સ કામ SSE(W-II)- લોઅર પરેલની હકૂમતમાં (માત્ર MXEMU વર્કશોપ માટે) | ₹69,92,054.51 | ₹1,39,900.00 |
| 6 | BCT/25-26/110 dt.27.06.2025 | ઝોન-5- નવા કામો અને તમામ સામાન્ય રીપેર્સ કામ SSE(W)- લોઅર પરેલની હકૂમતમાં ADEN (Est-S)- લોઅર પરેલ હેઠળ | ₹67,88,991.68 | ₹1,35,800.00 |
| 7 | BCT/25-26/111 dt.27.06.2025 | ઝોન-**6A-1- સાંતાક્રુઝ-વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ અને પેઈન્ટીંગ, વ્હાઈટ વોશીંગ, કલર વોશીંગ, ડીસ્ટેમ્પરીંગ પોલીશીંગ ઈ. SSE(W-II) બોરીવલીની હકૂમતમાં સાંતાક્રુઝ (સહિત) અને વિરાર (સહિત) વચ્ચે જેમાં સમાવેશ છે તમામ સ્ટેશન બિલ્ડીંગ્સ, સ્ટેશન પ્રીમાયસીસ, સર્વિસ બિલ્ડીંગ્સ ઈ. પરંતુ સ્ટાફ ક્વા., કોલોનીઓ, FOBs, ROBs સિવાય. | ₹88,56,602.37 | ₹1,77,100.00 |
| 8 | BCT/25-26/112 dt.27.06.2025 | ઝોન-**6A-2- સાંતાક્રુઝ-વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ અને પેઈન્ટીંગ, વ્હાઈટ વોશીંગ, કલર વોશીંગ, ડીસ્ટેમ્પરીંગ પોલીશીંગ ઈ. SSE(W) સાંતાક્રુઝની હકૂમતમાં જેમાં સમાવેશ છે રેલવે ક્વાર્ટર્સ/કોલોની ખારથી અંધેરી વચ્ચે અને જોગેશ્વરી સાઉથ કોલોની. | ₹69,92,054.50 | ₹1,39,900.00 |
| 9 | BCT/25-26/113 dt.27.06.2025 | ઝોન-**7A- સાંતાક્રુઝ-વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ અને પેઈન્ટીંગ, વ્હાઈટ વોશીંગ, કલર વોશીંગ, ડીસ્ટેમ્પરીંગ પોલીશીંગ ઈ. રેલવે ક્વાર્ટર્સ/કોલોની માટે જોગેશ્વરીથી વિરાર વચ્ચે SSE(W) બોરીવલી હકૂમતમાં. | ₹65,25,917.53 | ₹1,30,500.00 |
| 10 | BCT/25-26/114 dt.27.06.2025 | ઝોન-**7A-1- સાંતાક્રુઝ-વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ અને પેઈન્ટીંગ, વ્હાઈટ વોશીંગ, કલર વોશીંગ, ડીસ્ટેમ્પરીંગ પોલીશીંગ ઈ. કાંદિવલી અને વિરાર કારશેડ માટે SSE(W) બોરીવલીની હકૂમતમાં. | ₹46,61,369.67 | ₹93,200.00 |
| 11 | BCT/25-26/115 dt.27.06.2025 | ઝોન-**A:- ચર્ચગેટ - વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ SE(W) બધવાર પાર્કની હકૂમતમાં બધવાર પાર્ક કોલોની ખાતેના સેકશનમાં રેલવે ઓફીસર્સ ફલેટસ/ક્વાર્ટર્સ, તમામ રીક્રીયેશનલ બિલ્ડીંગ્સ ઈ. સહિત બધવાર પાર્ક એરીયા ખાતે કોલાબામાં. | ₹75,54,489.00 | ₹1,51,100.00 |
| 12 | BCT/25-26/116 dt.27.06.2025 | ઝોન-**B:- ચર્ચગેટ - વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ SE(W) ચર્ચગેટની હકૂમતમાં ચર્ચગેટ (સહિત)થી મરીન લાઈન્સ (સિવાય) (સહિત) ચર્ચગેટ સ્ટેશન કોમ્પ્લેક્ષ સેકસનમાં તમામ રેલવે ઓફીસીસ જે તેમાં છે, પશ્ચિમ રેલવે HQ ઓફીસીસ, સર્વીસ બિલ્ડીંગ સાથે ચર્ચગેટમાં ચર્ચગેટ રેલવે ક્વા. સહિત. | ₹84,85,888.31 | ₹1,69,700.00 |
| 13 | BCT/25-26/117 dt.27.06.2025 | ઝોન-**C:- ચર્ચગેટ - વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ, SSE(W-1) મુંબઈ સેન્ટ્રલની હકૂમતમાં જેમાં સમાવેશ છે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન (મેન), J. R. હોસ્પિટલ, ક્વાર્ટર્સ J. R. હોસ્પિટલમાં, આગ્રીપાડા કોલોની, સ્કાય સ્ક્રેપર, 14 ઓફીસર્સ ફલેટ, રીઝર્વેશન ઓફીસ બિલ્ડીંગ્સ, DRMની ઓફીસ અને તમામ સર્વીસ બિલ્ડીંગ્સ મુંબઈ સેન્ટ્રલમાં. | ₹69,94,871.56 | ₹1,39,900.00 |
| 14 | BCT/25-26/118 dt.27.06.2025 | ઝોન **હોર્ટીકલ્ચરઃ ચર્ચગેટ - વિરાર સેકસનઃ** ગાર્ડન્સના વિકાસ, ફર્ટીલાઈઝર્સ, મેન્યોર સીડસ, પ્લાન્ટસ, ફલાવર પોટસ, ગાર્ડન ઈકવીપમેન્ટસ અને એસેસરીઝની સપ્લાય. | ₹30,97,259.86 | ₹62,000.00 |
| 15 | BCT/25-26/119 dt.27.06.2025 | ઝોન-**3C-1- મરીન લાઈન્સ - અંધેરી સેકસનઃ** જનરલ રીપેર્સ, પેઈન્ટીંગ, ઈ. ઝોનમાં SSE (બ્રીજ) - લોઅર પરેલની હકૂમતમાં મરીન લાઈન્સ (સહિત) અને અંધેરી સ્ટેશન વચ્ચે (સિવાય) FOBs, ROBs માટે માત્ર. | ₹63,30,678.90 | ₹1,26,600.00 |
| 16 | BCT/25-26/120 dt.27.06.2025 | ઝોન-**3C-2- અંધેરી - વિરાર સેકસનઃ** જનરલ રીપેર્સ, પેઈન્ટીંગ, ઈ. ઝોનમાં SSE (બ્રીજ) - બોરીવલીની હકૂમતમાં અંધેરી(સહિત) અને વિરાર (સહિત) વચ્ચે FOBs, ROBs માટે માત્ર. | ₹58,86,925.50 | ₹1,17,700.00 |

ઉપરોકત તમામ ટેન્ડર્સ માટે સુપ્રતિની તારીખ અને સમય માટેઃ **25.7.2025**ના **15** ક. સુધી. ખૂલવાની તારીખ અને સમયઃ 25.7.2025ના 15.30 ક. દરેક માટે. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટઃ **www.ireps.gov.in**ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર્સને ધ્યાનમાં લેવાશે નહીં.

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly 0346

શું થવા બેઠું છે આ જનરેશનનું...

# સગીર છોકરીએ ડેટિંગ માટે દબાણ કરતાં છોકરાએ ૩૨ માળની ઈમારતની ટેરેસ પરથી તેને ધક્કો માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાંડુપની પૉશ સોસાયટી મહિન્દ્રા સ્પ્લેન્ડરના ૩૨મા માળની બિલ્ડિંગની અગાશી પરથી સગીરાએ કૂદકો માર્યાની ઘટનાની તપાસમાં પોલીસને મળેલી ચોંકાવનારી માહિતીને પગલે સપ્તાહ બાદ સગીરાના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. છોકરી ડેટિંગ માટે દબાણ કરતી હોવાથી સગીર મિત્રએ તેને ૩૨મા માળની ટેરેસ પરથી ધક્કો મારી દીધો હતો અને શંકાની સોય પોતાની તરફ ન તકાય તેની પૂરતી તકેદારી લીધી હતી, પરંતુ છોકરાની વાર્તામાં રહેલાં છીંડાં પર ધ્યાન કેન્દ્રિત કરી પોલીસની ચતુરાઈપૂર્વકની તપાસે રહસ્ય પરથી પડદો ઊંચક્યો હતો. આ ઘટના વડીલોને વિચારતા કરી મૂકે છે કે શું થવા બેઠું છે આ જનરેશનનું!

મુલુંડમાં રહેતી ૧૫ વર્ષની છોકરી ૨૪ જૂનની સાંજે ૭.૪૫ વાગ્યાની આસપાસ ભાંડુપની મહિન્દ્રા સ્પ્લેન્ડરની ડી વિંગમાંથી જમીન પર પટકાઈને મૃત્યુ પામી હતી. છોકરી સોસાયટીની એ વિંગમાં રહેતા ૧૬ વર્ષના છોકરાને મળવા આવી હતી. શરૂઆતની પૂછપરછમાં છોકરાએ પોલીસને નિવેદન આપ્યું હતું કે છોકરી તેની મિત્ર હતી અને ભણતરને કારણે તે હતાશ હતી. વર્ગના વિદ્યાર્થીઓ ચીડવતા હોવાથી તે નારાજ હતી.

ઘટનાની સાંજે બન્ને વાતચીત કરવા ડી વિંગમાં લિફ્ટથી ૩૨મા માળે ગયાં હતાં. ત્યાંથી દાદર ઊતરીને ૩૦મા માળે આવ્યા પછી એકાએક છોકરીએ બારીમાંથી કૂદકો મારી આત્મહત્યા કરી હતી, એવું છોકરાએ અગાઉ જણાવ્યું હતું. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન શંકા ઉપજાવનારી કેટલીક બાબતો પોલીસ ઈન્સ્પેક્ટર વિનાયક જાધવની નજરમાં આવી હતી, જેના પરથી છોકરીએ આત્મહત્યા કરી હોવાની ખોટી વાર્તા છોકરાએ ઘડી કાઢી હોવાનું પોલીસને લાગ્યું

(જુઓ પાનું ૪) ▶▶

# નાના પટોલેની વિધાનસભામાં ધમાલ, સસ્પેન્ડ કરાયા

## કૉંગ્રેસી નેતા ખેડૂતોના અપમાનને મુદ્દે લોણીકર અને કોકાટેની માફીની માગણી સાથે સ્પીકર તરફ ધસી જતા ધાંધલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કૉંગ્રેસના વિધાનસભ્ય નાના પટોલેને મંગળવારે મહારાષ્ટ્ર વિધાનસભામાંથી એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, કારણ કે તેમણે ખેડૂતોનું અપમાન કરવાના આરોપમાં ભાજપના વિધાનસભ્ય બબનરાવ લોણીકર અને કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે સામે કાર્યવાહીની માગણી મુદ્દે આક્રમક થઈને પોડિયમ પર સ્પીકર ભણી ધસી ગયા હતા.



**તોફાન વિધાનસભામાં:** મહારાષ્ટ્ર વિધાનસભામાં મંગળવારે કૉંગ્રેસી વિધાન સભ્ય નાના પટોલે સ્પીકર ભણી ધસી ગયા હતા. (પીટીઆઈ)

ભૂતપૂર્વ સ્પીકર પટોલે સામેની કાર્યવાહી બાદ કૉંગ્રેસ અને અન્ય વિપક્ષી સભ્યોએ વિધાનસભામાંથી વોકઆઉટ કર્યું હતું અને આખા દિવસ માટે કાર્યવાહીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી.

બાદમાં, એક આક્રમક પટોલેએ પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ ખેડૂતો સંબંધિત મુદ્દાઓ ઉઠાવવામાં પીછેહઠ કરશે નહીં તેને માટે ભલે દરરોજ ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવે.

લોણીકરે તાજેતરમાં જાલના જિલ્લાના તેમના

(જુઓ પાનું ૪) ▶▶

# મુશ્કેલીમાં ફસાયેલી ન્યૂ ઈન્ડિયા કો-ઓપ. બેન્કની કમાન મળશે સારસ્વત બેન્કને

મુંબઇ: સહકારી બેંકિંગ ક્ષેત્રની સંકટમાં ફસાયેલી ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંક લિમિટેડની કમાન સારસ્વત સહકારી બેંક લિમિટેડ પોતાના હાથમાં લેશે. બેન્કે એવી બાયંધરી આપી છે કે ન્યૂ ઇન્ડિયા કો-ઓપ બેન્કના થાપણદારો મર્જર પ્રક્રિયા પૂરી થયા બાદ તેમનું સંપૂર્ણ નાણાં ભંડોળ પાછું મેળવી શકશે.

ભારતીય રિઝર્વ બેંક તરફથી આ બાબતને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઇ છે. સૂચિત મર્જરથી ન્યૂ ઇન્ડિયા કો-ઓપ બેન્કના ગ્રાહકોને મોટી રાહત મળશે.

૧૦૭ વર્ષ જૂનો વારસો ધરાવતી ભારતની સૌથી મોટી અર્બન કો-ઓપરેટિવ બેંક, એવી આ સહકારી બેન્કે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં કુલ ૯૧,૮૧૪ કરોડ રૂપિયાનો વ્યવસાય નોંધાવ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બેંકનો ચોખ્ખો નફો રૂ. ૫૧૮.૨૫ કરોડ રહ્યો હતો. ■

# ડોમ્બિવલીના રવીન્દ્ર ચવાણ મહારાષ્ટ્ર એકમના નવા કૅપ્ટન

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈ: ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ તરીકે ભૂતપૂર્વ પ્રધાન રવીન્દ્ર ચવાણની મંગળવારે અહીં યોજાયેલી એક બેઠકમાં સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી, જે મહત્વપૂર્ણ પાલિકા ચૂંટણીઓ પહેલાં મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેનું સ્થાન લેશે.

કેન્દ્રીય પ્રધાન અને ભાજપના કેન્દ્રીય નિરીક્ષક કિરણ રિજિજુએ બેઠક બાદ આ જાહેરાત કરી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નજીકના સહયોગી ચવાણ પાર્ટીના રાજ્ય એકમના બારમા પ્રમુખ બન્યા છે.

તેઓ બાવનકુળેના અનુગામી બન્યા છે, જેમણે ઓગસ્ટ ૨૦૨૨થી આ પદ સંભાળ્યું હતું.

ચવાણ આ વર્ષે જાન્યુઆરીથી મહારાષ્ટ્ર ભાજપના કાર્યકારી પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા.

થાણે જિલ્લાના ડોમ્બિવલી વિધાનસભા મતવિસ્તારથી ચાર વખત ચૂંટાયેલા ચવાણ ૨૦૧૬થી

(જુઓ પાનું ૪) ▶▶

# વર્સોવા-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટને વન ખાતાની મંજૂરી

## હવે મેનગ્રોવ્ઝ ડાઈવર્ઝન પ્રસ્તાવ પર હાઈ કોર્ટની પરવાનગી લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વર્સોવા-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટને મેનગ્રોવ્ઝ ડાઈવર્ઝન પ્રપોઝલને કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી પહેલા તબક્કાની સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. કોસ્ટલ રેગ્યુલેશન ઝોન મંજૂરી તેમ જ વન હસ્તાંતરણ પ્રસ્તાવને મંજૂરી ગયા બાદ મુંબઈ મહાનગરપાલિકા હવે

(જુઓ પાનું ૪) ▶▶

# ‘આઈ લવ યુ’ કહેવાથી જાતીય સંબંધનો ઈરાદો છતો નથી થયો: હાઈ કોર્ટની સ્પષ્ટતા

મુંબઈ: ‘આઈ લવ યુ’ કહેવું એ ફક્ત લાગણીઓની અભિવ્યક્તિ છે અને એમ કહેવાથી કોઇ જાતીય સંબંધનો ઇરાદો વ્યકત નથી થતો, એમ કહેતા બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેન્ચે ૨૦૧૫માં એક કિશોરી સાથે છેડતી કરવાના આરોપી ૩૫ વર્ષીય પુરુષને નિર્દોષ જાહેર કર્યો છે.

ન્યાયાધીશ ઉર્મિલા જોશી-ફાળકેની બેન્ચે સોમવારે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે કોઈપણ જાતીય કૃત્યમાં અયોગ્ય સ્પર્શ, બળજબરીથી કપડાં ઉતારવા, અભદ્ર હાવભાવ

(જુઓ પાનું ૪) ▶▶

# શનિવારે વીસ વર્ષે ઉદ્ધવ અને રાજ ઠાકરે એક મંચ પર આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્ય સરકાર દ્વારા શાળાઓમાં ત્રિભાષા નીતિ પાછી ખેંચવાના નિર્ણય બાદ શિવસેના (યુબીટી) અને મનસેએ મંગળવારે ‘મરાઠી વિજય દિવસ’ ઉજવવા માટે શનિવાર પાંચમી જુલાઈના રોજ મુંબઈમાં સંયુક્ત વિજય રેલીનું જાહેર આમંત્રણ જારી કર્યું છે. આ રેલીમાં બે દાયકામાં પહેલી વાર ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એક જ મંચ પર આવશે.

‘મરાઠીચા આવાઝ’ નામના સંયુક્ત આમંત્રણમાં, જે આ કાર્યક્રમની પ્રથમ સત્તાવાર જાહેરાત છે, તેમાં રાજ્યની ગ્રાફિક છબી સિવાય કોઈ પક્ષનું પ્રતીક કે ધ્વજ નથી. તેમાં પિતરાઈ ભાઈઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેના નામ યજમાન તરીકે ઉલ્લેખિત છે.

શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે મંગળવારે જણાવ્યું હતું કે, તેમના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે અને

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

|| જય શ્રી સેતરબાવા || || જય આઈ શ્રી આશાપુરા મા || || જય આઈ શ્રી હિંગલાજ મા ||





પ.પૂ.ગુરુવર્ય સંત શ્રી ઓધવરામજી મહારાજની ખમીરવંતી-ગૌરવવંતી ભાનુશાલી જ્ઞાતિની અનન્ય ભાવિ વિકાસ યાત્રાની ગૌરવગાથાના સાક્ષી

કચ્છ રત્ન એવૉર્ડ

★શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ અને ★ શ્રી સેતરબાવા તથા
★ આઈ શ્રી આશાપુરા મા મંદિર મંગે પરિવાર ટ્રસ્ટ ના ટ્રસ્ટી શ્રી
★ઈશાન્ય મુંબઈ ભારતીય જનતા પાર્ટી ના વાઈસ પ્રેસિડેન્ટ
★શ્રી શિવજી દેવજી મંગે પરિવાર તેમજ શ્રી સેતરબાવા ધામ તે મોથાળા ગામનું ગૌરવ એવા આપણા માનનીય યુવા સક્રિય કાર્યકર

શ્રી ભાવેશભાઈ મુરજીભાઈ ભાનુશાલી

આપ શ્રી ને તારીખ ૨૯ જૂન ૨૦૨૫ ના શુભ દિવસે ઘાટકોપર કચ્છ વાગડ વિકાસ સમાજ (ઘાટકોપર ગુજરાતી સમાજ પ્રેરિત) દ્વારા આયોજિત “આવઈ અષાઢી બીજ” કચ્છીયત સભર સંગીતમય કાર્યક્રમમાં “કચ્છ રત્ન એવૉર્ડ” થી સન્માનિત કરવામાં આવ્યા

સમસ્ત શ્રી શિવજી દેવજી મંગે પરિવાર એવમ્ શ્રી મોથાળા ભાનુશાલી મિત્ર મંડળ મહાજન અનહદ ગર્વની લાગણી અનુભવે છે. આ સન્માન-આ ઉપલબ્ધિ આપના જીવનમાં નવા સપનાઓ, નવી આશાઓ, વૈવિધ્યસભર પરિપ્રેક્ષ્ય લઈને આવે અને આપના પ્રત્યેક શુભ લક્ષ્યોને સફળતા અર્પિત કરે. આપ અનેક ચહેરાઓ ઉપરની અણમોલ ખુશી માટે નિમિત્ત બનો એવી અભ્યર્થના સહ..,

શ્રી મોથાળા ભાનુશાલી મિત્ર મંડળ એવમ્ મહાજન

શુભેચ્છકો:
(૧) શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ (૨) શ્રી સેતરબાવા તથા આઈ શ્રી આશાપુરા મા મંદિર મંગે પરિવાર ટ્રસ્ટ
(૩) શ્રી કચ્છી ભાનુશાલી દેશ મહાજન (૪) શ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ (રાતા તળાવ) શ્રી ઓધવરામ સત્સંગ મંડળ
(૫) ભાનુ ક્રાંતિ સેના (૬) હરિઓમ પરિવાર (૭) શ્રી જગડુશા નગર ભાનુશાલી મિત્ર મંડળ (૮) શ્રી મોથાળા પ્રગતિ ગ્રુપ
(૯) શ્રી મોથાળા ભાનુશાલી મિત્ર મંડળ એવમ્ મહાજન (૧૦) સમસ્ત શ્રી શિવજી દેવજી મંગે પરિવાર




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**